ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1120/260/છ, તા. 12-03-2020—થી મંજૂર

# સ્વ-અધ્યયનપોથી

# અર્થશાસ્ત્ર

## ધોરણ 12

### પ્રતિજ્ઞા પત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ સ્વ-અધ્યયનપોથીના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ સ્વ-અધ્યયનપોથીનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**લેખન-સંપાદન**
ડૉ. કાર્તિકેય એ. ભટ્ટ (કન્વીનર)
ડૉ. આર. એમ. શર્મા
ડૉ. પીન્કી જે. દેસાઈ
શ્રી પ્રદીપભાઈ જી. દવે
શ્રી ગૌતમભાઈ બી. વાઘેલા
શ્રી મનીષભાઈ એસ. શાહ
શ્રી સંજયભાઈ એલ. કામલિયા

**સમીક્ષા**
શ્રી પાર્થ આર. જોષી
શ્રી દીલીપકુમાર જી. ચૌહાણ
શ્રી દશરથલાલ પી. મોદી
શ્રી વી. આર. સુવાણ
શ્રી બાબુભાઈ ડી. ચાવડા
શ્રી કાન્તિભાઈ એન. ચૌધરી
શ્રી જીતેન્દ્રભાઈ એલ. વાળા
ડૉ. રસિકભાઈ એન. પટેલ
શ્રી જયંતિભાઈ જે. કલાલ

**ભાષાશુદ્ધિ**
શ્રી વિજય ટી. પારેખ

**સંયોજક**
ડૉ. ચિરાગ એન. શાહ
(વિષય-સંયોજક : કૉમર્સ)

**નિર્માણ-સંયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**નિર્માણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

NCERT, નવી દિલ્લી દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના અનુસંધાનમાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ધોરણ 8 થી 12ના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા. જેને ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આ નવા અભ્યાસક્રમો મુજબ પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં. તદનુસાર જૂન, 2016થી ધોરણ 9 અને 11નાં તથા જૂન, 2017થી ધોરણ 10 અને 12ની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા તૈયાર થયેલ પાઠ્યપુસ્તકો અમલમાં આવ્યાં છે.

નવા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોના પાઠ્યક્રમના શીખેલ વિષયવસ્તુને વિદ્યાર્થીઓ વધુ મહાવરા દ્વારા દૃઢ કરે અને તે દ્વારા પાઠ્યક્રમને સ્વ-પ્રયત્ને વધુ સારી રીતે આત્મસાત્ કરે તે હેતુથી ધોરણ 11 અને 12ના (1) નામાનાં મૂળતત્ત્વો (2) આંકડાશાસ્ત્ર (3) વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (4) અર્થશાસ્ત્ર (5) ગુજરાતી (પ્રથમ ભાષા) (6) અંગ્રેજી (દ્વિતીય ભાષા) મુખ્ય વિષયો માટેની સ્વ-અધ્યયનપોથી પ્રકાશિત કરવા અંગે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની શિક્ષણ સમિતિના આધારે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા જે-તે વિષયના તજ્જ્ઞો દ્વારા સ્વ-અધ્યયનપોથી તૈયાર કરાવવામાં આવી છે. દરેક વિષયની સ્વ-અધ્યયનપોથીની હસ્તપ્રતોની જે-તે વિષયના તજ્જ્ઞો દ્વારા ચકાસણી કરાવવામાં આવી છે અને ત્યાર બાદ જ તેને પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ સ્વ-અધ્યયનપોથીઓ વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર આનંદની લાગણી અનુભવે છે. દરેક સ્વ-અધ્યયનપોથીનાં સ્વાધ્યાયો જ્ઞાન, સમજ, ઉપયોજન, કૌશલ્યો વગેરે હેતુઓને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવ્યા છે.

સ્વ-અધ્યયનપોથીના નિર્માણ સમયે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જે-તે વિષયના પ્રશ્નપત્રનું જે પરિરૂપ તૈયાર કરવામાં આવ્યું છે તેને પણ દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવ્યું છે. આથી સ્વ-અધ્યયનપોથીમાંના પૂરતાં પ્રમાણમાં અપાયેલ સ્વાધ્યાયો વિદ્યાર્થીઓને જાહેર પરીક્ષાની તૈયારી માટે પણ ઉપયોગી નીવડશે.

દરેક સ્વ-અધ્યયનપોથી જે-તે વિષયના અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકને અનુરૂપ તૈયાર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકનો સઘન અભ્યાસ કરે અને તેમાં આપેલા બધા જ સ્વાધ્યાયો શિક્ષકની દેખરેખ નીચે તૈયાર કરે. ત્યાર બાદ સ્વ-અધ્યયનપોથીના સ્વાધ્યાયો પોતાની જાતે કરશે તો બધા મુખ્ય વિષયો પર વિદ્યાર્થીઓ સારું પ્રભુત્વ મેળવી શકશે અને વર્ષને અંતે લેવાનારી પરીક્ષા માટે પોતે તૈયાર છે એવો આત્મવિશ્વાસ તેમનામાં કેળવાશે. જરૂર જણાય ત્યાં વિષય-શિક્ષકની મદદ મેળવે અને શિક્ષક વ્યક્તિગત અને સામૂહિક રીતે જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓને મદદ કરે તથા માર્ગદર્શન પૂરું પાડે તે અપેક્ષિત છે.

સ્વ-અધ્યયનપોથી તૈયાર કરનાર સર્વે નિષ્ણાતોનો મંડળ આભાર માને છે.

સ્વ-અધ્યયનપોથી રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બને તે માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. આમ છતાં શિક્ષણવિદો અને તેનો ઉપયોગ કરનાર સર્વે વિદ્યાર્થી, શિક્ષકો અને વાલીઓનાં સૂચનો મંડળ સહર્ષ સ્વીકારશે.

**પી. ભારતી (IAS)**
નિયામક
તા. 19-09-2020

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : **2020**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી, પી. ભારતી, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની, તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની તથા તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની તથા તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે, શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | અર્થશાસ્ત્રમાં આલેખ | 1 |
| 2. | વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો | 15 |
| 3. | નાણું અને ફુગાવો | 27 |
| 4. | બૅન્કિંગ અને નાણાકીય નીતિ | 40 |
| 5. | ગરીબી | 54 |
| 6. | બેરોજગારી | 68 |
| 7. | વસ્તી | 83 |
| 8. | કૃષિક્ષેત્ર | 100 |
| 9. | વિદેશ વેપાર | 115 |
| 10. | ઉદ્યોગક્ષેત્ર | 129 |
| 11. | ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો | 142 |
| ● | આકૃતિ-વિશ્લેષણ | 156 |
| ● | જવાબો | 182 |
| ● | પ્રશ્નપત્રો | 185 |


●

# સ્વ-અધ્યયનપોથી વિશે...

સ્વ-અધ્યયનપોથી દ્વારા સ્વ-અધ્યયન માટેનો ઉત્તમ પ્રયોગ છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા આ નૂતન અભિગમ વિદ્યાર્થીજગત માટે હિતકારી સાબિત થાય તેમ છે. સ્વ-અધ્યયનનું શ્રેષ્ઠ ઉદાહરણ એકલવ્ય વિશે આપ ખૂબ જ સારી રીતે જાણો છો. તેણે જ્ઞાન-ઉપાર્જન માટે સ્વ-અધ્યયનનો માર્ગ અપનાવ્યો હતો. સ્વ-અધ્યયન દ્વારા આ એકલવ્ય, પાંડવપુત્ર અર્જુન કરતાં પણ વધારે પ્રતિભાશાળી સાબિત થયો. સ્વ-અધ્યયન દ્વારા વિદ્યાર્થી સર્વોચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે તે બાબતની સાક્ષી ઇતિહાસ આપે છે.

સ્વ-અધ્યયનપોથીના સથવારે અને શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ઊંચી ગુણવત્તા પ્રાપ્ત કરી શકે છે. વિદ્યાર્થી એકાગ્ર મને એકવાર સંપૂર્ણ પાઠનું વાચન-મનન કરી લીધા પછી સ્વ-અધ્યયનપોથીના તમામ પ્રશ્નોના જવાબો આપવાની શરૂઆત કરે એટલે તેનું સ્વ-અધ્યયન શરૂ થાય છે. સ્વ-અધ્યયનપોથીના કારણે વિદ્યાર્થીમાં રહેલી માનસિક અને બૌદ્ધિક શક્તિનો વિકાસ થાય છે. તેમનામાં કોઈ પણ અટપટા પ્રશ્નોનું અર્થઘટન કરવાની સૂઝ કેળવાય છે. તેના આત્મવિશ્વાસમાં વધારો થાય છે. તેના અક્ષરોમાં સુધારણા થાય છે. અઘરામાં અઘરા પ્રશ્નોના જવાબ આપી શકે છે. તેનામાં પરીક્ષા પૂર્વેની તૈયારી કરવાનો મહાવરો પ્રાપ્ત થાય છે.

વિદ્યાર્થી વર્ગમાં પોતાના વિષય-શિક્ષકના માર્ગદર્શન હેઠળ સ્વ-અધ્યયનપોથીના જવાબો આપતો હોવાથી તેની તમામ મુશ્કેલીઓનું નિવારણ થાય છે. કારણ કે તેને વિષય-શિક્ષકનું માર્ગદર્શન સતત મળતું રહેતું હોય છે. વિદ્યાર્થીઓમાં અધ્યયન માટેનો આત્મવિશ્વાસ બેવડાય છે. તેની સાથે-સાથે વાચન, અર્થગ્રહણ, પૃથક્કરણ, સંયોજન, રસદર્શન વગેરે અધ્યયનને લગતાં તમામ કૌશલ્યોની માત્રામાં સુધારો થાય છે. દુનિયાનાં વિકસિત રાષ્ટ્રોમાં સ્વ-અધ્યયનપોથીઓ દ્વારા અધ્યયન (Self-Learning by Assignment Book)નો પ્રયોગ શ્રેષ્ઠ સાબિત થયેલો છે. ભારતના ભૌગોલિક શાળાકીય પર્યાવરણ માટે આ એક મહત્ત્વાકાંક્ષી પ્રયોગ તરીકે ખૂબ જ અનુકૂળ આવશે અને પ્રગતિ કરવાનો અનેરો અવસર મળી રહેશે.

સ્વ-અધ્યયનપોથીમાં સ્વાધ્યાય-પ્રશ્નોના મુખ્ય ચાર હેતુઓ જેવા કે જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્યને પણ ધ્યાનમાં રાખીને રચવામાં આવ્યા છે. ધોરણ 12ના અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી સ્વ-અધ્યયનપોથીનું કાર્ય પોતાની જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર ઇચ્છા સાથે અને અંદર છુપાયેલી સુષુપ્ત શક્તિઓના પ્રગટીકરણ માટે કરશે, તો તમામ પ્રકારની આડે આવતી બધી જ અડચણો દૂર કરી શકશે. મિત્રો, તમે સ્વાધ્યાયકાર્ય આત્મવિશ્વાસ સાથે કરશો, તો તમારી સફળતાના તમામ દ્વાર ખૂલી જશે.

વિદ્યાર્થીમિત્રો, અર્થશાસ્ત્રનું વિષયવસ્તુ (content) સ્વ-અધ્યયન દ્વારા સરળ કરી શકાય તેવું છે. તેથી સ્વ-અધ્યયનપોથીના ઉપયોગથી તમારા મેળવેલા જ્ઞાનનું દૃઢીકરણ થશે. આ વિષયના સંદર્ભમાં આવતાં પારિભાષિક શબ્દો, સિદ્ધાંતો, ઉદાહરણો, આકૃતિઓ, આલેખ તેમજ સંકલ્પનાઓ વધુ સ્પષ્ટ થશે. તમારો સ્વ-અધ્યયન માટેનો મહાવરો વધશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

સ્વ-અધ્યયનપોથી અંગે તમારાં સૌનાં સૂચનો આવકાર્ય રહેશે.

**– લેખકો**

# 1 અર્થશાસ્ત્રમાં આલેખ

## પરિચય

**આકૃતિ અને આલેખનો અર્થ**

**આકૃતિનો અર્થ :** કાર્યકારણનો સંબંધ ધરાવતા ચલો વચ્ચેનો સંબંધ રેખાંકિત કરવામાં આવતાં જે ચિત્ર મળે તેને આકૃતિ કહે છે અથવા સ્વયંસ્પષ્ટ અવલોકિત માહિતીનું ચિત્ર દ્વારા પ્રતિનિધિત્વ એટલે આકૃતિ.

**આલેખનો અર્થ :** સતત આવૃત્તિ ધરાવતી માહિતી કે અસ્પષ્ટ આંકડાકીય માહિતી માટે આંકડાશાસ્ત્રની મદદથી સ્પષ્ટતા લાવીને દોરવામાં આવતા ચિત્રને આલેખ કહે છે અથવા સ્વયંસ્પષ્ટ ન હોય તેવી અવલોકિત માહિતીનું ચિત્ર દ્વારા પ્રતિનિધિત્વ એટલે આલેખ.

**અર્થશાસ્ત્રમાં આકૃતિ તથા આલેખનું મહત્ત્વ**

(1) અર્થશાસ્ત્રનો અભ્યાસ સરળ અને સ્પષ્ટ બને છે

(2) કેટલાંક પરિબળોનાં વિવિધ વર્ષોનાં વલણો સહેલાઈથી જોઈ શકાય છે

(3) અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રોમાં થતા ફેરફારો સહેલાઈથી સમજી શકાય છે

(4) અર્થતંત્રના કેટલાક પરિબળોની સરખામણી સહેલાઈથી કરી શકાય છે

(5) કેટલીક અઘરી બાબતો સમજવા-સમજાવવા પાછળ લખનાર અને વાંચનારનો સમય અને શક્તિ બચે છે

(6) અર્થશાસ્ત્રના કેટલાક અઘરા સિદ્ધાંતો સમજવા સરળ બને છે

**આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

(1) આકૃતિ અને આલેખના પ્રકારની પસંદગી અને રજૂઆત

(2) સ્પષ્ટતા

(3) ચોક્કસ સ્કેલ-માપ

(4) બંને ધરી પરની વિગતો સ્પષ્ટ દર્શાવવી

(5) આંકડાકીય માહિતીનો સ્રોત

(6) આંકડાકીય માહિતી ગણવાની રીત દર્શાવવી

**આકૃતિના પ્રકારો**

(1) સમય આધારિત રેખા-આકૃતિ

(2) સ્તંભ આકૃતિ અને તેના પ્રકારો-સાદી સ્તંભાકૃતિ, પાસપાસેની સ્તંભાકૃતિ, વિભાજિત સ્તંભાકૃતિ.

**સ્તંભાકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

(3) વૃત્તાંશ આકૃતિ : વૃત્તાંશ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

**આલેખના પ્રકારો :** સામાયિક શ્રેણીનાં વલણો દર્શાવતા આલેખો.

**અર્થશાસ્ત્રના અભ્યાસમાં ટેક્નોલૉજીનો ઉપયોગ**

**(A) કમ્પ્યૂટર ટેક્નોલૉજી :**

(1) પ્રેઝન્ટેશન બનાવવા - તૈયાર કરવા માટે

(2) એક્સલ વર્કશીટ

(3) આકૃતિ અને આલેખ દોરવા માટેના પ્રોગ્રામો

(4) અભ્યાસ-સામગ્રી સાચવવા માટે

(5) અન્ય સાધનો

**(B) ઈન્ટરનેટ ટેક્નોલૉજી :** હેતુના સંદર્ભમાં ઉપયોગ સમજીએ.

(1) ટ્યુટોરિયલ

(2) ત્વરિત શિક્ષણ કે જાણકારી

(3) વાંચવાલાયક સામગ્રી

(4) વિવિધ માહિતી મેળવવા

(5) અન્ય માહિતી મેળવવા

(6) આંકડાકીય માહિતી

**વિભાગ A**

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

**1.** અર્થશાસ્ત્રમાં વાસ્તવિક જીવનમાં બનતી કેવી ઘટનાઓની સમજૂતી અપાય છે ? ☐

(a) આર્થિક (b) સામાજિક (c) રાજકીય (d) ધાર્મિક

**2.** આકૃતિ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ? ☐

(a) સતત (b) અસતત (c) આધારિત (d) આદર્શ

**3.** આલેખ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ? ☐

(a) સતત (b) અસતત (c) વિષય આધારિત (d) આદર્શ

**4.** આજના સમયમાં ઈન્ટરનેટ માટે કયું વિધાન સાચું છે ? ☐

(a) યુવાનો માટેનું ફક્ત મનોરંજનનું સાધન છે.

(b) શાળાની સંપૂર્ણ અવેજીમાં આવતી સંસ્થા છે.

(c) અભ્યાસ માટે શિક્ષકની સંપૂર્ણ ફરજ બજાવે છે.

(d) અભ્યાસ માટેનું એક સાધન છે.

**5.** આર્થિક માહિતી અંગેની આધારભૂત ડેટાની C.D. કોણ તૈયાર કરે છે ?

(a) ખાનગી પ્રકાશકો
(b) શાળાઓ
(c) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે.
(d) સામાન્ય વ્યક્તિઓ

**6.** આલેખ દોરવા અને સમજવા માટે કયા શાસ્ત્રનું જ્ઞાન હોવું જરૂરી છે ?

(a) તર્કશાસ્ત્ર
(b) અર્થશાસ્ત્ર
(c) આંકડાશાસ્ત્ર
(d) સમાજશાસ્ત્ર

**7.** વૃત્તાંશ આકૃતિમાં વર્તુળનું કુલ ક્ષેત્રફળ કેટલું હોય છે ?

(a) $90^{o}$
(b) $180^{o}$
(c) $270^{o}$
(d) $360^{o}$

**8.** અર્થશાસ્ત્રમાં બે ચલ વચ્ચેના સંબંધની રેખા અને ઢાળ દર્શાવવા માટે કેવી આકૃતિ દોરી શકાય ?

(a) રેખા-આકૃતિ
(b) વર્તુળ આકૃતિ
(c) ચિત્રાકૃતિ
(d) વૃત્તાંશ આકૃતિ

**9.** આલેખ કે આકૃતિમાં X ધરી પર સામાન્ય રીતે શું દર્શાવાય છે ?

(a) વસ્તી વૃદ્ધિદર
(b) સ્વતંત્ર ચલ
(c) ભાવ વૃદ્ધિદર
(d) સાક્ષરતા-દર

**10.** આલેખ કે આકૃતિમાં Y ધરી પર સામાન્ય રીતે શું દર્શાવાય છે ?

(a) સમયગાળો
(b) પરતંત્ર ચલ
(c) દેશ
(d) વર્ષ

**11.** જે માહિતી માટે વૃત્તાંશ આકૃતિ દોરવામાં આવે છે તેના જેવી જ માહિતી માટે બીજી કઈ આકૃતિ દોરી શકાય ?

(a) વિભાજિત સ્તંભ આકૃતિ
(b) ચિત્રાકૃતિ
(c) સ્તંભ આકૃતિ
(d) રેખા-આકૃતિ

**12.** અર્થશાસ્ત્રના સિદ્ધાંતો કે અટપટી આંકડાકીય માહિતીને કોના દ્વારા ખૂબ જ સરળતાથી સમજાવી શકાય છે ?

(a) પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા
(b) પ્રવચન દ્વારા
(c) ચર્ચા દ્વારા
(d) ઈન્ટરનેટ દ્વારા

**13.** આંકડાકીય માહિતીને પ્રોસેસ કરવા માટેનો પ્રોગ્રામ કયો છે ? [ ]

(a) આલેખ (b) એક્સલ શીટ

(c) પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન (d) C.D.

**14.** શેના દ્વારા આંકડાકીય માહિતી માટે આકૃતિ અને આલેખો સચોટ માપ પ્રમાણે દોરી શકાય છે ? [ ]

(a) C.D. (c) એક્સલ શીટ

(b) પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન (d) ઈ-મેલ

**15.** ભારતમાં કેન્દ્ર સરકારના અંદાજપત્ર વિશેની માહિતી કઈ વેબસાઈટ પરથી મેળવી શકાય છે ? [ ]

(a) ગુજરાત સરકારની વેબસાઈટ (b) RBI ની વેબસાઈટ

(c) નાણાં મંત્રાલયની વેબસાઈટ (d) વેપાર મંત્રાલયની વેબસાઈટ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

**1.** આકૃતિ એટલે શું ?

**2.** વૃત્તાંશ આકૃતિમાં વૃત્તાંશ શોધવાની રીત જણાવો.

**3.** સામાન્ય રીતે આલેખ શેના પર દોરવામાં આવે છે ?

**4.** સ્તંભ આકૃતિના ત્રણ પ્રકારો જણાવો.

**5.** આલેખનો ઉપયોગ ક્યાં થતો નથી ?

**6.** સામાન્ય રીતે રેખા-આકૃતિ શું દર્શાવે છે ?

**7.** પારિભાષિક શબ્દ સમજાવો : આલેખ

8. પારિભાષિક શબ્દ સમજાવો : વૃત્તાંશ આકૃતિ

9. આકૃતિને આકર્ષક બનાવવા માટે શું કરવું જોઈએ ?

10. C.D. વાપરવાની કોઈ એક મુશ્કેલી જણાવો.

11. આજના આધુનિક યુગમાં કમ્પ્યૂટરની મદદથી ઊભા સ્તંભના બદલે કેવા સ્તંભ દોરવાની રીત પણ વધુ પ્રચલિત થઈ છે ?

12. આજના યુગમાં કમ્પ્યૂટરના મોટા ભાગનાં બધાં જ કાર્યો કોના દ્વારા પણ થઈ શકે છે ?

13. ઈન્ટરનેટ એ કઈ ટેકનોલોજીનું સ્વરૂપ છે ?

14. પૂર્ણ નામ આપો :
(1) CMIE (2) CSO (3) NSSO

15. આલેખ કેટલા ચતુર્થાંશ પર ફેલાઈ શકે છે ?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

1. આકૃતિ શા માટે દોરવામાં આવે છે ?

2. આલેખ શા માટે દોરવામાં આવે છે ?

3. અર્થશાસ્ત્રમાં આકૃતિ અને આલેખનું મહત્ત્વ જણાવો.

4. અભ્યાસ કરવામાં કમ્પ્યૂટર ટેક્નોલૉજી કઈ રીતે ઉપયોગી બને છે ?

5. વિશ્વસનીય સ્રોત કોને કહેવાય ?

6. આકૃતિના પ્રકાર જણાવો.

7. વૃત્તાંશ આકૃતિ દોરતી વખતે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

8. આલેખના પ્રકાર જણાવો.

9. સામાયિક શ્રેણીનાં વલણો દર્શાવતા આલેખો કોને કહેવાય ?

**10.** સ્તંભ આકૃતિ કોને કહેવાય ?

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

**1.** આકૃતિ અને આલેખ દોરતી વખતે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**2.** નીચે આપેલ માહિતીને આધારે સાદી સ્તંભ આકૃતિ દોરો :

| મહિના | વેચાણ (એકમમાં) |
|---|---|
| જાન્યુઆરી-ફેબ્રુઆરી | 35 |
| માર્ચ-એપ્રિલ | 60 |
| મે-જૂન | 65 |
| જુલાઈ-ઑગસ્ટ | 40 |
| સપ્ટેમ્બર-ઑક્ટોબર | 50 |
| નવેમ્બર-ડિસેમ્બર | 30 |

3. આકૃતિ અને આલેખ વચ્ચેનો તફાવત જણાવો.

4. ટૂંક નોંધ લખો : વૃતાંશ આકૃતિ

5. ટૂંક નોંધ લખો : અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પેક્ટ ડિસ્ક (C.D.)નો ઉપયોગ

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

**1.** પાસપાસેની સ્તંભ આકૃતિ સવિસ્તર સમજાવો.

**2.** વિભાજિત સ્તંભ આકૃતિ સવિસ્તર સમજાવો.

3. કમ્પ્યૂટર ટેક્નોલૉજીના ઉપયોગ વિશે સમજૂતી આપો.

**4.** ઈન્ટરનેટ ટેક્નોલૉજીનો ઉપયોગ સમજાવો.

**5.** નીચે આપેલી આંકડાકીય માહિતીને સાદી સ્તંભ-આકૃતિમાં દર્શાવી વિશ્લેષણ કરોઃ

**1951થી ભારતમાં વસ્તીવૃદ્ધિની ટકાવારી**

| સમયગાળો | 1951-1961 | 1961-1971 | 1971-1981 | 1981-1991 | 1991-2001 | 2001-2011 |
|---|---|---|---|---|---|---|
| દાયકા માટેનો વસ્તી વૃદ્ધિદર (ટકામાં) | 21.64 | 24.80 | 24.66 | 23.87 | 21.54 | 17.64 |

# 2 વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો

## પરિચય

આર્થિક વિકાસ અને આર્થિકવૃદ્ધિ ખૂબ પ્રચલિત શબ્દો છે. આજે વિકાસમાન અને વિકસિત બંને દેશોને આર્થિક વિકાસની જરૂરિયાત છે.

**વ્યાખ્યા/અર્થ**

(1) આર્થિક વૃદ્ધિ એટલે રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર અથવા વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-પ્રમાણમાં થતો વધારો.

(2) આર્થિક વિકાસ એ બહુ પરિમાણીય પ્રક્રિયા છે. લોકોની માથાદીઠ આવક વધે અને પ્રજાનું જીવનધોરણ ઊંચું આવે તે આર્થિક વિકાસ છે.

**આર્થિક વિકાસનાં લક્ષણો**

**આર્થિક વિકાસ અને આર્થિકવૃદ્ધિનો તફાવત**

**આર્થિક વિકાસના નિર્દેશકો :** આર્થિક વિકાસની કક્ષાને માપનાર નિર્દેશકો.

**(1) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર :** જો દેશની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા ગાળા સુધી સતત વધારો થાય તો આર્થિક વિકાસ થયો છે તેમ ગણાય. જો રાષ્ટ્રીય આવક ઊંચા દરે વધે તો વિકાસનો દર ઊંચો ગણાય. પરંતુ દેશની સાચી રાષ્ટ્રીય આવક ગણી શકાતી નથી તે આ નિર્દેશકની મર્યાદા છે.

**(2) માથાદીઠ આવકનો વૃદ્ધિદર :** જો દેશની વાસ્તવિક માથાદીઠ આવકમાં લાંબા ગાળા સુધી સતત વધારો થતો રહે, તો આર્થિક વિકાસ થયો છે તેમ કહેવાય. સંયુક્ત રાષ્ટ્ર સંઘના નિષ્ણાતો માથાદીઠ આવકના નિર્દેશકને સ્વીકારવાની હિમાયત કરે છે. પરંતુ માથાદીઠ આવકનો નિર્દેશક માનવવિકાસની ચર્ચા કરતું નથી તે આ નિર્દેશકની મર્યાદા છે.

**(3) જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (PQLI) :** નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત સંતોષાય આ બાબતને ધ્યાનમાં રાખીને મોરિસ ડેવિસ મોરિસે જીવનની ભૌતિક ગુણવત્તાના આંકની રજૂઆત કરી છે. તેમાં 3 ઘટકો છે : (i) શિક્ષણનું પ્રમાણ (ii) અપેક્ષિત આયુષ્ય (iii) બાળ મૃત્યુદર. આ દરેક નિદર્શને 100નો આંક અપાય છે. દેશની કામગીરીના આધારે 0 થી 100ના આંક વચ્ચે ગુણ મૂકવામાં આવે છે અને સરવાળો કરવામાં આવે છે. ત્યાર બાદ 3 વડે ભાગી સરેરાશ કાઢવામાં આવે છે. તે PQLI છે. જેમ PQLI નો આંક 100 ની નજીક તેમ ઉત્તમ કામગીરી અને આંક 0 ની નજીક તેમ કામગીરી ઊતરતી કક્ષાની ગણાય છે. PQLI ની મર્યાદા છે કે તે માત્ર સરેરાશ છે.

**(4) માનવવિકાસ આંક (HDI)** : વિકાસનો અદ્યતન નિર્દેશક માનવામાં આવે છે. 1990 માં UNDP દ્વારા HDR રજૂ થયા. આ અહેવાલમાં માનવવિકાસ આંક રજૂ થયા તેમાં પણ 3 ઘટકો છે : (i) અપેક્ષિત આયુષ્ય (ii) જ્ઞાન (શિક્ષણ) અને (iii) સારું જીવન: ધોરણ. આ 3 ના આધારે HDI નો આંક બને છે. આંક 0 થી 1 ની વચ્ચે હોય છે. જો દેશનો HDI નો આંક 1 ની નજીક હોય તો તે દેશ વિકસિત ગણાય છે અને આંક 0 ની નજીક (1 થી દૂર) હોય, તો વિકાસમાં દેશનો ક્રમ નીચો છે તેમ ગણાય છે. 2015 ના HDI ના અહેવાલમાં 0.944 ના મૂલ્ય સાથે નોર્વે દુનિયામાં પ્રથમ નંબરનું રાષ્ટ્ર, ભારત 0.609 ના અંક સાથે 130 મું સ્થાન અને 0.348 ના અંક સાથે નાઇઝર વિશ્વમાં સૌથી છેલ્લા ક્રમે છે.

**માનવવિકાસ આંકનું મહત્ત્વ અને મર્યાદાઓ :** માનવવિકાસ આંક આર્થિકની સાથે સામાજિક બાબતોને પણ ધ્યાનમાં લે છે. પરંતુ HDI નાં ત્રણેય નિદર્શ પરિબળોને સરખું મહત્ત્વ અપાયું છે તે યોગ્ય નથી. HDI ઉપરાંત વિકાસ અને વૃદ્ધિના અન્ય માપદંડો પણ છે. જેવા કે,

(1) GDI : જાતિય સમાયોજન આંક

(2) TAI : ટેક્નોલૉજી સિદ્ધિ આંક

(3) HPI : માનવગરીબી આંક

(4) HCI : માનવ-વપરાશ આંક

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

**1.** વિકાસમાન દેશોના આર્થિક પ્રશ્નોનું નિરાકરણ એ આર્થિક વિકાસ છે, જ્યારે વિકસિત દેશોના આર્થિક પ્રશ્નોનું નિરાકરણ આર્થિક વૃદ્ધિ છે. આ વિધાન કોનું છે ? ☐

(a) શ્રીમતિ ઉર્સુલા હિક્સ (b) શ્રીમતિ જહોન રોબિન્સ (c) આલ્ફ્રેડ માર્શલ (d) જે. એસ. મીલ

**2.** આર્થિકવૃદ્ધિમાં વધારો થવા માટે કોણ જવાબદાર છે ? ☐

(a) ઉત્પાદનનાં સાધનોના ભાવ (b) ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતા

(c) ઉત્પાદનનાં સાધનોના પ્રકાર (d) ઉત્પાદનનાં સાધનોની હાજરી

**3.** આર્થિકવૃદ્ધિમાં કયાં પરિવર્તનો જ ધ્યાનમાં લેવાય છે ? ☐

(a) ગુણાત્મક પરિવર્તન (b) કુદરતી પરિવર્તન (c) પરિમાણાત્મક પરિવર્તન (d) મોસમી પરિવર્તન

**4.** લોકોનું કલ્યાણ જાણવા કયો ખ્યાલ બહુ ઉપયોગી બનતો નથી ? ☐

(a) આર્થિક સમાનતા (b) માથાદીઠ આવક

(c) આર્થિક વિકાસ (d) આર્થિકવૃદ્ધિ

**5.** 'આર્થિક વિકાસ એ બહુ પરિમાણીય પ્રક્રિયા છે.' આ વ્યાખ્યા કોણે આપી છે ? ☐

(a) શ્રીમતિ ઉર્સુલા હિક્સ (b) મેકલપ

(c) જી. એમ. મેયર (d) માઇકલ ટોડેરો

**6.** સામાન્ય રીતે કઈ પ્રક્રિયા શરૂઆતમાં ઝડપી હોય છે પણ સમય જતા ધીમી પડે છે ? ☐

(a) ફુગાવાની (b) મૂડીરોકાણની

(c) વિકાસની (d) વૃદ્ધિની

**7.** કયાં નિષ્ણાંતો માથાદીઠ આવકના નિર્દેશકને સ્વીકારવાની હિમાયત કરે છે ? ☐

(a) સંયુક્ત રાષ્ટ્રસંઘ (b) WTO

(c) IMF (d) વિશ્વબૅન્ક

**8.** માનવવિકાસ આંકના નિર્દેશકને બીજી કઈ રીતે રજૂ કરી શકાય ? ☐

(a) સાપેક્ષ (b) 150ના અંકમાં

(c) 101ના અંકમાં (d) નિરપેક્ષ

**9.** જો બાળ મૃત્યુદર ઘટે તો દેશમાં આરોગ્યની સગવડમાં શો ફેરફાર થયો ગણાય ? ☐

(a) વધારો (b) સ્થિરતા

(c) ઘટાડો (d) નીચલી કક્ષા

**10.** PQLI માં 3 બાબતોમાં દેશને મળેલા ગુણના સરવાળાને કેટલા વડે ભાગીને સરેરાશ મેળવવામાં આવે છે ? ☐

(a) 2 (b) 3 (c) 4 (d) 1

**11.** નીચેનામાંથી કયા PQLI ની રચના અને તુલના ખોટી છે ? ☐

(a) શહેરી-ગ્રામીણ (b) પ્રાણી-જંગલ

(c) સ્ત્રી-પુરુષ (d) નોકરિયાત-વ્યાવસાયિક

**12.** કયા નિર્દેશકમાં સ્કુલિંગના સરેરાશ વર્ષ અને સ્કુલિંગનાં અપેક્ષિત વર્ષોને ધ્યાનમાં લેવામાં આવે છે. ☐

(a) HPI (b) PQLI

(c) HDI (d) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર

**13.** HDR 2015 માં નાઈઝરનો HDI કેટલો હતો ? ☐

(a) 0.538 (b) 0.188

(c) 0.348 (d) 0.609

**14.** કયો ખ્યાલ વધારે પ્રગતિશીલ ખ્યાલ છે ? ☐

(a) PQLI (b) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર

(c) માથાદીઠ આવકનો વૃદ્ધિદર (d) HDI

**15.** નીચેનામાંથી કયો આર્થિક વિકાસનો નિર્દેશક નથી ? ☐

(a) TAI (b) HPI

(c) HCI (d) NSO

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

**1.** બીજા વિશ્વયુદ્ધનો સમયગાળો કયો છે ?

**2.** આર્થિકવૃદ્ધિ કેવા પ્રકારનું પરિવર્તન છે ?

**3.** આર્થિક વિકાસને કારણે શ્રમની ગતિશીલતામાં શું પરિવર્તન આવે છે ?

**4.** આર્થિક વિકાસને આર્થિકવૃદ્ધિની જેમ સરળતાથી કેમ માપી શકાતો નથી ?

**5.** 'વિકાસ એટલે વૃદ્ધિ વત્તા પરિવર્તન આવું' કોણે જણાવ્યું છે ?

**6.** રાષ્ટ્રીય આવકના વૃદ્ધિદરના માપદંડમાં કઈ રાષ્ટ્રીય આવક અને કયા ભાવે ગણવામાં આવે છે ?

**7.** ભૌતિક જીવનની ગુણવત્તાના આંકમાં સમાવિષ્ટ ત્રણ ઘટકો જણાવો.

**8.** શિક્ષણનું પ્રમાણ કેવી રીતે જાણી શકાય છે ?

**9.** બાળ મૃત્યુદર શું દર્શાવે છે ?

**10.** 2003 પછી PQLI ને બદલે બીજી 3 બાબતોનો સમાવેશ કરી કયો આંક તૈયાર કરવામાં આવે છે ?

**11.** ઓછાં વજનવાળાં બાળકોની ટકાવારીને કઈ બાબત માટે ધ્યાનમાં લેવાય છે ?

**12.** 2015 માં HDI ના અહેવાલ પ્રમાણે વિશ્વના કેટલા દેશોને આવરી લેવાયા છે ?

**13.** સૌથી વધુ માનવવિકાસ ધરાવતાં રાષ્ટ્રોમાં સરેરાશ માનવવિકાસ આંકનું મૂલ્ય 2014 માં કેટલું છે ?

**14.** માનવવિકાસની દ્રષ્ટિએ વિશ્વના દેશોને કેટલા વિભાગમાં વહેંચવામાં આવે છે ?

**15.** HDI નું મૂલ્ય કેટલું હોય છે ? 2014 માં ભારતમાં HDI નું મૂલ્ય કેટલું હતું ?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

**1.** આર્થિકવૃદ્ધિમાં કઈ બાબતો જરૂરી છે ?

**2.** જીવનની ભૌતિક ગુણવત્તા એટલે શું ?

**3.** માનવવિકાસ અહેવાલ 2015 પ્રમાણે વર્ષ 2014માં માનવવિકાસ આંકની દ્રષ્ટિએ વિશ્વમાં કયો દેશ પ્રથમ અને છેલ્લાં ક્રમે હતાં?

**4.** માનવવિકાસ આંકની મર્યાદા જણાવો.

**5.** આર્થિક વિકાસને કારણે અર્થતંત્રમાં કયાં બે પરિવર્તનો આવે છે ?

**6.** જીવનની ભૌતિક ગુણવત્તાઆંકમાં સમાવિષ્ટ થતાં ઘટકો જણાવો.

**7.** 2015 ના માનવવિકાસ અહેવાલનાં તારણો જણાવો.

**8.** સારા જીવનધોરણમાં કઈ સગવડોને ધ્યાનમાં લેવાય છે.

**9.** PQLI માં ત્રણ જ બાબતો કેમ લેવાય છે ?

**10.** માથાદીઠ આવકના વૃદ્ધિદરના નિર્દેશકની મર્યાદાઓ જણાવો. આર્થિક વિકાસની મેકલપની વ્યાખ્યા રજૂ કરો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

**1.** માનવવિકાસ આંકનાં ઘટકો ટૂંકમાં રજૂ કરો.

2. આર્થિક વિકાસના ખ્યાલની મર્યાદા સમજાવો.

3. આર્થિકવૃદ્ધિના ખ્યાલની મર્યાદા સમજાવો.

**4.** જીવનની ભૌતિક ગુણવત્તાની મહત્ત્વની બાબતો જણાવો.

**5.** આર્થિક વિકાસના કોઈ પણ 3 લક્ષણો સમજાવો. રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર અને માથાદીઠ આવકનો વૃદ્ધિદર વચ્ચેનો તફાવત આપો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

**1.** આર્થિકવૃદ્ધિ અને આર્થિક વિકાસનો અર્થ આપી બંને વચ્ચેનો તફાવત રજૂ કરો.

**2.** આર્થિક વિકાસનો ખ્યાલ, વ્યાખ્યા અને લક્ષણો સમજાવો.

3. માનવવિકાસ આંકની રચના અને મહત્ત્વ સમજાવો.

4. રાષ્ટ્રીય આવક વૃદ્ધિદરનો માપદંડ સમજાવી તેની મર્યાદાઓ રજૂ કરો.

5. જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક વિગતે સમજાવો.

●

# 3 નાણું અને ફુગાવો

## પરિચય

**સાટાપ્રથાનો અર્થ :** વસ્તુ કે સેવાના બદલામાં અન્ય વસ્તુ કે સેવા મેળવવાની પ્રથા. આ પ્રથાને વસ્તુ વિનિમયની પ્રથા તરીકે પણ ઓળખવામાં આવે છે.

**સાટાપ્રથાની મર્યાદાઓ :** (1) જરૂરિયાતોનો પરસ્પર મેળ બેસાડવાની મુશ્કેલી (2) મૂલ્યના સંગ્રહની મુશ્કેલી અને (3) મૂલ્યના માપનની મુશ્કેલી

**નાણાંનો ઉદ્‌ભવ અને વિકાસ-નાણાંની ઉત્ક્રાંતિ :** વસ્તુ વિનિમયની પ્રથા અમલમાં હતી ત્યારે મૂલ્યસંગ્રહ અને વિનિમયને સરળ બનાવવા વસ્તુઓ અને પશુઓનો ઉપયોગ શરૂ થયો હતો. ખેતીપ્રધાન અર્થવ્યવસ્થામાં અનાજ ત્યાર બાદ કીમતી પથ્થરોનો ઉપયોગ - રાજાશાહી વ્યવસ્થા આવતા સિક્કાઓની શરૂઆત - લોકશાહીનો ઉદ્‌ભવ તથા ઔદ્યોગિકીકરણ આધુનિક નાંણાના સ્વરૂપ માટે મોટું પ્રેરક બળ બન્યા.

**નાણાંનો અર્થ અને કાર્યો :** રોબર્ટસનના મતે; વસ્તુઓ અને સેવાઓના બદલામાં જે સર્વસ્વીકૃત છે તે નાણું છે. નાણાંનાં કાર્યો નીચે પ્રમાણે છે : (1) વિનિમયના માધ્યમ તરીકેનું કાર્ય (2) મૂલ્યના સંગ્રાહક તરીકેનું કાર્ય (3) મૂલ્યના માપદંડ તરીકેનું કાર્ય.

**નાણાંના પ્રકારો**

(1) વસ્તુ નાણું
(2) પશુ નાણું
(3) ધાતુ નાણું
(4) કાગદી નાણું
(5) પ્લાસ્ટિક નાણું
(6) બૅન્ક નાણું (અદ્રશ્ય કે ઇ-મની)

**ફુગાવાનો સામાન્ય અર્થ :** સામાન્ય રીતે ભાવવધારો એટલે ફુગાવો.

**ફુગાવાની વ્યાખ્યા :** ડૉ. એ. પી. લર્નરના મતે, વસ્તુના પુરવઠા કરતાં તેની વધારે પ્રમાણમાં માંગ થાય તે સ્થિતિને ફુગાવો કહે છે.

**ફુગાવાનાં લક્ષણો :**

(1) ભાવસપાટીમાં સતત વધારો થાય છે.

(2) અર્થતંત્રનાં બધાં જ ક્ષેત્રોમાં ભાવો વધે છે.

(3) નાણાંનું મૂલ્ય (ખરીદશક્તિ) ઘટતું જાય છે.

(4) પૂર્ણ રોજગારીની સ્થિતિ પછી વધતી ભાવસપાટી ફુગાવો છે.

**ફુગાવાનાં કારણો :**

**માંગમાં વધારો :** માંગમાં વધારો થવાનાં કારણો નીચે પ્રમાણે છે : (1) નાણાંના પુરવઠામાં વધારો (2) સરકારના જાહેર ખર્ચમાં વધારો (3) વસ્તીવધારો.

માંગમાં વધારો થવાને લીધે ઉદ્‌ભવતા ફુગાવાને માંગપ્રેરિત ફુગાવો કહે છે.

**ઉત્પાદન-ખર્ચમાં વધારો :** કાચા માલની કિંમતોમાં, યંત્રોમાં, વીજળી, પાણીના દરોમાં, શ્રમિકોના વેતનમાં, વાહનવ્યવહાર ખર્ચમાં વધારો થવાને કારણે ફુગાવો ઉદ્‌ભવે છે. ખર્ચ વધવાના કારણે ઉદ્‌ભવતા ફુગાવાને ખર્ચપ્રેરિત ફુગાવો કહે છે.

**અન્ય કારણો :** (1) કરવેરા નીતિ (2) આયાતી વસ્તુની કિંમતમાં વધારો (3) અછત

**વિભાગ A**

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

**1.** કોઈપણ સમયે અને સ્થળે કોઈ સંશય કે વિશેષ તપાસ વિના જેના દ્વારા વસ્તુઓ અને સેવાઓનો વિનિમય થઈ શકે તેને નાણું કહેવાય. નાણાંની આ વ્યાખ્યા કયા અર્થશાસ્ત્રીએ આપેલ છે ? ☐

(a) માર્શલ (b) રોબર્ટસન

(c) માલ્થસ (d) ક્રાઉથર

**2.** માંગમાં વૃદ્ધિ થવાના કારણે થતા ભાવવધારાને કેવો ફુગાવો કહે છે ? ☐

(a) ખર્ચપ્રેરિત (b) માંગપ્રેરિત

(c) વેતનપ્રેરિત (d) નફાપ્રેરિત

**3.** સતત અને સર્વગ્રાહી ભાવવધારાની સ્થિતિમાં નાણાંનાં મૂલ્યનું શું થાય છે ? ☐

(a) વધે છે. (b) સ્થિર રહે છે.

(c) ઘટે છે. (d) વધે-ઘટે છે.

**4.** સરકારે કાયદા દ્વારા વધતા ભાવોને અટકાવેલા હોય, તો તેવો ભાવવધારો કયા પ્રકારનો ફુગાવો છે ? ☐

(a) છૂપો ફુગાવો (b) દોડતો ફુગાવો

(c) ખુલ્લો ફુગાવો (d) દાબેલો ફુગાવો

**5.** નીચેનામાંથી નાણાંના કયા વિકલ્પમાં મૂલ્યનો સૌથી સારી રીતે સંગ્રહ થઈ શકે છે ? ☐

(a) સિક્કા (b) અનાજ

(c) પશુ (d) મોતી

**6.** કઈ વ્યવસ્થામાં વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય માપવાનું અઘરું છે ? ☐

(a) નાણાં પદ્ધતિ (b) સાટાપદ્ધતિ

(c) સોના પદ્ધતિ (d) બીટ્-કોઈન પદ્ધતિ

**7.** નાણાંનું સૌથી અગત્યનું અને પાયાનું કાર્ય કયું છે ? ☐

(a) મૂડીરોકાણનું કાર્ય (b) સંપત્તિના સંગ્રાહક તરીકેનું

(c) વિનિમયના માધ્યમ તરીકેનું (d) ભવિષ્યના ભાવો નક્કી કરવાનું

**8.** વાસ્તવિક આવક કરતાં નાણાકીય આવક વધારે ઝડપથી વધે તેને ફુગાવો કહે છે. ફુગાવાની આ વ્યાખ્યા કયા અર્થશાસ્ત્રીએ આપી છે ? ☐

(a) માર્શલે (b) લર્નરે

(c) પીગુએ (d) ક્રાઉથરે

**9.** ફુગાવાની સાચી સ્થિતિ સાધનોને પૂર્ણ રોજગારી પછી પણ નાણાકીય આવક વધે, તો સર્જાય છે તેવું કોણ માને છે ? ☐

(a) કેઇન્સ (b) માર્શલ

(c) લર્નર (d) પિગુ

**10.** નાણાવાદીઓ ફુગાવાને કેવી ઘટના માને છે ? ☐

(a) સામાજિક (b) નાણાકીય

(c) રાજકીય (d) માનસિક

**11.** ફુગાવાના મૂળમાં કેટલાં કારણો છે ? ☐

(a) ચાર (b) ત્રણ

(c) બે (d) પાંચ

**12.** ઊંચા દરે વધતા કરવેરાથી ભાવમાં શું અસર થાય છે ? ☐

(a) ભાવ સ્થિર રહે છે. (b) ભાવ ઘટે છે.

(c) ભાવ વધે-ઘટે છે. (d) ભાવ વધે છે.

**13.** ભારતમાં જરૂરી પેટ્રોલિયમ પેદાશના કેટલા ટકા પુરવઠો આયાત દ્વારા પૂરો પાડવામાં આવે છે ? ☐

(a) 70 (b) 60

(c) 80 (d) 75

**14.** નીચેનામાંથી કયું કારણ માંગપ્રેરિત ફુગાવા માટે જવાબદાર નથી ? ☐

(a) નાણાંના પુરવઠામાં વધારો (b) વસ્તીવધારો

(c) સરકારના જાહેર ખર્ચમાં વધારો (d) ઉત્પાદન-ખર્ચમાં વધારો

**15.** નીચેનામાંથી બૅન્ક નાણાંનું આધુનિક સ્વરૂપ કયું છે ? ☐

(a) ચલણી નોટો (b) ચેક

(c) ડ્રાફ્ટ (d) પ્લાસ્ટિક નાણું

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

**1.** આધુનિક આર્થિક જગતમાં તમામ આર્થિક પ્રવૃત્તિનાં કેન્દ્રસ્થાને કોણ છે ?

**2.** અવિભાજ્ય અને વિભાજ્ય વસ્તુઓ વચ્ચેનો વિનિમય કઈ પદ્ધતિમાં અઘરો બને છે ?

**3.** વસ્તુ વિનિમયની પ્રથાનો અર્થ આપો.

**4.** પ્રાચીન ભારતમાં સંપત્તિ તરીકે વપરાતા એક પ્રાણીનું નામ આપો.

**5.** રાજાશાહી અર્થવ્યવસ્થા આવતા કયા નાણાંની શરૂઆત થઈ ?

**6.** રોબર્ટસને આપેલી નાણાંની વ્યાખ્યા જણાવો.

**7.** લર્નરે આપેલી ફુગાવાની વ્યાખ્યા આપો.

**8.** નાણાંના પ્રકારો જણાવો.

**9.** ફુગાવાનો અર્થ આપો.

**10.** અછત અને ફુગાવા વચ્ચે શો સંબંધ છે ?

**11.** ડૉ. એ. સી. પિગુએ આપેલી ફુગાવાની વ્યાખ્યા જણાવો.

**12.** પૂર્ણ રોજગારી પછી નાણાકિય આવક વધે તો શું સર્જાય છે ?

**13.** માંગપ્રેરિત ફુગાવો કોને કહેવાય ?

**14.** ખર્ચપ્રેરિત ફુગાવો કોને કહેવાય ?

**15.** માંગમાં અને ખર્ચમાં વધારા સિવાય પણ ટૂંકા ગાળામાં કયાં પરિબળો ભાવવધારાને તીવ્ર બનાવે છે ?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

**1.** સાટા પદ્ધતિમાં જરૂરિયાતનો પરસ્પર મેળ બેસાડવાની મુશ્કેલી સમજાવો.

**2.** નાણાંના વિનિમયના માધ્યમ તરીકેના કાર્યને સમજાવો.

**3.** નાણાંના મૂલ્યના સંગ્રાહક તરીકેના કાર્યને સમજાવો.

4. ફુગાવાનાં લક્ષણો જણાવો.

5. ફુગાવાનાં કારણોના માત્ર મુદ્દાઓ જણાવો.

6. આયાતી વસ્તુની કિંમતમાં થતો વધારો કઈ રીતે ફુગાવામાં વધારો કરે છે ?

7. કરવેરા-નીતિ કઈ રીતે ફુગાવા માટે જવાબદાર બની શકે ?

8. ચીજવસ્તુઓની અછત કઈ રીતે ફુગાવા માટે જવાબદાર બની શકે છે ?

9. વસ્તીવધારાની ફુગાવા પરની અસર જણાવો.

10. વિધાન સમજાવો : ''નાણાંના પુરવઠામાં વધારો ફુગાવાનું સર્જન કરે છે.''

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

**1.** ફુગાવાનો અર્થ આપી તેનાં લક્ષણો જણાવો.

**2.** ટૂંક નોંધ લખો : નાણાંનો ઉદ્ભવ અને વિકાસ

3. ખૂબ વધુ નાણું ઓછી વસ્તુઓને પકડવા દોડે છે ત્યારે ફુગાવો સર્જાય છે. વિધાન સમજાવો.

4. નાણાંનાં કાર્યો સમજાવો.

5. ખર્ચમાં વધારો કઈ રીતે ફુગાવામાં વધારો કરે છે તે સમજાવો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

1. સાટા પ્રથાનો અર્થ આપી તેની મર્યાદાઓ સમજાવો.

**2.** નાણાંનો અર્થ આપી નાણાંનાં કાર્યો સમજાવો.

**3.** ફુગાવાની વ્યાખ્યા આપી ફુગાવાનાં કારણો ચર્ચો.

**4.** નાણાંનો ઉદ્ભવ અને વિકાસ જણાવી નાણાંનાં કાર્યો જણાવો.

**5.** ફુગાવાની વિવિધ વ્યાખ્યાઓ આપી તેનાં લક્ષણો સ્પષ્ટ કરો.

●

# 4 બૅન્કિંગ અને નાણાકીય નીતિ

## પરિચય

**બૅન્કોનો ઉદ્ભવ અને અર્થ**

**ઉદ્ભવ :** અંગ્રેજીમાં બૅન્ક (bank) શબ્દ ફ્રાંસ અને ઇટાલીના શબ્દો 'Banca' અને 'Banque' પરથી ઊતરી આવ્યો છે.

**અર્થ :** માંગવામાં આવે એટલે નાણાં પરત કરવાની શરતે ધિરાણ કરવાના હેતુથી બચતો એકત્રિત કરતી સંસ્થાને બૅન્ક કહે છે.

**બૅન્કોનું વર્ગીકરણ (મુખ્ય પ્રકારો) :** સામાન્ય રીતે બૅન્ક બે પ્રકારની હોય છે : (1) વાણિજ્ય/વેપારી બૅન્ક (2) મધ્યસ્થ બૅન્ક

**વેપારી બૅન્ક : અર્થ :** વેપારી બૅન્ક એટલે એવી સંસ્થા જે બૅન્કિંગ અંગેના વ્યવહારો કરે એટલે કે દેશમાં રોકાણ વધારવા માટે પ્રજાની થાપણો સ્વીકારે જે ગ્રાહકને જરૂર પડે પાછી મળે અને જેમાંથી ચેક, ડ્રાફ્ટ, પે-ઑર્ડર વગેરે દ્વારા ઉપાડ થઈ શકે.

**વેપારી બૅન્કનાં કાર્યો :** વેપારી બૅન્કો અનેક કાર્યો કરે છે, જે નીચે મુજબના હોય છેઃ

**[A] વેપારી બૅન્કોનાં મુખ્ય કાર્યો :**

(1) થાપણો સ્વીકારવી
(2) ધિરાણની સવલતો પૂરી પાડવી.
(3) ચૂકવણી અને ઉપાડની સવલત પૂરી પાડવાની કામગીરી
(4) શાખસર્જનની કામગીરી
(5) આંતર બૅન્કિંગ વ્યવહારો કરવા

**[B] વેપારી બૅન્કોનાં ગૌણ કાર્યો :**

(1) ગ્રાહકોના એજન્ટ તરીકે તથા ઉપયોગી સેવાઓ પૂરી પાડવાનું કાર્ય.

(2) બદલાતા સમય સાથે આધુનિક સેવાઓ પૂરી પાડવાનું કાર્ય.

**ભારતમાં વેપારી બૅન્કોનું અસ્તિત્વ**

- શિડ્યુલ બૅન્કો
  - વેપારી બૅન્કો
    - જાહેર ક્ષેત્રની વેપારી બૅન્કો
    - ખાનગી ક્ષેત્રની વેપારી બૅન્કો
    - ભારતમાં કામ કરતી વિદેશી બૅન્કો
    - પ્રાદેશિક ગ્રામીણ બૅન્કો
  - સહકારી બૅન્કો

**મધ્યસ્થ બૅન્ક :**

**અર્થ :** મધ્યસ્થ બૅન્ક એટલે દેશની સર્વોચ્ચ બૅન્ક જેનું મુખ્ય કાર્ય નાણાબજાર અને બૅન્કિંગ ક્ષેત્રને મદદ કરવાનું, તેનું નિયંત્રણ કરવાનું અને તેને પ્રોત્સાહન આપવાનું છે તથા દેશના આર્થિક હિત માટે નાણાકીય સ્થિરતા જાળવવાનું છે.

**ભારતીય રિઝર્વ બૅન્ક :** R.B.I. ની સ્થાપના એપ્રિલ 1, 1935 માં થઈ હતી જ્યારે જાન્યુઆરી 1, 1949 માં R.B.I. નું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

**રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનાં કાર્યો :** ભારતની સર્વોચ્ચ બૅન્ક તરીકે R.B.I. નીચેનાં કાર્યો કરે છે :

**[A] R.B.I. ની નાણાકીય જવાબદારીઓ / R.B.I. નાં નાણાકીય કાર્યો**

(1) ચલણ બહાર પાડવાનું કાર્ય

(2) સરકારની બૅન્કર તરીકેનું કાર્ય

(3) બૅન્કોની બૅન્ક અને બૅન્કોના અંતિમ સહાયક તરીકેનું કાર્ય

(4) શાખ-નિયમનની કામગીરી

(5) વિદેશી હૂંડિયામણની જાળવણીનું કાર્ય

**[B] R.B.I.નાં બિનનાણાકીય કાર્યો**

(1) નિયમન અને દેખરેખની કામગીરી

(2) પ્રોત્સાહનનાં કાર્યો

(3) સમાવેશી વિકાસ માટેનાં કાર્યો

**નાણાકીય નીતિ :** દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને પ્રજાનું હિત જાળવીને આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બૅન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ.

**નાણાકીય નીતિનાં સાધનો :** નાણાકીય નીતિનાં મુખ્ય સાધનો નીચે મુજબ સમજાવી શકાય :

**[A] પરિમાણાત્મક સાધનો :**

સમગ્ર અર્થતંત્ર પર એકસરખી અસર પહોંચાડે તેવાં સાધનો

(1) બૅન્ક-રેટ

(2) રેપોરેટ અને રીવર્સ રેપોરેટ

(3) કપરા સમયમાં સ્થિરતા લાવવા માટેની જોગવાઈ

(4) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર

(5) કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ

(6) ખુલ્લાં બજારનાં કાર્યો

(7) સ્ટરિલાઇઝેશનની નીતિ

**[B] ગુણાત્મક સાધનો :** જરૂરી ક્ષેત્રો માટે જ તર્કપૂર્વક વપરાતાં સાધનો. આ સાધનો બધાં ક્ષેત્રો પર એકસરખી અસર પહોંચાડવા માટે હોતા નથી.

(1) સલામતીની જરૂરિયાત

(2) માર્જિનની જરૂરિયાત

(3) ધિરાણની ટોચ-મર્યાદા

(4) ભેદભાવયુક્ત / ભેદપારખું વ્યાજના દર

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

**1.** સંસ્કૃત ભાષામાં બૅન્કનો મળતો આવતો શબ્દ કયો છે ?

(a) ધંધો (b) વ્યવસાય

(c) પાટલી (d) ભાંડ

**2.** 'બૅન્ક શબ્દ'ને નીચેનામાંથી કોની સાથે સંબંધ છે ?

(a) નાણાંપ્રાપ્તિ (b) નાણાંનો ઉપયોગ

(c) નાણાંનાં ભંડોળ (d) લેવડ-દેવડ

**3.** વિશ્વની સૌપ્રથમ બૅન્ક કયા વર્ષમાં સ્થપાયેલી હતી ?

(a) ઈ.સ. 1401 (b) ઈ.સ. 1601

(c) ઈ.સ. 1201 (d) ઈ.સ. 1570

**4.** વિશ્વની સૌપ્રથમ બૅન્ક કયા દેશમાં સ્થપાયેલી હતી ?

(a) જાપાન (b) સ્પેઇન

(c) રશિયા (d) શ્રીલંકા

**5.** વેપારી બૅન્કનું લાંબા ગાળાનું ધિરાણ સૈદ્ધાંતિક રીતે કેટલાં વર્ષ સુધીનું હોય છે ?

(a) 1 વર્ષ (b) 1 થી 3 વર્ષ

(c) 1 થી 5 વર્ષ (d) 5 થી 15 વર્ષ

**6.** સામાન્યરીતે કયા ખાતાની થાપણો વધુ તરલ હોય છે ?

(a) ચાલુ (b) બચત

(c) રીકરિંગ (d) મુદતી

**7.** કયા પ્રકારની થાપણો પર બૅન્ક સૌથી વધુ વ્યાજ ચૂકવે છે ?

(a) ચાલુ (b) બચત

(c) રીકરિંગ (d) મુદતી

**8.** વેપારી બૅન્કની શાખસર્જનની પ્રવૃત્તિ વધે ત્યારે નાણાંના પુરવઠા પર કેવી અસર પડે છે ?

(a) વધારો થાય છે. (b) ઘટાડો થાય છે.

(c) કોઈ ફેર પડતો નથી. (d) નકારાત્મક બને.

9. ધારો કે પ્રાથમિક થાપણ ₹ 1000 અને રોકડ અનામતનું પ્રમાણ 10% હોય, તો અંતે કેટલાં નાણાંનું સર્જન થશે ?

(a) ₹ 2000 (b) ₹ 10,000

(c) ₹ 5000 (d) ₹ 20,000

10. ઈ.સ. 1962 પછી કુલ થાપણોના કેટલા ટકા રકમ રોકડ અનામતના પ્રમાણ તરીકે રાખવાનું R.B.I. એ નક્કી કર્યું છે ?

(a) 3 ટકાથી 15 % (b) 10 ટકાથી 15 %

(c) 20 % (d) 40 %

11. નાણાકીય નીતિ ઘડવાનું કાર્ય કોણ કરે છે ?

(a) કેન્દ્ર સરકાર (b) વેપારી બૅન્કો

(c) રાજ્ય સરકાર (d) મધ્યસ્થ બૅન્ક

12. ભારતમાં ચલણી સિક્કાઓ કોણ બહાર પાડે છે ?

(a) ભારત સરકારનું નાણાખાતું (b) રાજ્ય સરકારનું નાણાખાતું

(c) સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા (d) રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા

13. ભારતના વિદેશી હૂંડિયામણના જથ્થાની સાચવણી અને નિયંત્રણ કોણ કરે છે ?

(a) કેન્દ્ર સરકારનું નાણા મંત્રાલય (b) કેન્દ્ર સરકારનું વિદેશ મંત્રાલય

(c) R.B.I. (d) S.B.I.

14. નાણાકીય નીતિના પરિમાણાત્મક સાધનોમાં કોનો સમાવેશ થતો નથી ?

(a) બૅન્ક રેટ (b) ભેદભાવયુક્ત વ્યાજના દર

(c) રેપોરેટ અને રિવર્સ રેપોરેટ (d) ખુલ્લા બજારનાં કાર્યો

15. નાણાકીય નીતિના ગુણાત્મક સાધનોમાં કોનો સમાવેશ થતો નથી ?

(a) સલામતીની જરૂરિયાત (b) ધિરાણની ટોચમર્યાદા

(c) માર્જિનની જરૂરિયાત (d) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

1. વિશ્વમાં સૌપ્રથમ સ્થપાયેલ બૅન્ક કઈ હતી ?

**2.** નાણાં આધારિત અર્થ-વ્યવસ્થામાં બૅન્કની જરૂર કેમ ઉદ્‌ભવી ?

**3.** સામાન્ય રીતે બૅન્કો કયા બે પ્રકારની હોય છે ?

**4.** વેપારી બૅન્ક કઈ થાપણો પર વ્યાજ ચૂકવતી નથી ?

**5.** વેપારી બૅન્કના ટૂંકા ગાળા માટેના ધિરાણનો સમયગાળો જણાવો.

**6.** રોકડ અનામતનું પ્રમાણ એટલે શું ?

**7.** શાખસર્જનનું સૂત્ર જણાવો.

**8.** પારિભાષિક શબ્દ સમજાવો : માઈક્રો ફાઈનાન્સ

**9.** CORE નું પૂરું નામ આપો.

**10.** DEMAT ખાતું એટલે શું ?

**11.** ભારતની મધ્યસ્થ બૅન્ક બીજા કયા નામે ઓળખાય છે ?

**12.** R.B.I. ની સ્થાપના કયા વર્ષમાં થઈ ?

**13.** R.B.I. નું રાષ્ટ્રીયકરણ કયા વર્ષમાં થયું ?

**14.** હાલના સમયમાં 'પ્રધાનમંત્રી જનધન' યોજનાનું સંચાલન કોણ કરે છે ?

**15.** એક ગ્રાહકના ખાતામાંથી બીજા ગ્રાહકના ખાતામાં નાણાંની ઝડપી હેરફેર માટે કઈ સુવિધાનો ઉપયોગ થાય છે?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

**1.** 'બૅન્ક ધંધાદારી સંસ્થા છે.' સમજાવો.

**2.** રીકરિંગ થાપણો કોને કહેવાય ?

**3.** શાખસર્જન એટલે શું ?

**4.** કોલમની અને કોલમની-રેટ એટલે શું ?

**5.** ગ્રાહકોના એજન્ટ તરીકે વેપારી બૅન્ક કઈ સેવાઓ પૂરી પાડે છે ?

**6.** શિડ્યુલ બૅન્કનું વર્ગીકરણ કરો.

**7.** 'R.B.I. એ સરકારની બૅન્ક છે'. એવું શા માટે કહેવાય છે ?

**8.** બૅન્કોની બૅન્ક અને બૅન્કોના અંતિમ સહાયક તરીકે R.B.I. નું કાર્ય સમજાવો.

**9.** રેપોરેટ અને રિવર્સ રેપોરેટ એટલે શું ?

**10.** નાણાકીય નીતિ એટલે શું ?

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના જવાબ મુદ્દાસર આપો :**

**1.** વેપારી બૅન્કોનાં ગૌણ કાર્યોની સમજૂતી આપો.

**2.** ટૂંક નોંધ લખો : ભારતમાં વેપારી બૅન્કોનું અસ્તિત્વ.

3. રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનાં બિનનાણાકીય કાર્યો સમજાવો.

4. R.B.I. ની નાણાકીય નીતિનાં ગુણાત્મક સાધનો ચર્ચો.

**5.** વેપારી બૅન્કનાં ખાતા વિશે સમજાવો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

**1.** વેપારી બૅન્કના શાખસર્જનના કાર્યની ઉદાહરણ સહિત સમજૂતી આપો.

**2.** રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનાં નાણાકીય કાર્યો સમજાવો.

3. R.B.I. ની નાણાકીય નીતિનાં પરિમાણાત્મક સાધનો ચર્ચો.

**4.** બૅન્કરેટ, રેપોરેટ અને રિવર્સ રેપોરેટ વિશે સમજૂતી આપો.

5. બૅન્કનો ઉદ્ભવ અને વર્ગીકરણ સમજાવો.

# 5 ગરીબી

## પરિચય

**ગરીબીનો અર્થ :** જ્યારે સમાજનો એક મોટો વર્ગ પોતાની પાયાની લઘુતમ જરૂરિયાતોને સંતોષી શકતો નથી તે પરિસ્થિતિને ગરીબી કહેવાય.

**ગરીબીનું સ્વરૂપ :** ગરીબીના ખ્યાલને વધુ સારી રીતે સમજવા અર્થશાસ્ત્રીઓ ગરીબીને તેના સ્વરૂપના આધારે બે વિભાગમાં વિભાજિત કરે છે. : (1) નિરપેક્ષ ગરીબી (2) સાપેક્ષ ગરીબી.

**(1) નિરપેક્ષ ગરીબી :** ગરીબી રેખાથી ઓછી આવક કે ખર્ચ ધરાવતો વર્ગ નિરપેક્ષ ગરીબ કહેવાય.

**ગરીબીરેખા :** જીવનની લઘુતમ જરૂરિયાતો સંતોષવા માટે જરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે નક્કી કરવામાં આવેલ આવક કે ખર્ચની લઘુતમ સપાટી એટલે ગરીબીરેખા.

**(2) સાપેક્ષ ગરીબી :** સમાજનો ઓછી આવક મેળવતો વર્ગ, વધુ આવક મેળવતા વર્ગની તુલના એ સાપેક્ષ ગરીબ કહેવાય.

**ગરીબીના નિર્દેશકો**

(1) માથાદીઠ ઘરગથ્થુ વપરાશી-ખર્ચ
(2) કુપોષણનું પ્રમાણ
(3) અપેક્ષિત આયુષ્ય અને બાળમૃત્યુદર
(4) તબીબી સગવડો
(5) પીવાનું પાણી
(6) શૌચાલયની સુવિધા
(7) રહેઠાણ
(8) વીજળી-વપરાશ
(9) શિક્ષણ
(10) આવક અને સંપત્તિની અસમાન વહેંચણી
(11) બેરોજગારીનો ઊંચો દર

**ગરીબીનાં કારણો**

**ઐતિહાસિક કારણો :**

**ગ્રામીણ ગરીબીનાં કારણો**

(1) કુદરતી પરિબળો
(2) વસ્તીવિષયક પરિબળો

**આર્થિક કારણો**

(1) શ્રમિક દીઠ નીચી ખેત-ઉત્પાદકતા
(2) જમીન અને સંપત્તિની અસમાન વહેંચણી
(3) નાના અને ગૃહ ઉદ્યોગોનો અલ્પ વિકાસ
(4) ઝડપથી વધતા ભાવો
(5) બેરોજગારીનું ઊંચું પ્રમાણ

**સામાજિક કારણો**

(1) શિક્ષણનું નીચું સ્તર
(2) લૈંગિક અસમાનતા

**અન્ય કારણો**

(1) યુદ્ધ

(2) સંરક્ષણ-ખર્ચમાં વધારો

(3) ખામીયુક્ત નીતિઓ

**ગરીબી ઘટાડવાના ઉપાયો**

(1) ખેતીક્ષેત્રે શ્રમિકોની ઉત્પાદકતા વધારવી

(2) નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ

(3) અસંગઠિત ક્ષેત્રનો વિકાસ

(4) યોગ્ય કરનીતિનો ઉપયોગ

(5) માનવ મૂડીરોકાણમાં વધારો

(6) વ્યાજબી કિંમતે વસ્તુઓ અને સેવાઓ

(7) રોજગારલક્ષી કાર્યક્રમો

- સ્વરોજગારી માટેના કાર્યક્રમો
- પ્રધાનમંત્રી રોજગાર યોજના
- વેતન રોજગારી કાર્યક્રમો
- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાનૂન (NREGA)

(8) આવાસ યોજનાઓ

(9) સામાજિક સલામતીની યોજનાઓ

(10) જનધન યોજના

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

**1.** કોના અહેવાલ મુજબ આર્થિક વિકાસ તે સાધન છે અને માનવ વિકાસ તે ધ્યેય છે ?

(a) તેંડુલકર સમિતિ (b) માનવવિકાસ

(c) ભગવતી સમિતિ (d) આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ

**2.** ભારતમાં કઇ પંચવર્ષિય યોજનાથી ગરીબી નાબૂદી માટેની વ્યૂહરચના હેઠળ ખાસ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યાં ?

(a) બીજી (b) ચોથી

(c) ત્રીજી (d) પાંચમી

**3.** ઇ.સ.2014-16 માં ભારતમાં કુપોષિત વ્યક્તિઓનું પ્રમાણ કેટલા ટકા હતું ?

(a) 23.7 % (b) 30.0 %

(c) 20.5 % (d) 15.2 %

**4.** ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચે શહેરી ક્ષેત્રે વ્યક્તિની ખોરાકમાં ન્યૂનત્તમ દૈનિક કેટલી કેલેરી નક્કી કરી છે ?

(a) 2100 (b) 2300

(c) 2200 (d) 2400

**5.** તેંડુલકર સમિતિની ભલામણો મુજબ વર્ષ 2011-12 માટે ગ્રામીણક્ષેત્રોની ગરીબીરેખા નક્કી કરવા માસિક માથાદીઠ વપરાશી ખર્ચ કેટલા રૂપિયા નક્કી કર્યો છે ?

(a) 1000 (b) 500

(c) 816 (d) 1500

**6.** વર્ષ 2013માં ભારતમાં સૌથી વધુ ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(a) છત્તીસગઢ (b) અસમ

(c) રાજસ્થાન (d) મધ્યપ્રદેશ

**7.** ઈ.સ. 2014માં ભારતમાં અપેક્ષિત આયુષ્ય કેટલાં વર્ષ હતું ?

(a) 75 (b) 55

(c) 85 (d) 68

**8.** ઈ.સ. 2014માં ભારતમાં બાળમૃત્યુદર કેટલો હતો ?

(a) 06 (b) 39

(c) 15 (d) 09

**9.** કોને માપવા માટે લોરેન્જ વક્રનો ઉપયોગ થાય છે ?

(a) નિરપેક્ષ ગરીબી (b) બેરોજગારીનો દર

(c) સાપેક્ષ ગરીબી (d) ફુગાવાનો દર

**10.** ગરીબીરેખા નક્કી કરવા માટે કેલરીના વપરાશ માટે જરૂરી ખર્ચ ઉપરાંત શિક્ષણ અને સ્વાસ્થ્ય માટેના ખર્ચનો સમાવેશ કોણે કર્યો ?

(a) લાકડાવાળા સમિતિ (b) દાંડેકર-રથ સમિતિ

(c) ભગવતી સમિતિ (d) તેંડુલકર સમિતિ

**11.** નીચેનામાંથી કયો નિર્દેશક ગરીબીનો નિર્દેશક નથી ?

(a) રહેઠાણ (b) પીવાનું પાણી

(c) ઔદ્યોગીક રોજગારીનો ઊંચો દર (d) વીજળીનો વપરાશ

**12.** શિક્ષિત બેરોજગારોને મદદ કરવાના હેતુથી કઈ યોજના શરૂ કરવામાં આવી ?

(a) PMRY (b) DWCRA

(c) SITRA (d) IRDP

**13.** કયા ક્ષેત્રના કામદારો માટે 'અટલ પેન્શન યોજના' અમલમાં આવી છે ?

(a) સંગઠિત (b) અસંગઠિત

(c) કૃષિ (d) ઉદ્યોગ

**14.** 'પ્રધાનમંત્રી જનધન' યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી છે ?

(a) 2000 (b) 2008

(c) 2018 (d) 2014

**15.** 'પ્રધાનમંત્રી આવાસ' યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી છે ?

(a) 2019 (b) 2005

(c) 2015 (d) 2001

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો:**

**1.** ગરીબીનો અર્થ સમય, સ્થળ અને સમાજ બદલાતા શાથી બદલાતો રહે છે ?

**2.** ગરીબીના અર્થઘટનને કયા બે વિભાગમાં વહેંચી શકાય ?

**3.** ગરીબીને તેના સ્વરૂપને આધારે કયા બે વિભાગમાં વહેંચી શકાય ?

**4.** આંતરરાષ્ટ્રીય સ્તરે ગરીબીરેખાનું નિર્ધારણ કરવા માટે વર્ષ 2015 નું દૈનિક આવકનું ધોરણ કયું છે ?

**5.** ગરીબીના નિર્દેશકો એટલે શું ?

**6.** નિરપેક્ષ ગરીબી કોને કહેવાય ?

7. નિરપેક્ષ ગરીબી બીજા કયા નામે ઓળખાય છે ?

8. ખેતીક્ષેત્રે ખેડૂતોને પાક નિષ્ફળતાના જોખમથી રક્ષણ આપવા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

9. સાપેક્ષ ગરીબીને માપવા માટે કઈ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે ?

10. ગીની (ગુણાંક) શું છે ?

11. સાપેક્ષ ગરીબીનો ખ્યાલ મેળવવા માટે કઈ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે ?

12. શહેરી ગરીબો માટે આવાસની સુવિધા ઊભી કરવા માટે કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

13. વિશ્વબૅન્કના મત પ્રમાણે સાક્ષર કોને કહેવાય ?

14. પારિભાષિક શબ્દ સમજાવો : કુપોષણ

15. આવક અને સંપત્તિની વહેંચણીની અસમાનતા દર્શાવતા આલેખનું નામ જણાવો.

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. નિરપેક્ષ ગરીબીને માપવા માટેનું આંતરરાષ્ટ્રીય ધોરણ સમજાવો.

2. F.A.O. નું પૂરું નામ આપી તેનું કાર્ય જણાવો.

3. સાપેક્ષ ગરીબી એટલે શું ? ઉદાહરણ આપી સમજાવો.

4. ઝડપથી વધતા જતા ભાવો ગરીબીમાં કઈ રીતે વધારો કરે છે ?

5. 'શિક્ષણનું નીચું સ્તર ગ્રામીણ ગરીબી માટે જવાબદાર છે'. સમજાવો.

6. સરકારના સંરક્ષણ-ખર્ચમાં વધારો થવાને લીધે ગરીબીનું પ્રમાણ શાથી ઊંચું રહે છે ?

7. સરકારની ખામીયુક્ત નીતિઓ ગરીબી માટે કઈ રીતે જવાબદાર છે ?

8. સ્વર્ણજંયતી ગ્રામ સ્વરોજગાર યોજનામાં કઈ-કઈ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

**9.** 'પ્રધાનમંત્રી સુરક્ષા' યોજના - સમજાવો.

**10.** 'પ્રધાનમંત્રી જન-ધન' યોજનાનો હેતુ જણાવો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપોઃ**

**1.** સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**2.** ભારતમાં ગરીબી માટેનાં ઐતિહાસિક કારણો સમજાવો.

3. ભારતમાં ગ્રામીણ ગરીબી માટે ક્યાં કારણો જવાબદાર છે ? સમજાવો.

4. ભારતમાં ગરીબી માટેનાં સામાજિક કારણો સમજાવો.

5. ટૂંક નોંધ લખો : પ્રધાનમંત્રી જનધન યોજના

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપોઃ**

**1.** ગરીબીરેખાની વિગતે સમજૂતી આપો.

2. ગરીબીના કોઈ પણ પાંચ નિર્દેશકો ચર્ચો.

3. ગરીબીનાં આર્થિક કારણો ચર્ચો.

**4.** ગરીબી ઘટાડવાના ગમે તે પાંચ ઉપાયો ચર્ચો.

**5.** ગરીબી ઘટાડવા માટે સરકારે અમલમાં મૂકેલા રોજગારલક્ષી કાર્યક્રમોની સમજૂતી આપો.

# 6 બેરોજગારી

## પરિચય

**બેરોજગારીનો અર્થ :** પ્રવર્તમાન વેતન દરે વ્યક્તિની કામ કરવાની ઇચ્છાશક્તિ અને તૈયારી હોવા છતાં તેને કામ ન મળે તેવી સ્થિતિ.

શ્રી રાજકૃષ્ણ સમિતિએ આપેલ બેરોજગારીના પ્રકારો માટેના માપદંડો :

(1) સમય (2) આવક (3) સંમતિ (4) ઉત્પાદકતા

**બેરોજગારીના પ્રકારો :**

**(1) સંપૂર્ણ બેરોજગારી કે ખુલ્લી બેરોજગારી :** જે વ્યક્તિઓ પ્રવર્તમાન વેતનદરે રોજગારી મેળવવા માગે છે અને જરૂરી લાયકાત પણ છે છતાં તેમને બિલકુલ રોજગારી ના મળે તો તે સંપૂર્ણ બેરોજગાર કહેવાય. આ બેરોજગારી 15 થી 25 વર્ષની વયજૂથની વ્યક્તિમાં વધુ જોવા મળે છે.

**(2) અર્ધબેરોજગારી :** શ્રમિકો તેમની શક્તિનો પૂરો ઉપયોગ ના કરી શકતા હોય એટલે કે તેમને ઓછા સમય માટે કે લાયકાતથી ઓછી લાયકાતવાળું કાર્ય સ્વીકારવું પડે તેને અર્ધબેરોજગાર કહેવાય. મોસમી બેરોજગારી અર્ધબેરોજગારીનો જ પ્રકાર છે.

**(3) પ્રચ્છન્ન કે છૂપી બેરોજગારી :** કોઈ એક વ્યવસાયમાં પ્રવર્તમાન ટેક્નોલૉજીના સંદર્ભમાં જરૂરી હોય તેના કરતાં વધુ શ્રમિકો રોકાયેલા હોય. આવા વધારાના શ્રમિકોને આ ક્ષેત્રમાંથી ખસેડી લેવામાં આવે તોપણ કુલ ઉત્પાદનમાં કોઈ ફેરફાર ન થતો હોય તો તેને પ્રચ્છન્ન બેરોજગાર કહેવાય. જેની સિમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે.

**(4) ચક્રીય બેરોજગારી :** તેજી-મંદીના ચક્રમાં જ્યારે અર્થતંત્રમાં મંદીનું વાતાવરણ સર્જાય ત્યારે ચીજવસ્તુઓ અને સેવાની માંગમાં ઘટાડો થાય છે. પરિણામે અસરકારક માંગના અભાવે ઉત્પાદન ઘટતા સર્જાતી બેરોજગારી એટલે ચક્રીય બેરોજગારી તેને મંદીજન્ય બેરોજગારી પણ કહે છે.

**(5) ઘર્ષણજન્ય બેરોજગારી :** જ્યારે ઉત્પાદન પદ્ધતિમાં, ચીજવસ્તુની માંગમાં કે ઉત્પાદનમાં ફેરફાર થવાથી કે શોધખોળ અને નવી ટેક્નોલૉજીને કારણે જે બેરોજગારી સર્જાય તેને ઘર્ષણજન્ય બેરોજગારી કહે છે.

**બેરોજગારી ઉદ્‌ભવવાનાં કારણો**

(1) વસ્તીવૃદ્ધિનો ઊંચો દર (2) રોજગારીની તકોમાં ધીમો વધારો

(3) બચત અને મૂડીરોકાણનો નીચો દર (4) મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ

(5) વ્યાવસાયિક શિક્ષણનું નીચું પ્રમાણ (6) માનવશક્તિના આયોજનનો અભાવ

(7) જાહેર ક્ષેત્રની બિનકાર્યક્ષમતા (8) કૃષિક્ષેત્રના વિકાસની અવગણના

(9) શ્રમની ઓછી ગતિશીલતા (10) અપૂરતી માળખાકીય સુવિધા

**બેરોજગારી ઘટાડવાના ઉપાયો :**

(1) વસ્તી-નિયંત્રણ

(2) આર્થિક વિકાસનો દર ઊંચો લઈ જવો

(3) રોજગારલક્ષી આયોજન

(4) રોજગારલક્ષી શિક્ષણ

(5) ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ

(6) આંતર માળખાકીય સેવાનો વિસ્તાર

(7) કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિનો વેગ અને વિસ્તાર

**બેરોજગારીની સમસ્યા હલ કરવા માટે રાજ્યની યોજનાઓ:**

(1) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી ધારો (NREGA) ફેબ્રુઆરી, 2006

(2) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી ઍક્ટ (MGNREGA) નરેગાને સ્થાને 2 ઑક્ટોબર, 2009 થી

(3) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના (DUGJY) ગ્રામ્ય વિસ્તારમાં 24 x 7 સતત વીજળી

(4) પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના (PDUSJY) 16-ઑક્ટોબર, 2014 થી

(5) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DUGKY) 25 સપ્ટેમ્બર, 2014 થી 18 થી 35 વર્ષના યુવાનોને રોજગારીનો ઉદ્દેશ

(6) પ્રધાનમંત્રી કૃષિસિંચાઈ યોજના 1 જુલાઈ, 2015થી સૂત્ર 'હર ખેત કો પાની'

**વિભાગ A**

**નીચેના પ્રશ્નોના જવાબ માટે વિકલ્પ શોધો :**

**1.** સામાન્ય રીતે ઉત્પાદનના કયાં સાધનના સંદર્ભમાં બેરોજગારીનો ખ્યાલ વિચારવામાં આવે છે ? ☐

(a) જમીન

(b) મૂડી

(c) શ્રમ

(d) નિયોજક

**2.** પ્રવર્તમાન વેતનદરે વ્યક્તિની કામ કરવાની ઇચ્છાશક્તિ અને તૈયારી હોવા છતાં કામ વગર રહેવું પડે તે કયા સ્વરૂપની બેરોજગારી કહેવાય ? ☐

(a) ફરજિયાત

(b) મરજિયાત

(c) સ્વૈચ્છિક

(d) આળસવૃત્તિ

**3.** બેરોજગારીનો ખ્યાલ શ્રમના કયા પુરવઠાના સંદર્ભમાં જ સમજાવવામાં આવે છે ? ☐

(a) સક્રિય

(b) નિષ્ક્રિય

(c) અશક્ત

(d) બાળકો

**4.** સક્રિય શ્રમના પુરવઠામાં સામાન્ય રીતે કયા વર્ષની વયજૂથની વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવે છે ?

(a) 10-50 (b) 15-64

(c) 20-60 (d) 25-64

**5.** અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી ઉદ્ભવે છે ?

(a) મોસમી (b) શિક્ષિત

(c) ચક્રીય (d) પ્રચ્છન્ન

**6.** બેરોજગારીનું સ્વરૂપ કે પ્રકારો જાણવા શ્રી 'રાજકૃષ્ણ સમિતિ'એ કેટલા માપદંડો રજૂ કર્યા છે ?

(a) બે (b) પાંચ

(c) ત્રણ (d) ચાર

**7.** અઠવાડિયામાં કેટલા કલાક કે તેથી ઓછા કલાક માટે કામ મળે તે વ્યક્તિ તીવ્ર બેરોજગાર ગણાય ?

(a) 48 (b) 28

(c) 30 (d) 38

**8.** કયા બેરોજગારને ખુલ્લા બેરોજગાર પણ કહે છે ?

(a) સંપૂર્ણ બેરોજગારી (b) અર્ધબેરોજગારી

(c) પ્રચ્છન્ન બેરોજગારી (d) મોસમી બેરોજગારી

**9.** સંપૂર્ણ બેરોજગારીનું પ્રમાણ કયા વર્ષની વય-જૂથની વ્યક્તિઓમાં વધુ જોવા મળે છે ?

(a) 15 થી 25 (b) 25 થી 30

(c) 30 થી 35 (d) 35 થી 40

**10.** કયા પ્રકારના બેરોજગારની ઉત્પાદકતા લગભગ શૂન્ય હોય છે ?

(a) સંપૂર્ણ (b) મોસમી

(c) પ્રચ્છન્ન (d) શિક્ષિત

**11.** સાદા મોબાઈલ ફોનના સ્થાને સ્માર્ટ મોબાઈલ ફોન આવતા સર્જાતી બેરોજગારી કયા પ્રકારની બેરોજગીરી કહેવાય ?

(a) ઘર્ષણજન્ય (b) ચક્રીય

(c) પ્રચ્છન્ન (d) મોસમી

**12.** ભગવતી સમિતિ કઈ સમસ્યાના અભ્યાસ માટે રચાઈ હતી ? ☐

(a) ગરીબી (b) બેરોજગારી

(c) વસ્તી (d) પ્રદૂષણ

**13.** NREGA (નરેગા) યોજનાનું નામ બદલીને કઈ યોજના 2 ઑક્ટોબર, 2009 માં શરૂ કરવામાં આવી ? ☐

(a) MGNREGA (b) PDUSTY

(c) DUGJY (d) DUGKY

**14.** મનરેગા યોજનામાં પ્રત્યેક ગ્રામીણ પરિવારમાંથી ઓછામાં ઓછી કેટલા વ્યક્તિને રોજગારીની બાંહેધરી આપવામાં આવે છે ? ☐

(a) 2 (b) 3

(c) 1 (d) 4

**15.** ગ્રામ વિસ્તારમાં 24 x 7 સમય વીજળીની સેવા આપવાના હેતુથી કઈ યોજના શરૂ કરવામાં આવી ? ☐

(a) DUGJY (b) PDUSJY

(c) DUGKY (d) NREGA

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો:**

**1.** પિગુના મતે બેરોજગારીનો અર્થ જણાવો.

**2.** સ્વૈચ્છિક બેરોજગારી કોને કહેવાય ?

**3.** વિકસિત દેશમાં જોવા મળતી બેરોજગારી મોટે ભાગે કેવા સમયગાળાની હોય છે ?

**4.** ભારતમાં જોવા મળતી બેરોજગારી કેવા સ્વરૂપની હોય છે ?

**5.** બેરોજગારીના પ્રકારો કે સ્વરૂપ નક્કી કરવા શ્રી રાજકૃષ્ણ સમિતિએ કયા ચાર માપદંડો રજૂ કર્યા છે ?

6. અર્ધબેરોજગારીનો અર્થ જણાવો.

7. ચક્રીય બેરોજગારી કેવી રીતે ઉદ્ભવે છે ?

8. ઘર્ષણજન્ય બેરોજગારીનો અર્થ જણાવો.

9. ભારતમાં બેરોજગારી હળવી કરવા કઈ ઉત્પાદન પદ્ધતિ વધુ અનુકૂળ છે ?

10. ભારતમાં કઈ પંચવર્ષીય યોજનાથી મોટા અને પાયાના ઉદ્યોગોના વિકાસની નીતિ અપનાવવામાં આવી ?

11. કયા કારણથી રોજગારીનું સર્જન કરવામાં જાહેર ક્ષેત્ર સફળ થયું નથી ?

12. સરકારે કયા દિવસને 'રોજગાર દિવસ' તરીકે જાહેર કર્યો છે ?

13. મનરેગા યોજનામાં કેટલા દિવસની રોજગારી આપવાની બાંહેધરી આપવામાં આવે છે ?

14. DUGJYનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

15. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં કયાં સૂત્રને સાર્થક કરવાનો ઉદ્દેશ હતો ?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો:**

**1.** બેરોજગારીનું સ્વરૂપ જાણવા માટે શ્રી રાજકૃષ્ણ સમિતિએ કેટલા માપદંડો રજૂ કર્યા છે ? કયા-કયા જણાવો.

**2.** સંપૂર્ણ કે ખુલ્લી બેરોજગારીને માપવાની કઈ ત્રણ પદ્ધતિઓ પ્રચલિત છે ?

**3.** 'ભારતમાં વસ્તીવૃદ્ધિનો ઊંચો દર બેરોજગારી માટે જવાબદાર છે'. સમજાવો.

**4.** ભારતમાં બેરોજગારીના અભ્યાસ માટે રચાયેલી કઈ સમિતિઓએ વધારેપડતા યાંત્રીકરણનો વિરોધ કર્યો હતો ?

**5.** કયાં કારણોથી ભારતમાં કૃષિક્ષેત્રનો વિકાસ પૂરતા પ્રમાણમાં થયો નથી ?

**6.** ભારતમાં કયાં કારણોસર શ્રમની ગતિશીલતામાં અવરોધ સર્જાય છે ?

7. કયા લોકો રોજગારી માટે ગામડામાં જવાનું પસંદ કરતા નથી ?

8. ભારતમાં બેરોજગારીની સમસ્યા નિવારવા માટે કયા રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા ?

9. મનરેગા (MGNREGA) માં કઈ વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું આપવાની જોગવાઈ કરવામાં આવી છે ?

10. પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના (PDUSJY)નો મુખ્ય હેતુ કયો છે ?

11. પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના (DUGJY)નો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

12. પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DUGKY) ક્યારે શરૂ થઈ ? તેનો મુખ્ય ઉદ્દેશ જણાવો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપોઃ**

**1.** ભારતમાં બચત અને મૂડીરોકાણનો નીચો દર બેરોજગારી માટે જવાબદાર છે - સમજાવો.

**2.** ભારતમાં ખામીયુક્ત શિક્ષણ પદ્ધતિ શિક્ષિત બેરોજગારી માટે જવાબદાર છે - સમજાવો.

**3.** જાહેર ક્ષેત્રની બિનકાર્યક્ષમતા દેશમાં વધતી બેરોજગારીનું કારણ છે - સમજાવો.

**4.** ગ્રામ્ય વિસ્તારમાં  અપૂરતી માળાખાકીય સુવિધા બેરોજગારીનું કારણ છે - સમજાવો.

**5.** બેરોજગારીનો અર્થ આપી અનૈચ્છિક અને સ્વૈચ્છિક બેરોજગારીનો ખ્યાલ સ્પષ્ટ કરો.

**6.** ઘર્ષણજન્ય બેરોજગારીનો ખ્યાલ સમજાવો.

**7.** ભારતમાં માનવશક્તિના આયોજનનો અભાવ બેરોજગારીનું કારણ છે, સમજાવો.

**8.** શ્રમની ઓછી ગતિશીલતા પણ બેરોજગારી માટે જવાબદાર છે. કારણ આપો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

**1.** બેરોજગારીનો અર્થ, પ્રકારો જણાવી કોઈ પણ બે પ્રકારો વિગતે સમજાવો.

2. આધુનિક ખેતીના સંદર્ભમાં પાકની ફેરબદલી અને પાક-સંરક્ષણનો ખ્યાલ સમજાવો.

3. ભારતમાં ઉદ્ભવતી બેરોજગારીનાં કોઈ પણ પાંચ કારણો વિગતે સમજાવો.

**4.** ભારતમાં બેરોજગારીની સમસ્યા હલ કરવાના કોઈ પણ પાંચ ઉપાયો સમજાવો.

# 7 વસ્તી

## પરિચય

વસ્તીશિક્ષણ દ્વારા વસ્તીવધારાને કારણે થતા વિવિધ પ્રશ્નોનો અભ્યાસ સંભવિત બને છે. વસ્તીવિસ્ફોટને કારણે ઉદ્ભવતી વિવિધ સમસ્યાઓથી માહિતગાર થઈ તેને નિવારવા નીતિવિષયક ઉપાયો અંગે જાણકારી મેળવી શકાય છે. વસ્તીવૃદ્ધિનો દર દેશમાં અનેક પ્રશ્નો સર્જે છે એ બાબત સમજાવવામાં આવે છે. ભારતની વિવિધ સમસ્યાઓના મૂળમાં વસ્તીવૃદ્ધિનો ઊંચો દર રહેલો છે. એ હકીકત વસ્તીના આ પ્રકરણમાં સ્પષ્ટ થાય છે.

**વસ્તીવિસ્ફોટનો અર્થ (Meaning of Population Explosion)**

ભારતમાં મૃત્યુદર ઝડપથી ઘટવાની સામે જન્મદર ઝડપથી ન ઘટવાથી ચોખ્ખો વસ્તીવધારો ઊંચા દરે થયો જેને વસ્તીવિસ્ફોટ કહેવામાં આવે છે.

**ભારતમાં વસ્તીનાં વલણો (Profiles of Indian Population)**

**ભારતમાં વસ્તીનું કદ અને વૃદ્ધિ દર (Size of Indian Population and Growth Rate)**

વસ્તીનું કદ એટલે જુદાં-જુદાં વર્ષો દરમિયાન ભારતની કુલ વસ્તી અથવા તો પ્રમાણને વસ્તીનું કદ કહે છે અને વસ્તીમાં થતા વધારાની ટકાવારીને વસ્તીવૃદ્ધિદર કહે છે.

**ભારતમાં સ્ત્રી અને પુરુષની વસ્તી**

ભારતની કુલ વસ્તીમાં જુદાં-જુદાં વર્ષો દરમિયાન સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યા કેટલી છે તે સ્ત્રી-પુરુષના પ્રમાણ દ્વારા જાણી શકાય છે.

**ભારતમાં જાતિ-પ્રમાણ (દર 1000 પુરુષોએ સ્ત્રીની સંખ્યા)**

દેશની વસ્તીમાં પ્રતિદર 1000 પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યાને સ્ત્રી-પુરુષ પ્રમાણ અથવા લિંગ પ્રમાણ અથવા જાતિ-પ્રમાણ કહે છે.

**વયજૂથ પ્રમાણે ભારતની વસ્તી**

ભારતની વસ્તીમાં વયજૂથ અનુસાર વહેંચણી એટલે દેશની વસ્તીનું વિવિધ વય-જૂથોમાં વિભાજન. દા.ત.' 0 થી 14 વર્ષની વયની વ્યક્તિઓનું કુલ વસ્તીમાં પ્રમાણ (ટકાવારી). વય-જૂથલક્ષી વિભાજન દ્વારા કામ કરતી વસ્તી અને કામ નહિ કરતી વસ્તી અંગેનો ખ્યાલ આવે છે.

**ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી**

ભારતની કુલ વસ્તીમાં કેટલા લોકો ગ્રામીણ અને કેટલા લોકો શહેરી વિસ્તારમાં રહે છે તેની માહિતી ગ્રામીણ અને શહેરી વસ્તીના પ્રમાણ દ્વારા જાણવા મળે છે.

**વસ્તીવધારાનાં કારણો (Causes of Population Increase)**

વસ્તીવધારાને અસર કરતાં બે પરિબળો છે. જન્મદર અને મૃત્યુદર. જન્મદર અને મૃત્યુદરમાં સર્જાતો તફાવત વસ્તીવધારાનું કારણ બને છે.

**જન્મદરનો અર્થ**

વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ જન્મ પામતાં બાળકોની સંખ્યાને જન્મદર કહે છે.

**મૃત્યુદરનો અર્થ**

વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યાને મૃત્યુદર કહે છે.

**ઊંચા જન્મદર માટેનાં કારણો**

**[A] સામાજિક પરિબળો**

(1) સાર્વત્રિક લગ્નપ્રથા (2) નાની ઉંમરે લગ્ન અને વિધવા પુનઃલગ્ન

(3) પુત્રપ્રાપ્તિની ઘેલછા (4) સંયુક્ત કુટુંબપ્રથા

**[B] આર્થિક પરિબળો**

(1) શિક્ષણનું નીચું પ્રમાણ (2) આવકની નીચી સપાટી

(3) બાળમૃત્યુ દરનું ઊંચું પ્રમાણ

**[C] અન્ય પરિબળો**

(1) ઊંચો પ્રજનનદર

(2) કુટુંબનિયોજન અંગેની માહિતીનો અભાવ

**નીચા મૃત્યુદરનાં કારણો**

(1) જીવનધોરણમાં સુધારો

(2) રોગચાળા પર નિયંત્રણ

(3) દુષ્કાળ પર અંકુશ

(4) કુદરતી આપત્તીઓ સામે રક્ષણ અને વાહનવ્યવહારની સગવડો

**વસ્તીનિયંત્રણના ઉપાયો**

(1) લોકશિક્ષણ અને જાગૃત્તિ

(2) કુટુંબનિયોજન કાર્યક્રમની અસરકારકતા

(3) મહિલાઓની લગ્નવય અને દરજ્જામાં વધારો

(4) પ્રોત્સાહનો અને બિનપ્રોત્સાહનો

(5) તબીબી સેવાઓનો વ્યાપ અને અસરકારકતામાં વધારો

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

**1.** સ્વતંત્રતા પછી ભારતમાં સૌ પ્રથમ વસ્તી ગણતરી પત્રક કયા વર્ષમાં તૈયાર થયું ? ☐

(a) ઈ.સ. 1948 (b) ઈ.સ. 1951

(c) ઈ.સ. 1961 (d) ઈ.સ. 1965

**2.** ઈ.સ. 2011 ની વસ્તીગણતરી પ્રમાણે ભારતમાં કુલ વસ્તી કેટલી હતી ? ☐

(a) 36.1 કરોડ (b) 54.8 કરોડ

(c) 121.02 કરોડ (d) 23.8 કરોડ

**3.** ભારતમાં કયા રાજ્યમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે ? ☐

(a) ગુજરાત (b) મહારાષ્ટ્ર

(c) ઉત્તરપ્રદેશ (d) કેરળ

**4.** ઈ.સ. 2001 થી 2011ના દશકમાં ભારતમાં વસ્તીવૃદ્ધિદર કેટલો નોંધાયો ? ☐

(a) 2 % (b) 1.64 %

(c) 1.97 % (d) 2.16 %

**5.** ઈ.સ. 2011માં ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ? ☐

(a) 930 (b) 950

(c) 940 (d) 970

**6.** વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં ભારત કયા ક્રમે આવે છે ? ☐

(a) બીજા (b) પહેલા

(c) ત્રીજા (d) ચોથા

**7.** ભારતમાં દર કેટલા વર્ષે વસ્તીગણતરી કરવામાં આવે છે ? ☐

(a) દર વર્ષે (b) પાંચ વર્ષે

(c) 10 વર્ષે (d) 20 વર્ષે

**8.** ઈ.સ. 2011ની વસ્તીગણતરી અહેવાલ મુજબ 2011 થી 2025ના સમયગાળામાં ભારતની વસ્તી કેટલા કરોડ થવાનો અંદાજ છે ?

(a) 130 કરોડ (b) 139.98 કરોડ

(c) 150 કરોડ (d) 142.40 કરોડ

**9.** ભારતમાં વ્યવસ્થિત વસ્તીગણતરી કયા વર્ષથી શરૂ થઈ ?

(a) ઈ.સ. 2001 (b) ઈ.સ. 1851

(c) ઈ.સ. 1891 (d) ઈ.સ. 2011

**10.** ઈ.સ. 1951માં ભારતની કુલ વસ્તી કેટલી હતી ?

(a) 54.8 કરોડ (b) 25.1 કરોડ

(c) 102.7 કરોડ (d) 36.1 કરોડ

**11.** 2011ની વસ્તીગણતરી મુજબ ભારતમાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ કેટલું હતું ?

(a) 68 % (b) 75 %

(c) 70 % (d) 77 %

**12.** 2011માં ભારતમાં મૃત્યુદરનું પ્રમાણ કેટલું હતું ?

(a) 9.1 (b) 6.1

(c) 7.1 (d) 8.1

**13.** વસ્તીવધારાની દૃષ્ટિએ ભારતમાં કયા વર્ષને મહાન વિભાજક વર્ષ તરીકે ઓળખવામાં આવે છે ?

(a) ઈ.સ. 1961 (b) ઈ.સ. 1931

(c) ઈ.સ. 1921 (d) ઈ.સ. 1951

**14.** ઈ.સ. 2011માં ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ?

(a) 940 (b) 918

(c) 932 (d) 921

**15.** કામ કરતી મોટા ભાગની વસ્તી કયા વયજૂથમાં જોવા મળે છે ?

(a) 15-64 વર્ષ (b) 15-40 વર્ષ

(c) 15-55 વર્ષ (d) 15-60 વર્ષ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખોઃ**

**1.** વસ્તી અને કુદરતી સંસાધનો વચ્ચે કઈ બે બાબતો મહત્ત્વની છે ?

**2.** બધી જ સમસ્યાના મૂળમાં કઈ સમસ્યા રહેલી છે ?

**3.** વસ્તીવિસ્ફોટનો અર્થ આપો.

**4.** વસ્તીનું કદ એટલે શું ?

**5.** જાતિપ્રમાણ એટલે શું ?

**6.** બાળમૃત્યુદર એટલે શું ?

**7.** દરેક દેશમાં આર્થિક વિકાસ માટે શું ખૂબ જ મહત્ત્વ ધરાવે છે ?

**8.** વસ્તી-વૃદ્ધિદર એટલે શું ?

**9.** આધુનિક યુગમાં સ્ત્રી ભ્રૂણ-હત્યાનું કારણ જણાવો.

**10.** વર્ષ 2014માં વયજૂથ 15-64માં વસ્તીનું પ્રમાણ કેટલું હતું ?

**11.** તાજેતરનાં વર્ષોમાં ભારતની કુલ વસ્તીમાં કઈ વસ્તીનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે ?

**12.** જન્મદરના આંકડા કઈ નીતિ નક્કી કરવામાં ઉપયોગી પુરવાર થાય છે.

**13.** ઊંચા જન્મદર માટેનાં કારણો કયા ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે ?

**14.** કયા વયજૂથમાં આવતી મહિલાઓ બાળકને જન્મ આપી શકે છે ?

**15.** સરેરાશ જીવિત બાળકોના ઊંચા પ્રમાણ માટે જવાબદાર પરિબળો જણાવો.

**16.** દુષ્કાળ પર અંકુશ કયા કારણે આવ્યો છે ?

**17.** 2000 ની વસ્તીનીતિમાં કઈ બાબતને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે ?

**18.** ભારતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કેવા દંપતિ લડી શકતાં નથી ?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

**1.** 1921 ના વર્ષને 'મહાન વિભાજક વર્ષ' તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?

2. જન્મદરનો અર્થ આપી જન્મદરનું સૂત્ર જણાવો.

3. મૃત્યુદરનો અર્થ આપી મૃત્યુદરનું સૂત્ર જણાવો.

4. વસ્તીનીતિનો અર્થ આપો.

5. કુટુંબ નિયોજનનો અર્થ આપો.

6. વસ્તીનાં વલણો એટલે શું ?

7. જાતિપ્રમાણ (લિંગ પ્રમાણ) એટલે શું ?

**8.** ઊંચા જન્મદર માટે જવાબદાર સામાજિક પરિબળો કયા કયા છે ?

**9.** નીચા મૃત્યુદર માટેનાં જવાબદાર કારણો કયા કયા છે ?

**10.** ભારતની નવી વસ્તીનીતિની રચના ક્યારે અને કોના અધ્યક્ષસ્થાને થઈ હતી ?

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો:**

**1.** વસ્તીવિસ્ફોટની વિગતે સમજૂતી આપો.

**2.** ભારતમાં નીચા મૃત્યુદરનાં કારણો સમજાવો.

**3.** ઉત્પાદક અને અનઉત્પાદક વસ્તી એટલે શું ?

**4.** વસ્તીનિયંત્રણમાં શિક્ષણની ભૂમિકા સમજાવો.

**5.** ભારતમાં ઊંચા જન્મદર માટેનાં આર્થિક કારણો (પરિબળો) સમજાવો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપોઃ**

**1.** ભારતમાં જાતિપ્રમાણ (સ્ત્રી-પુરુષ પ્રમાણની) વિગતે ચર્ચા કરો.

**2.** ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તીનાં વલણોનું વિશ્લેષણ કરો.

3. વસ્તીનિયંત્રણના ઉપાયોની વિગતવાર સમજૂતી આપો.

**4.** ભારતમાં વસ્તીનું કદ અને તારણો રજૂ કરો.

**5.** ભારતની વસ્તીની વયજૂથ પ્રમાણેની વહેંચણી ચર્ચો.

**6.** નીચે આપેલી આંકડાકીય માહિતીને પાસપાસેની સ્તંભ-આકૃતિમાં દર્શાવી વિશ્લેષણ કરોઃ

**ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી**

| વર્ષ | ગ્રામીણ વસ્તી (કરોડમાં) | શહેરી વસ્તી(કરોડમાં) |
|---|---|---|
| 1901 | 21.2 | 2.6 |
| 1951 | 29.9 | 6.2 |
| 1981 | 54.4 | 15.9 |
| 2011 | 83.2 | 38.0 |

7. જન્મદરનો અર્થ આપી ભારતમાં ઉચ્ચા જન્મદર માટેના સામાજિક કારણો (પરિબળો)ની ચર્ચા કરો.

# 8 કૃષિક્ષેત્ર

## પરિચય

**કૃષિક્ષેત્ર અર્થતંત્રની કરોડરજ્જુ :** ભારતમાં ઉત્પાદન, રોજગારી અને નિકાસ-કમાણી જેવી બાબતોમાં કૃષિક્ષેત્ર પર આધાર રાખે છે. તેથી ખેતીપ્રધાન દેશ તરીકે ઓળખાય છે.

(1) વિવિધ-ક્ષેત્રો કૃષિક્ષેત્ર ઉપર અવલંબિત

(2) કૃષિક્ષેત્ર નિષ્ફળ તો અન્ય ક્ષેત્રો પર માઠી અસર

(3) કૃષિક્ષેત્ર સફળ તો દેશ પ્રગતિના પંથે

**ભારતમાં કૃષિક્ષેત્રની વર્તમાન સ્થિતિ / મહત્ત્વ**

(1) રાષ્ટ્રીય આવકમાં ફાળો (2) રોજગારી

(3) નિકાસ-આવક (4) જીવનધોરણ

(5) કૃષિ-ઉત્પાદનમાં વૃદ્ધિ (6) ઔદ્યોગિક વિકાસનો પાયો

**નીચી ખેત-ઉત્પાદકતાનાં કારણો**

**ખેત-ઉત્પાદકતા અર્થ :** પ્રતિ હેક્ટર થતાં ખેત-ઉત્પાદનને ખેત-ઉત્પાદકતા કહે છે.

નીચી ખેત-ઉત્પાદકતાને અસર કરતા પરિબળોને ત્રણ રીતે જોવામાં આવે છેઃ

(1) સંસ્થાકીય પરિબળો (2) ટેક્નોલૉજિકલ પરિબળો (3) અન્ય પરિબળો

**1. સંસ્થાકીય પરિબળો :**

(1) જમીન મહેસૂલ ઉઘરાવવાની પ્રથા : (અ) જમીનદારી પ્રથા (બ) મહાલવારી પ્રથા (ક) રૈયતવારી પ્રથા

(2) ખેતધિરાણ : પ્રાદેશિક ગ્રામિણ બૅન્કો અને નાબાર્ડ

(3) કૃષિ પેદાશોની વેચાણ-વ્યવસ્થા

(4) ગ્રામીણ સમાજ-વ્યવસ્થા

**2. ટેક્નોલૉજિકલ પરિબળો :** જૂની-પૂરાણી ખેત-ઉત્પાદન પદ્ધતિ, જૂનાં ખેતસાધનો, પરંપરાગત બિયારણો, છાણિયું ખાતર, જંતુનાશક દવાનો ઓછો ઉપયોગ.

**3. અન્ય પરિબળો :** (અ) વસ્તીનું ભારણ (2) આર્થિક આયોજનનો અભાવ

**ખેત-ઉત્પાદકતા વધારવાના ઉપાયો**

**1. સંસ્થાકીય સુધારાઓ :**

(1) જમીનવિષયક સુધારાઓ (2) સંસ્થાકીય ધિરાણની પ્રાપ્તિ

(3) કૃષિપેદાશની વેચાણ-વ્યવસ્થામાં સુધારો (4) કૃષિ-સંશોધનો

**2. ટેક્નોલૉજિકલ સુધારાઓ :**

(1) સુધારેલાં બિયારણો

(2) રાસાયણિક ખાતરનો વપરાશ

(3) સિંચાઈની સગવડમાં વધારો

(4) યંત્રોનો ઉપયોગ

(5) જંતુનાશક દવાઓ

(6) ભૂમિ-પરિક્ષણ

**3. અન્ય ઉપાયો :** (1) નવી પ્રકારની ખેત પદ્ધતિ (2) ખેતી સંલગ્ન પ્રવૃત્તિ

**આધુનિક ખેતી (Modern Agriculture)**

(1) હરિયાળી ક્રાંતિ (Green Revolution) : ઊંચી ઉત્પાદકતા આપતી જાતોના કાર્યક્રમને હરિયાળી ક્રાંતિ નામથી ઓળખાય છે.

(2) પાકની ફેરબદલી (Multiple Cropping) : (અ) અનાજ (બ) અનાજેતર પાક કે રોકડિયા પાક

પાકની ફેરબદલીનાં કારણો (અ) ટેક્નોલૉજિકલ પરિબળો (બ) આર્થિક પરિબળો

(3) પાક-સંરક્ષણ (Crop Protection)

(4) કૃષિ-સંશોધન (Agriculture Researceh)

**વિભાગ A**

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો:**

**1.** ભારતમાં કયા ક્ષેત્રને અર્થતંત્રની કરોડરજ્જુ સમાન દરજ્જો આપવામાં આવ્યો છે ? ☐

(a) ખેતી

(b) ઉદ્યોગ

(c) સેવા

(d) સહકાર

**2.** ભારતમાં કયા વર્ષથી ઔદ્યોગિકીકરણના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ? ☐

(a) 1950

(b) 1901

(c) 1951

(d) 1956

**3.** ભારતમાં સૌથી વધુ રોજગારી કયું ક્ષેત્ર પૂરું પાડે છે ? ☐

(a) ઉદ્યોગ

(b) ખેતી

(c) શિક્ષણ

(d) આરોગ્ય

**4.** ઈ.સ. 2013 માં ભારતમાં દૈનિક માથાદીઠ અનાજની ઉપલબ્ધતા કેટલી હતી ? ☐

(a) 500 ગ્રામ

(b) 411 ગ્રામ

(c) 511 ગ્રામ

(d) 600 ગ્રામ

**5.** આઝાદી સમયે ભારતમાં જમીન મહેસૂલ ઉઘરાવવાની કેટલી પ્રથા પ્રચલિત હતી ?

(a) 2 (b) 3 (c) 4 (d) 1

**6.** ભારતમાં પ્રાદેશિક ગ્રામીણ બૅન્કોની રચના ક્યારે થઈ હતી ?

(a) 1970 (b) 1951

(c) 1975 (d) 1990

**7.** નાબાર્ડ (NABARD)ની રચના ક્યારે થઈ ?

(a) 1951 (b) 1975

(c) 1991 (d) 1982

**8.** ઈ.સ. 2014-15માં ભારતમાં કૃષિક્ષેત્રે રોજગારી મેળવતી વસ્તીનું પ્રમાણ કેટલા ટકા હતું ?

(a) 59 (b) 49

(c) 70 (d) 75

**9.** ભારતમાં કઈ પંચવર્ષીય યોજનાથી આર્થિક આયોજન ઉદ્યોગ કેન્દ્રીત બન્યું ?

(a) પ્રથમ (b) બીજી

(c) ત્રીજી (d) ચોથી

**10.** 'કૃષિક્રાંતિ'ને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(a) બીજક્રાંતિ (b) ખાતરક્રાંતિ

(c) અનાજક્રાંતિ (d) ધિરાણક્રાંતિ

**11.** ભારતમાં ઈ.સ. 1960-61માં કેટલા જિલ્લામાં ખેતીક્ષેત્રે નવી ટેક્નોલૉજી માટે 'પાયલોટ પ્રોજેક્ટ' શરૂ કરવામાં આવ્યો ?

(a) 5 (b) 6 (c) 7 (d) 10

**12.** ભારતમાં કેટલા ટકા પાક જંતુઓ, રોગો, નીંદણ અને પશુ-પંખીઓના કારણે નુકસાન પામે છે ?

(a) 15 થી 25 (b) 5 થી 7

(c) 40 થી 50 (d) 35 થી 40

**13.** ઊંચી ઉત્પાદકતા આપતી જાતોનો કાર્યક્રમ બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

(a) સફેદક્રાંતિ (b) અનાજક્રાંતિ

(c) હરિયાળીક્રાંતિ (d) ઔદ્યોગિકક્રાંતિ

**14.** ઈ.સ. 2015-16 માં ભારતમાં પ્રતિ હેક્ટર કેટલા કિગ્રા. જંતુનાશક દવાનો ઉપયોગ થયો હતો ? ☐

(a) 7 (b) 4

(c) 0.5 (d) 10

**15.** ભારતમાં ખેડૂતોને જંતુનાશક દવાના પ્રકારો અને તેના ઝેરીપણાની માહિતી આપતી કંઈ સંસ્થા કાર્યરત છે ? ☐

(a) ICAR (b) NABARD

(c) CIBRC (d) RBI

**16.** નીચેનામાંથી કયો રોકડિયો પાક છે ? ☐

(a) ઘઉં (b) બાજરી

(c) મકાઈ (d) કપાસ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો:**

**1.** ભારતના અર્થતંત્રનો વિકાસદર આજે પણ કયાં ક્ષેત્રના વૃદ્ધિદર પર આધાર રાખે છે ?

**2.** ખેતીક્ષેત્રની આવકને સામાન્ય રીતે બીજી કઈ આવક તરીકે ઓળખવામાં આવે છે ?

**3.** પ્રાથમિક ક્ષેત્રની આવકમાં કઈ-કઈ આવકનો સમાવેશ થાય છે ?

**4.** રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રના ફાળામાં ઘટાડો થવાનું મુખ્ય કારણ કયું છે ?

**5.** કૃષિક્ષેત્રે મુખ્યત્વે કયા બે પ્રકારના પાકોનું ઉત્પાદન થાય છે ?

**6.** કૃષિક્ષેત્રે અનાજના પાકમાં મુખ્યત્વે કયા પાકોનો સમાવેશ થાય છે ?

**7.** કૃષિક્ષેત્રે ઉત્પાદન થતા રોકડિયા પાકોનાં નામ જણાવો.

**8.** ખેત-ઉત્પાદનની ગુણવત્તા અનુસાર તેનું વર્ગીકરણ કરવા કઈ પ્રથા દાખલ કરવામાં આવી ?

**9.** ભારતમાં ઈ.સ. 1951 થી ઈ.સ. 2013-14 દરમિયાન અનાજના ઉત્પાદનમાં કેટલા ગણો વધારો થયો ?

**10.** ખેડૂતો ખેતપેદાશનો સંગ્રહ કરી શકે તે હેતુથી કયાં બે નિગમો ઊભા કરવામાં આવ્યાં છે ?

**11.** ખેડૂતોને બજારભાવના ફેરફારથી સુરક્ષિત કરવા માટે સરકાર દ્વારા કયા ભાવ જાહેર કરવામાં આવે છે ?

**12.** વૈજ્ઞાનિક ઢબે થતી ખેતીમાં પાક લેતા પહેલાં શાનું પરિક્ષણ કરવાની પ્રથા પ્રચલિત બની છે ?

**13.** પાકની ફેરબદલી માટેનાં બે મુખ્ય કારણો જણાવો.

**14.** કૃષિક્ષેત્રે ખેત-ઉત્પાદકતા કયા સંદર્ભમાં માપવામાં આવે છે ?

**15.** NABARD નું પૂરું નામ આપો.

**16.** ICAR નું પૂરું નામ આપો.

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો:**

**1.** ભારતમાં કયાં પરિબળોને કૃષિક્ષેત્રે સંસ્થાકીય પરિબળો કહેવામાં આવે છે ?

**2.** ખેતીક્ષેત્રે સંસ્થાકીય પરિબળોમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

**3.** આઝાદી સમયે ભારતમાં જમીન-મહેસૂલ ઉઘરાવવા માટે કેટલી પ્રથા હતી ? કઈ કઈ ?

**4.** આઝાદી પૂર્વે ' ખેડે તેની જમીન' ના કાયદા હેઠળ કયા કાયદાઓ પસાર કરવામાં આવ્યા ?

**5.** ભારતમાં કયાં કારણોસર ખેડૂતોને ખેતધિરાણની આવશ્યકતા પડે છે ?

**6.** ભારતમાં બૅન્કોનું રાષ્ટ્રીયકરણ શા માટે હાથ ધરવામાં આવ્યું ?

7. ભારતમાં ખેડૂતોને સમયસર પૂરતી અને સસ્તી ધિરાણસેવા મળે તે માટે કઈ બૅન્કોનો વિકાસ કરવામાં આવ્યો ?

8. નાબાર્ડ (NABARD)ને કૃષિક્ષેત્રે કઈ જવાબદારી સોંપવામાં આવી ?

9. ભારતમાં સિંચાઈની સગવડનો વ્યાપ વધારવાના હેતુથી શાની રચના કરવામાં આવી ?

10. કૃષિક્ષેત્રે કયાં યંત્રોની શોધને કારણે વર્ષમાં એકથી વધુ પાક લેવાનું શક્ય બન્યું ?

11. ICAR નામની સંસ્થા કૃષિ માટે કઈ કઈ પ્રવૃત્તિ કરે છે ?

12. પરંપરાગત ખેતી અને આધુનિક ખેતીના તફાવતના બે મુદ્દા જણાવો.

13. હરિયાળી ક્રાંતિનો અર્થ જણાવો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપોઃ**

**1.** ભારતમાં 'કૃષિક્ષેત્ર અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે'- સમજાવો.

**2.** 'કૃષિક્ષેત્રની નિષ્ફળતા ઔદ્યોગિક ક્ષેત્રને નિષ્ફળતા અપાવે છે'- સમજાવો.

3. ‘કૃષિક્ષેત્રના વિકાસને કારણે ભારતમાં લોકોનાં જીવનધોરણમાં સુધારો થયો છે’- સમજાવો.

4. ટૂંકનોંધ લખો : ‘‘પાક સંરક્ષણ’’

**5.** ભારતમાં કૃષિપેદાશની વેચાણ-વ્યવસ્થામાં આવેલા સુધારા જણાવો.

**6.** ભારતમાં ખેત-ઉત્પાદકતા વધારવા માટે કયા અન્ય ઉપાયો કરી શકાય ?

7. ભારતમાં કૃષિક્ષેત્રે પાકના મુખ્ય પ્રકારો જણાવી તેનો ખ્યાલ આપો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો:**

1. ભારતમાં નીચી ખેત-ઉત્પાદકતા માટે જવાબદાર સંસ્થાકીય પરિબળો વિગતે સમજાવો.

2. ભારતમાં નીચી ખેત-ઉત્પાદકતા માટેના જવાબદાર ટેક્નોલૉજિકલ પરિબળો અને અન્ય પરિબળોનો વિગતે ખ્યાલ આપો.

**3.** ભારતમાં ખેત-ઉત્પાદકતા વધારવા માટે કરાયેલા સંસ્થાકીય સુધારાનો વિગતે ખ્યાલ આપો.

**4.** ભારતમાં ખેત-ઉત્પાદકતા વધારવા માટે કરાયેલા ટેક્નોલૉજિકલ સુધારાઓ વિગતે સમજાવો.

**5.** ભારતમાં કૃષિક્ષેત્રનું મહત્ત્વ દર્શાવતા કોઈ પણ પાંચ મુદ્દાઓ સમજાવો.

●

# 9 વિદેશ વેપાર

## પરિચય

**આંતરિક વેપાર અને વિદેશવેપાર (આંતરરાષ્ટ્રીય વેપાર)નો અર્થ :** કોઈ એક દેશની હદની અંદર થતી વેપાર- પ્રવૃત્તિને આંતરિક વેપાર અને દેશની બહાર થતી વેપાર- પ્રવૃત્તિને વિદેશવેપાર કે આંતરરાષ્ટ્રીય વેપાર કહે છે.

**વિદેશ વેપાર માટેનાં કારણો**

(1) દેશોમાં ઉપલબ્ધ ઉત્પાદનનાં સાધનોમાં તફાવત

(2) ઉત્પાદન-ખર્ચ

(3) ટેકનોલોજિકલ પ્રગતિ

(4) શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ

**વિદેશવેપારના સ્વરૂપને અસર કરતી બાબતો**

(1) સાધનોની ભૌગોલિક તથા વ્યાવસાયિક ગતિશીલતા ઓછી

(2) વિવિધતા ધરાવતી ચીજવસ્તુઓનો વેપાર

(3) પડકારજનક સ્વરૂપ

(4) રાજનયિક પ્રયત્નો

(5) વિવિધ ચલણોના ભાવ અને તેમના મૂલ્ય અંગેની અટકળો

(6) વિવિધ રાષ્ટ્રો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સંયુક્ત પ્રયાસો

(7) રાજકીય અને સામાજિક વિચારધારાઓની અસર

(8) અત્યંત મોટા પાયાનો વેપાર

(9) વધુ પ્રમાણમાં કરવેરા અને પરવાનગીઓ

(10) હરીફાઈ અને જોખમની ઊંચી માત્રા

**આંતરિક અને વિદેશવેપાર વચ્ચેનો તફાવત**

(1) કદના આધારે તફાવત

(2) વિવિધ ચલણો અને ચુકવણીની પદ્ધતિઓ

(3) ભાષા, સંસ્કૃતિ અને સમાજ અંગેના તફાવતો

(4) વાહન-વ્યવહાર ખર્ચનો તફાવત

(5) હરીફાઈના પ્રમાણમાં તફાવત

(6) ગ્રાહકને સંતોષવા અંગેનો તફાવત

(7) વહીવટી અને કાયદાકીય વ્યવસ્થામાં તફાવત

**વિદેશવેપારની પ્રવર્તમાન સ્થિતિ**

18મી સદીની મધ્યગાળાથી વિશ્વની વસ્તી 6 ગણી વધી છે. વિશ્વનું ઉત્પાદન 60 ગણું વધ્યું છે જ્યારે વિશ્વવેપાર 140 ગણો વધ્યો છે. એશિયાના દેશો આજે વિશ્વવેપારમાં નોંધપાત્ર ભાગ ભજવે છે.

**વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો**

વિશ્વવેપારનું કદ અને વૃદ્ધિદર જોતાં ભારતનો વિશ્વવેપારમાં હિસ્સો નાનો છે પરંતુ એક વિકાશશીલ દેશ તરીકે ભારત વિશ્વવેપારમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતની નિકાસો વધી છે. 2014-15 માં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો 2.07% નો હતો. સ્વતંત્રતા પછી ભારતની GDP માં નિકાસોનો ફાળો વધ્યો છે. વેપારના કદ, સ્વરૂપ અને દિશામાં મહત્ત્વના ફેરફાર નોંધાયા છે. આમ છતાંયે ભારતની આયાતો તેની નિકાસો કરતાં વધુ પ્રમાણમાં વધે છે. આયાતોનું GDP માં પ્રમાણ નિકાસો કરતાં વધુ છે.

**વિદેશવેપારનું કદ, સ્વરૂપ અને દિશા**

વિદેશવેપારનું કદ : કોઈ દેશમાં કોઈ સમયગાળા દરમિયાન આયાત અને નિકાસ થતી વસ્તુઓનું કુલ મૂલ્ય તથા કુલ જથ્થો એટલે વિદેશવેપારનું કદ

વિદેશ વેપારનું સ્વરૂપ : આયાત અને નિકાસ થતી વસ્તુના સ્વરૂપના સંદર્ભમાં સમજીએ 'આયાત અને નિકાસ થતી વસ્તુઓની રચના અથવા તેમના પ્રકારો એટલે વિદેશવેપારનું સ્વરૂપ.'

વિદેશવેપારની દિશા : કોઈ દેશનો વિશ્વના વિવિધ પ્રદેશો સાથેનો વેપાર માટેના સંબંધ એટલે વિદેશવેપારની દિશા.

**વેપારતુલા અર્થ :** વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દ્રશ્ય) ચીજોની આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું હિસાબી સરવૈયું એટલે વેપારતુલા

**લેણ-દેણની તુલાનો ખ્યાલ**

**(1) અર્થ :** વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દ્રશ્ય) અને અભૌતિક (અદ્રશ્ય) ચીજોની આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું હિસાબી સરવૈયું એટલે લેણ-દેણ તુલા.

**(2) ખાતાઓ :** બે ખાતાં હોય છે : (1) ચાલુ ખાતું (2) મૂડીખાતું અને બે બાજુઓ હોય છે જેમકે, જમા બાજું અને ઉધાર બાજું.

**(3) પ્રકારો :** (1) સમતોલ લેણદેણ તુલા (2) અસમતોલ લેણદેણ તુલા. અસમતોલ લેણ-દેણતુલામાં પુરાંતવાળી લેણ-દેણ તુલા અને ખાધવાળી લેણ-દેણ તુલાનો સમાવેશ થાય છે.

**(4) પરિબળો :** નીચેનાં પરિબળો લેણ-દેણ તુલાને અસર કરે છે :

(I) હૂંડિયામણનો દર

(II) વેપાર થતી વસ્તુઓ અને સેવાઓની પોતાના દેશમાં તથા વિદેશોમાં કિંમત

(III) વેપાર થતી વસ્તુઓની વિવિધતા અને ગુણવત્તા

(IV) અનિવાર્ય આયાતો

(V) દેશના આર્થિક વિકાસનું સ્તર

(VI) વેપાર પર રાજકીય અને કાયદાકીય અંકુશો

(VII) વેપારને આધાર આપતી સવલતો જેમકે વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર અન્ય આંતર માળખાકીય સુવિધાઓ વગેરે.

**હૂંડિયામણ દરનો ખ્યાલ**

**અર્થ :** એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં જે દરે રૂપાંતર કરી શકાય તે દરને હૂંડિયામણ દર કહે છે અથવા એક દેશના ચલણની બીજા દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમતને હૂંડિયામણ-દર કહે છે.

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધોઃ**

**1.** નીચેનામાંથી કઈ બાબત વેપારને લાગુ પડતી નથી ? ☐

(a) વિનિમયની (b) ધંધાની

(c) નફાની (d) લાગણીઓની

**2.** નીચેનામાંથી વિદેશવેપારનું કારણ કયું નથી ? ☐

(a) ઉત્પાદન ખર્ચમાં તફાવત (b) ટેક્નોલૉજિકલ પ્રગતિમાં તફાવત

(c) રાષ્ટ્રના નામમાં તફાવત (d) સાધનોની ઉપલબ્ધિમાં તફાવત

**3.** આંતરિક વેપારની સરખામણીમાં આંતરરાષ્ટ્રીય વેપારમાં હરીફાઈ અને જોખમની માત્રા કેવી હોય છે ? ☐

(a) ઓછી (b) ખૂબ ઊંચી

(c) સરખી (d) નહિવત

**4.** વિશ્વવેપાર સંગઠન(WTO)નો હસ્તક્ષેપ કયા પ્રકારની પ્રવૃત્તિમાં જોવા મળે છે ? ☐

(a) વિદેશવેપારમાં (b) ઘરેલું વેપારમાં

(c) આપણા દેશના સંરક્ષણમાં (d) આપણા દેશના ગૃહપેદાશ નિયમનમાં

**5.** નીચેનામાંથી કયા પ્રકારની આર્થિક પ્રવૃત્તિ સૌથી વધુ પડકારો ધરાવે છે ? ☐

(a) સિનેમાગૃહ સ્થાપવા અંગેની (b) શૉપિંગમોલ સ્થાપવા અંગેની

(c) ઘરેલું વેપાર કરવાની (d) વિદેશવેપાર કરવાની

**6.** ઘરેલું વેપાર કરતા આંતરરાષ્ટ્રીય વેપારમાં ગ્રાહકોને સંતોષ આપવો શા માટે અઘરો છે ? ☐

(a) લોકોની ઉંમરના તફાવતના કારણે (b) ઉત્પાદન-ખર્ચ વધુ હોવાના કારણે

(c) પસંદગીઓ તથા મૂલ્યોમાં તફાવત હોવાને કારણે (d) ઉચ્ચ ભણતરનો અભાવ હોવાને કારણે

**7.** ઈતિહાસકાર એન્ગસ મેડિસનની શોધ મુજબ 18મી સદીના મધ્ય ગાળાથી આજ સુધી વિશ્વની વસ્તીમાં કેટલો વધારો થયો છે ? ☐

(a) બમણો (b) 6 ગણો

(c) 10 ગણો (d) નહિવત

**8.** ઈતિહાસકાર એન્ગસ મેડિસનની શોધ મુજબ 18મી સદીના મધ્ય ગાળાથી પ્રવર્તમાન દાયકા સુધી વિશ્વવેપારમાં આશરે કેટલો વધારો થયો છે ? ☐

(a) 60 ગણો (b) 140 ગણો

(c) બમણો (d) નહિવત

**9.** ઈતિહાસકાર એન્ગસ મેડિસનની શોધ મુજબ 18મી સદીના મધ્ય ગાળાથી પ્રવર્તમાન દાયકા સુધી વિશ્વના ઉત્પાદનમાં આશરે કેટલો વધારો થયો છે ? ☐

(a) 60 ગણો (b) 100 ગણો

(c) બમણો (d) નહિવત

**10.** ભારતની નિકાસોના વૃદ્ધિદરની સરખામણીમાં તેની આયાતોનો વૃદ્ધિદર કેવો રહ્યો છે ? ☐

(a) વધારે (b) ઓછો

(c) સરખો (d) અનિશ્ચિત

**11.** નીચેનામાંથી કઈ વસ્તુઓની આયાતને વિકાસલક્ષી આયાત કહી શકાય ? ☐

(a) ચા-કૉફી (b) શણ

(c) મસાલા (d) ટેક્નોલૉજી

**12.** વર્તમાન દાયકામાં કયા પ્રકારની આયાતોમાં નોંધપાત્ર ઘટાડો થવાથી ભારતે સ્વનિર્ભરતા પ્રાપ્ત કરી છે ? ☐

(a) ખનીજ તેલ (b) મશીનો

(c) સ્પેરપાર્ટ્સ (d) ખાદ્યવસ્તુઓ

**13.** સ્વતંત્રતાની શરૂઆતના સમયગાળામાં ભારતનો વેપાર કયા પ્રદેશ સાથે સૌથી વધારે હતો ? ☐

(a) UK (b) USA

(c) OPEC (d) USSR

**14.** 2014-15માં ભારતના વિદેશવેપારમાં કયા પ્રદેશનો ફાળો મોટા પ્રમાણમાં રહ્યો છે ? ☐

(a) એશિયા (b) આફ્રિકાના દેશો અને એશિયાના દેશો

(c) નોર્થ અમેરિકા (d) યુરોપ

**15.** ભારત માટે હૂંડિયામણનો દર ઊંચો થાય ત્યારે ભારતના ચલણનું આંતરરાષ્ટ્રીય બજારમાં મૂલ્ય કેવું થયેલું ગણાય છે ? ☐

(a) વધ્યું (b) સ્થિર

(c) ઘટ્યું (d) અંશતઃવધારો

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો:**

**1.** આંતરરાષ્ટ્રીય વેપાર (વિદેશવેપાર)નો અર્થ આપો.

**2.** વિવિધ દેશો વચ્ચે વિદેશવેપાર થવા માટેના કોઈ પણ બે કારણોના માત્ર મુદ્દા જણાવો.

**3.** ગુજરાત રાજ્યમાં વેપાર વધારવા માટે કઈ સમીટ યોજાય છે ?

**4.** વિદેશવેપારની દિશા એટલે શું ?

**5.** ભારતની વસ્તુ આયાતોમાં વિશ્વના કયા પ્રદેશનો ટકાવારી હિસ્સો સૌથી વધુ છે ?

**6.** ભારતની વસ્તુ નિકાસોમાં વિશ્વના કયા પ્રદેશનો ટકાવારી હિસ્સો સૌથી વધુ છે ?

**7.** વેપારતુલાનો અર્થ આપો.

**8.** લેણદેણ તુલાનો અર્થ આપો.

**9.** લેણદેણ તુલાની જમા બાજુએ શું નોંધાય છે ?

**10.** લેણદેણ તુલાની ઉધાર બાજુએ શું નોંધાય છે ?

**11.** વિદેશવેપારનું કદ એટલે શું ?

**12.** લેણદેણની તુલાના પ્રકારો જણાવો.

**13.** લેણદેણની તુલાના મૂડીખાતામાં સમાવેશ થતી બાબતો કઈ-કઈ છે ?

**14.** લેણદેણની તુલામાં ખાધ છે એમ ક્યારે કહેવાય ?

**15.** હૂંડિયામણનો દર એટલે શું ?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો:**

**1.** આંતરિકવેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચે તફાવતના કોઈ પણ બે મુદ્દા સમજાવો.

**2.** આંતરરાષ્ટ્રીય (વિદેશ) વેપારમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણની ભૂમિકા સમજાવો.

**3.** આંતરરાષ્ટ્રીય (વિદેશ) વેપારમાં વિવિધ સાધનોની ગતિશીલતા વિશે સમજૂતી આપો.

**4.** ઈ.સ. 2014 માં ભારતની કુલ GDP માં વેપારનો ટકાવારી હિસ્સો જણાવો.

5. ભારતનો વિશ્વવેપારમાં હિસ્સો જણાવો.

6. વિશ્વના વિવિધ પ્રદેશોનો ભારતની વસ્તુ આયાતોમાં ટકાવારી હિસ્સો દર્શાવો.

7. વિશ્વના વિવિધ પ્રદેશોનો ભારતની વસ્તુનિકાસોમાં ટકાવારી હિસ્સો દર્શાવો.

8. વેપારતુલા અને લેણદેણની તુલા વચ્ચે તફાવતના બે મુદ્દા જણાવો.

9. હૂંડિયામણના દરના સંદર્ભમાં ભારતના રૂપિયાનું મૂલ્ય ક્યારે ઘટે તે ઉદાહરણની મદદથી સમજાવો.

10. હૂંડિયામણના દરના સંદર્ભમાં ભારતના રૂપિયાનું મૂલ્ય ક્યારે વધે તે ઉદાહરણની મદદથી સમજાવો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો:**

**1.** વિદેશવેપાર માટેનાં ગમે તે ત્રણ કારણો ચર્ચો.

**2.** ભારતના વિદેશવેપારના કદ ઉપર નોંધ લખો.

**3.** ભારતની આયાતોની દિશા પર નોંધ લખો.

**4.** ભારતની નિકાસોની દિશા પર નોંધ લખો.

5. લેણદેણની તુલાને અસર કરતાં પરિબળો જણાવો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપોઃ**

1. વિદેશવેપારના સ્વરૂપને અસર કરતાં પાંચ પરિબળો સમજાવો.

2. આંતરિકવેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર(વિદેશવેપાર) વચ્ચેનો તફાવત સવિસ્તર સમજાવો.

3. ભારતની આયાત અને નિકાસ થતી વસ્તુઓના સ્વરૂપને સમજાવો.

**4.** લેણદેણની તુલાનો અર્થ આપી તેના પ્રકારો અને ખાતાઓની વિગતે ચર્ચા કરો.

**5.** હૂંડિયામણ-દરનો અર્થ આપી તેમાં થતા ફેરફારો અને અસરોની ચર્ચા કરો.

# 10 ઉદ્યોગક્ષેત્ર

## પરિચય

**ઉદ્યોગક્ષેત્રનું મહત્ત્વ :** કોઈ પણ દેશની રાષ્ટ્રીય આવક ખેતી-ઉદ્યોગ-સેવાક્ષેત્રના ઉત્પાદનનો સમન્વય છે. તેમાંથી ઉદ્યોગક્ષેત્ર એક મહત્ત્વનું ઉત્પાદકીય ક્ષેત્ર છે. દુનિયાનો અભ્યાસ કરતા જણાય છે મોટા ભાગના વિકસિત દેશો ઔદ્યૌગિક દેશો છે. દા.ત., અમેરિકા, બ્રિટન, જાપાન આવા દેશો ઉદ્યોગક્ષેત્રના મહત્ત્વના કારણે જ વિકસિત બની શક્યા છે. ઉદ્યોગોને કારણે રોજગારીની તકો વધારે રહે છે. નિકાસ-કમાણી વધારે થાય છે. ખેતીનું આધુનિકરણ શક્ય બને છે. અર્થતંત્રનો સમતોલ વિકાસ થાય છે. અર્થતંત્રનું ઔદ્યોગિક માળખું મજબૂત બને છે અને તેજી-મંદીનો સામનો કરી શકે છે. સમાજમાં પરિવર્તનો શક્ય બને છે. સામાજિક માળખું વિકાસને અનુરૂપ બને છે.

**ઓદ્યોગિક માળખું :** આયોજન દરમિયાન ઔદ્યોગિક ક્ષેત્ર કેવું રહ્યું છે ? ઓદ્યોગિક માળખાનો વિચાર ત્રણ રીતે કરવામાં આવે છેઃ
(1) મૂડીરોકાણના કદના આધારે : ગૃહઉદ્યોગ, ટચુકડા ઉદ્યોગ, નાના પાયાના ઉદ્યોગ, મધ્યમ પાયાના ઉદ્યોગ, મોટા પાયાના ઉદ્યોગ

(2) માલિકીના આધારે : જાહેર ક્ષેત્રના ઉદ્યોગો, ખાનગીક્ષેત્રના ઉદ્યોગો, સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો અને સહકારી ક્ષેત્રના ઉદ્યોગો

(3) ઉત્પાદિત વસ્તુના સ્વરૂપના આધારે : વપરાશી વસ્તુના ઉદ્યોગો અને અર્ધતૈયાર વસ્તુના ઉદ્યોગો

**ઔદ્યોગિક વિકાસ માટે સરકારે લીધેલા પગલાં :** અન્ય ક્ષેત્રોની જેમ ઔદ્યોગિક ક્ષેત્ર પણ દેશના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. તેથી ઔદ્યોગિક ક્ષેત્ર દેશમાં વિકસે તે માટે સરકારે કેટલાક પગલાઓ લીધાં છે. રાજ્ય પોતે ઉદ્યોગ ચલાવે છે, ખાનગી ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે. આયાત-જકાતનો ઉપયોગ કરે છે. ઉદ્યોગ સાહસિકોને ટેકિનકલ કૌશલ્ય અને તાલીમ આપે છે. આર્થિક સહાય આપે છે. પાયાની સુવિધાઓ પૂરી પાડે છે. વિવિધ સંસ્થા અને નીતિઓની રચના કરે છે

**વિશિષ્ટ આર્થિક વિસ્તાર (SEZ) :** વિદેશી મૂડીરોકાણને આકર્ષવા અને આંતરરાષ્ટ્રીય હરીફાઈ પ્રમાણેનું અંકુશરહિત વાતાવરણ સર્જવા SEZ ની રચના કરવામાં આવે છે. ભારતમાં આઠ વિશિષ્ટ આર્થિક વિસ્તારોની સ્થાપના કરવામાં આવી છે. કોઈ પણ ખાનગી વ્યક્તિ, સરકાર, સંયુક્ત ક્ષેત્ર આવું નિર્માણ કરી શકે છે.

**નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ :** દેશમાં છેલ્લા 5 દાયકાઓથી નાના પાયાના ઉદ્યોગો, રોજગારી સર્જન, ઉત્પાદન વૃદ્ધિ, નિકાસો દ્વારા હૂંડિયામણની કમાણી, શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ, સમતોલ પ્રાદેશિક વિકાસ, આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ અને ઊંચો આર્થિક વિકાસ દર હાંસલ કરવા આગળ પડતા રહ્યા છે જે તેમનું મહત્ત્વ દર્શાવે છે.

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધોઃ**

**1.** ટચુકડા ઉદ્યોગો માટે મૂડીરોકાણની મર્યાદા કેટલી છે ? ☐

(a) ₹ 25 લાખ (b) ₹ 50 લાખ

(c) ₹ 75 લાખ (d) ₹ 1 કરોડ

**2.** મૂડીરોકાણના કદના આધારે ઉદ્યોગોના કેટલા પ્રકાર પાડવામાં આવે છે ? ☐

(a) બે (b) ત્રણ

(c) ચાર (d) પાંચ

**3.** નીચેનામાંથી કયો દેશ ખેતીપ્રધાન હોવા છતાં વિકસિત છે ? ☐

(a) ન્યૂઝીલૅન્ડ (b) અમેરિકા

(c) જાપાન (d) જર્મની

**4.** કયા એકમોનું સંચાલન સરકાર ખાનગી ક્ષેત્રની જેમ પ્રવર્તમાન કંપનીધારા મુજબ કરે છે ? ☐

(a) જાહેર નિગમો (b) ખાતાકીય

(c) સંયુક્ત મૂડી કંપનીઓ (d) સંયુક્ત ક્ષેત્રના

**5.** ઑઇલ ઍન્ડ નેચરલ ગૅસ કૉર્પોરેશન નીચેનામાંથી કોનું ઉદાહરણ છે ? ☐

(a) ખાતાકીય ઉદ્યોગ (b) જાહેર નિગમ

(c) સંયુક્ત મૂડી કંપની (d) નાના ઉદ્યોગ

**6.** એવી વસ્તુઓ કે જેનું ઉત્પાદન થયું છે પરંતુ ઉત્પાદનનો વધુ એક તબક્કો બાકી હોય તેવા પ્રકારની વસ્તુના ઉદ્યોગને શું કહેવાય ? ☐

(a) વપરાશી વસ્તુના ઉદ્યોગ (b) મોજશોખની વસ્તુના ઉદ્યોગ

(c) તૈયાર વસ્તુના ઉદ્યોગ (d) અર્ધતૈયાર વસ્તુના ઉદ્યોગ

**7.** ફાલતા SEZ કયા રાજ્યમાં સ્થાપવામાં આવ્યું છે ? ☐

(a) ગુજરાત (b) કેરલ

(c) પશ્ચિમ બંગાળ (d) ઉત્તરપ્રદેશ

**8.** ભારતમાં કેટલા વિશિષ્ટ આર્થિક વિસ્તારો સ્થાપવામાં આવ્યા છે ? ☐

(a) આઠ (b) પાંચ

(c) છ (d) સાત

**9.** આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ કયા પ્રકારના ઉદ્યોગથી શક્ય બને છે ? ☐

(a) મોટા ઉદ્યોગથી (b) નિકાસલક્ષી ઉદ્યોગથી

(c) નાના ઉદ્યોગથી (d) મૂડીપ્રધાન ઉદ્યોગથી

**10.** ભારતીય રેલવેનો સમાવેશ કયા ઉદ્યોગમાં કરવામાં આવે છે ?

(a) જાહેર ક્ષેત્ર (b) ખાનગી ક્ષેત્ર

(c) સહકારી ક્ષેત્ર (d) સંયુક્ત ક્ષેત્ર

**11.** 2013-14 માં રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગ ક્ષેત્રનો હિસ્સો કેટલો હતો ?

(a) 23 % (b) 27 %

(c) 50 % (d) 37 %

**12.** ટચુકડા ઉદ્યોગો કેવા પ્રકારની ઉત્પાદન-પદ્ધતિ અપનાવે છે ?

(a) મૂડીપ્રધાન (b) શ્રમપ્રધાન

(c) મિશ્ર (d) નિકાસલક્ષી

**13.** વિશિષ્ટ આર્થિક વિસ્તારનો ઉપયોગ નીચેનામાંથી કયા દેશે કર્યો છે ?

(a) પાકિસ્તાન (b) શ્રીલંકા

(c) નેપાળ (d) ફિલિપાઈન્સ

**14.** મુખ્યત્વે કુંટુંબના સભ્યો અને સાદાં ઓજારોનો, વીજળીનો ઉપયોગ કર્યા વગર ચાલતા ઉદ્યોગોને કેવા ઉદ્યોગ કહે છે ?

(a) ગૃહઉદ્યોગ (b) ટચુકડા ઉદ્યોગ

(c) નાના પાયાના ઉદ્યોગ (d) મધ્યમ પાયાના ઉદ્યોગ

**15.** નીચેનામાંથી કયો ઉદ્યોગ સહકારી ક્ષેત્રનો ઉદ્યોગ છે ?

(a) સાબુ (b) સિનેમા

(c) દૂધની ડેરી (d) સ્ટેટ ટ્રાન્સપોર્ટ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો:**

**1.** જાહેર ક્ષેત્રના ઉદ્યોગની વ્યાખ્યા આપો.

**2.** કોઈ પણ ત્રણ જાહેર નિગમનાં નામ આપો.

3. IFFCO નું પૂરું નામ આપો.

4. વિદેશી હૂંડિયામણની કમાણી કેવી રીતે ઉપયોગી છે ?

5. ટચુકડા ઉદ્યોગ એટલે શું ?

6. ગૃહઉદ્યોગ કોને કહેવાય ?

7. SEZ નું પૂરું નામ આપો.

8. સંયુક્ત મૂડી કંપનીનાં બે ઉદાહરણ આપો.

9. સરકાર ખાનગી ઉદ્યોગોના માલિકોને કેવી સહાય આપે છે ?

10. સંયુકત મૂડી કંપનીઓનું સંચાલન કોણ અને કેવી રીતે કરે છે ?

11. આયાત-જકાત એટલે શું ?

12. ભારતમાં SEZ નો અમલ ક્યારથી થયો છે ?

13. ગુજરાતના બે સ્થળોએ SEZ ની રચના થઈ છે ?

**14.** શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ એટલે શું ?

**15.** 2011-12 માં ભારતમાં નાના પાયાના ઉદ્યોગોના એકમો કેટલા છે ?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

**1.** ભારતમાં શા માટે ઉદ્યોગોનો વિકાસ જરૂરી છે ?

**2.** વિશિષ્ટ આર્થિક વિસ્તારોમાં ઉદ્યોગોને કઈ સવલતો મળે છે ?

**3.** ખેતીના આધુનિકીકરણમાં ઉદ્યોગ કઈ રીતે મદદ કરે છે ?

**4.** વિશિષ્ટ આર્થિક વિસ્તાર એટલે શું ?

**5.** ભારતનાં પ્રમુખ આઠ વિશિષ્ટ આર્થિક વિસ્તારોનાં નામ જણાવો.

**6.** નાના ઉદ્યોગો હૂંડિયામણની બચત કઈ રીતે કરી શકે છે ?

**7.** નાના ઉદ્યોગોથી ઊંચો વિકાસદર કેવી રીતે હાંસલ થઈ શકે છે ?

**8.** ભારતમાં આર્થિક વિસ્તારોની રચના કોના-કોના દ્વારા થઈ શકે છે ?

**9.** ઉત્પાદિત વસ્તુના સ્વરૂપના આધારે ઉદ્યોગોના પ્રકારો જણાવો.

**10.** ઔદ્યોગિકીકરણથી સામાજિક માળખામાં કયા અને કેવા ફેરફારો થાય છે ?

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો:**

**1.** મૂડીરોકાણના કદના આધારે ઔધોગિક માળખું સમજાવો.

2. જાહેર ક્ષેત્રના ઉદ્યોગોને કયા ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. દરેકનો ટૂંકમાં પરિચય આપો.

3. રાષ્ટ્રીયઆવક અને રોજગારીની દૃષ્ટિએ ઉદ્યોગક્ષેત્રનું મહત્ત્વ સમજાવો.

4. ઉત્પાદન, રોજગારી અને નિકાસોની દૃષ્ટિએ નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ સમજાવો.

5. નાના પાયાના ઉદ્યોગોથી વિકેન્દ્રીકરણ કેવી રીતે શક્ય બને છે ? સમજાવો.

વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપોઃ**

**1.** 'દેશના આર્થિક વિકાસની પૂર્વ શરત ઔદ્યોગિક વિકાસ છે'. ચર્ચો.

2. મૂડીરોકાણના કદ અને ઉદ્યોગોની માલિકીના આધારે ઉદ્યોગોના પ્રકારો જણાવો.

3. 'નાના ઉદ્યોગો ભારત માટે અતિઆવશ્યક છે' કઈ રીતે ? સમજાવો.

**4.** ભારતમાં ઉદ્યોગો વધે તે માટે સરકારે લીધેલા પાંચ ઉપાયો સમજાવો.

**5.** વિશિષ્ટ આર્થિક વિસ્તાર ઉપર વિસ્તૃત નોંધ લખો.

# 11 ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો

## પરિચય

**સ્થળાંતરનો અર્થ :** જ્યારે વ્યક્તિ એક સ્થળેથી બીજા સ્થળે વતનથી દૂર, દેશમાં કે વિદેશમાં નોકરી, વ્યવસાય, ધંધો કે સારું જીવન-ધોરણ પ્રાપ્ત કરવા માટે કાયમી વસવાટ કરે છે ત્યારે તેને સ્થળાંતર કહે છે.

**સ્થળાંતરના પ્રકારો :**

(1) સ્થળ આધારિત સ્થળાંતર જેમાં આંતરિક સ્થળાંતર અને આંતરરાષ્ટ્રીય સ્થળાંતરનો સમાવેશ થાય છે.

(2) કારણ આધારિત સ્થળાંતર જેમાં આકર્ષણ સ્થળાંતર અને અપાકર્ષણ સ્થળાંતરનો સમાવેશ થાય છે.

**સ્થળાંતરનાં કારણો**

(1) આર્થિક કારણો (2) સામાજિક કારણો

(3) રાજકીય કારણો (4) કુદરતી આપત્તિઓ કે પર્યાવરણીય કારણો

**સ્થળાંતરની અસરો**

**[A] હકારાત્મક અસરો :** (1) આવકમાં વૃદ્ધિ (2) દેશના ઝડપી આર્થિક વિકાસમાં ફાળો

**[B] નકારાત્મક અસરો :** (1) અનિયંત્રિત શહેરીકરણ (2) માળખાકીય સુવિધાઓનું અપૂરતું પ્રમાણ (3) પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યા (4) સામાજિક દૂષણો

**શહેરીકરણ : અર્થ**

ગ્રામ્ય વિસ્તારમાંથી શહેર વિસ્તારમાં થતા વસ્તીના સ્થળાંતરને શહેરીકરણ કહે છે.

**શહેરીકરણની અસરો :**

**[A] હકારાત્મક અસરો :** (1) માળખાકીય સુવિધામાં વધારો (2) ગરીબીમાં ઘટાડો (3) સાંસ્કૃતિક વિકાસ (4) અત્યાધુનિક આરોગ્યની સેવાઓ (5) સામાજિક અસર - આધુનિક વિચારસરણી (6) ઊંચું જીવનધોરણ

**[B] નકારાત્મક અસરો :** (1) આર્થિક અસમાનતા (2) સામાજિક અસમાનતા (3) ગંદા વસવાટોનો પ્રશ્ન (4) કાયદો-વ્યવસ્થાની સમસ્યા (5) આંતર માળખાકીય સુવિધાના પ્રશ્નો (6) પર્યાવરણના પ્રદૂષણના પ્રશ્નો

**શહેરીકરણની સમસ્યાને હળવી કરવાના ઉપાયો**

(1) નીતિવિષયક પગલાં
(2) રોજગારીની તકો વધારવી
(3) માળખાકીય સુવિધાઓ સુદૃઢ કરવી
(4) શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ
(5) ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ
(6) ગામડામાં પાયાની સુવિધાઓનો વિકાસ
(7) વહીવટી વ્યવસ્થા સુદૃઢ કરવી

**આંતરમાળખાકીય સેવાઓ :**

(1) શિક્ષણ (2) આરોગ્ય (3) વીજળી (4) રેલવે
(5) પેટ્રોલિયમ

**વિભાગ A**

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધો :**

**1.** ભારતમાં મોટા પાયાના આર્થિક સુધારા કયા વર્ષમાં કરવામાં આવ્યા ? ☐

(a) 1990 (b) 1991 (c) 1998 (d) 1999

**2.** 2050 સુધીમાં વિશ્વની કેટલી વસ્તી શહેરોમાં રહેતી હશે ? ☐

(a) $\frac{1}{2}$ (b) $\frac{1}{4}$ (c) $\frac{2}{3}$ (d) $\frac{3}{4}$

**3.** ભારતમાં 1951માં અપાયેલ નગરની વ્યાખ્યા કેવી હતી ? ☐

(a) સંકુચિત (b) ઉદાર (c) અધૂરી (d) ચોક્કસ

**4.** ભારતીય બંધારણ કઇ વય સુધીનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત ધોરણે પ્રાપ્ત થવું જોઇએ ? ☐

(a) 6-14 વર્ષ (b) 7-15 વર્ષ (c) 5-15 વર્ષ (d) 4-14 વર્ષ

**5.** 2011માં ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું હતું ? ☐

(a) 65.4 % (b) 70.04 % (c) 74.04 % (d) 71.04 %

**6.** ભારતમાં રેલવેની સૌપ્રથમ શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ? ☐

(a) 1851 (b) 1850 (c) 1855 (d) 1853

**7.** રાજસ્થાનમાંથી ગુજરાત રાજ્યમાં થતા સ્થળાંતરને કેવું સ્થળાંતર કહેવાય ? ☐

(a) આંતરિક (b) આંતરરાષ્ટ્રીય (c) મોજશોખ (d) સ્થાનિક

**8.** ભારતમાંથી યુ.એસ.એ.માં થતા સ્થળાંતરને કેવું સ્થળાંતર કહેવાય ? ☐

(a) આંતરિક (b) આંતરરાષ્ટ્રીય (c) સ્થાનિક (d) ફરજિયાત

**9.** આજના સમયમાં વિશ્વમાં સૌથી વધુ શહેરીકરણ કયા દેશમાં થઈ રહ્યું છે ? ☐

(a) યુ.એસ.એ. (b) કૅનેડા (c) ભારત (d) ચીન

**10.** ભારતમાં 2011માં આશરે કેટલા ટકા વસ્તી શહેરોમાં વસે છે ? ☐

(a) 32% (b) 31% (c) 34% (d) 37%

**11.** ભારતમાં વર્ષ 2011માં ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલા ટકા હતું ? ☐

(a) 74.04 (b) 70.50 (c) 79.31 (d) 69.14

**12.** ભારતમાં વર્ષ 2011માં સરેરાશ આયુષ્ય કેટલા વર્ષનું થયું હતું ? ☐

(a) 65.6 વર્ષ (b) 62.5 વર્ષ (c) 63.6 વર્ષ (d) 63.5 વર્ષ

**13.** કયા પ્રકારની વીજઉત્પાદન પદ્ધતિને ભારત સરકાર વધુ ને વધુ લોકભોગ્ય બનાવવા માટે સતત પ્રયાસ કરી રહી છે ? ☐

(a) થર્મલ (b) હાઇડ્રો (c) સોલર (d) પવન

**14.** વિશ્વમાં નેટવર્કની દૃષ્ટિએ ભારતીય રેલવે કેટલામું સ્થાન ધરાવે છે ? ☐

(a) પ્રથમ (b) બીજું (c) ત્રીજું (d) ચોથું

**15.** ONGC ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ? ☐

(a) 1959 (b) 1947 (c) 1951 (d) 1955

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો:**

**1.** આજના સમયમાં શહેરીકરણમાં પ્રથમ અને બીજા સ્થાને આવતાં દેશોનાં નામ આપો.

______________________________

______________________________

**2.** દેશના વિકાસ અને પ્રગતિ માટે કયા પ્રકારની સુવિધાઓ જરૂરી છે ?

______________________________

______________________________

**3.** સ્થળાંતરનો અર્થ આપો.

______________________________

______________________________

**4.** આંતરિક સ્થળાંતર કોને કહેવાય ?

**5.** આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કોને કહેવાય ?

**6.** વિકાસલક્ષી સ્થળાંતર કોને કહેવાય ?

**7.** ગામડામાંથી શહેરો તરફ થતા ફરજિયાત સ્થળાંતરને કયા પ્રકારનું સ્થળાંતર કહેવાય ?

**8.** પારિભાષિક શબ્દ સમજાવો : શહેરીકરણ

**9.** સ્થળાંતરના અર્થમાંથી ફલિત થતી મુખ્ય બે બાબતો જણાવો.

**10.** સ્થળાંતરથી થતી નકારાત્મક સામાજિક અસરનાં બે ઉદાહરણ આપો.

**11.** ગ્રામ્ય વિસ્તારના લોકો કરતા શહેરોના લોકોનું જીવનધોરણ કેમ ઊંચું જોવા મળે છે ?

**12.** કયા કાયદા દ્વારા ભારતમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં આવ્યો છે ?

**13.** WHO એ આપેલી આરોગ્ય (Health)ની વ્યાખ્યા આપો.

**14.** માનવ મૂડીરોકાણ કોને કહેવામાં આવે છે ?

**15.** પૂર્ણ નામ આપો : (1) WHO (2) ONGC

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો:**

**1.** આકર્ષણ સ્થળાંતર કોને કહેવાય.

**2.** પારિભાષિક શબ્દ સમજાવો : અપાકર્ષણ સ્થળાંતર

**3.** શહેરીકરણ કયા ત્રણ પ્રકારે થાય છે તે સમજાવો.

**4.** શહેરની વ્યાખ્યા આપો.

**5.** ભારતમાં બાળકોની ઉંમરને ધ્યાનમાં લઈને શિક્ષણના કયા-કયા તબક્કાઓ પાડવામાં આવ્યા છે તે જણાવો.

**6.** આરોગ્યમાં સુધારો આર્થિક વિકાસમાં કઈ રીતે મદદરૂપ બને છે ?

7. ભારતમાં વીજળી કેટલી રીતે મેળવી શકાય છે ? ઉદાહરણ આપી સમજાવો.

8. વીજળી ક્ષેત્ર સામેના પડકારો જણાવો.

9. પારિભાષિક શબ્દ સમજાવો : આરોગ્ય

10. પારિભાષિક શબ્દ સમજાવો : પર્યાવરણ મિત્ર

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપોઃ**

1. સ્થળાંતરના પ્રકારો સમજાવો.

2. ટૂંક નોંધ લખો : શિક્ષણનો અર્થ અને મહત્ત્વ

3. શિક્ષણની વર્તમાન સ્થિતિ વિશે ટૂંકમાં સમજાવો.

**4.** ટૂંક નોંધ લખો : ભારતમાં આરોગ્ય

**5.** ભારતમાં વીજળીની વર્તમાન સ્થિતિ વિશે ટૂંકમાં સમજૂતી આપો.

**6.** ટૂંક નોંધ લખો : ભારતમાં રેલવે

**7.** 'ભારતમાં પેટ્રોલિયમ' વિશે નોંધ લખો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપોઃ**

**1.** ભારતમાં સ્થળાંતરના કારણોની સમજૂતી આપો.

2. સ્થળાંતરની હકારાત્મક અસરો ચર્ચો.

3. સ્થળાંતરની નકારાત્મક અસરો વિશે સવિસ્તર સમજૂતી આપો.

4. શહેરીકરણની હકારાત્મક અને નકારાત્મક અસરો સવિસ્તર ચર્ચો.

5. શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો ચર્ચો.

●

# આકૃતિ-વિશ્લેષણ

અર્થશાસ્ત્રના વિસ્તારપૂર્વકના પ્રશ્નોના ઉત્તર લખવાની મુખ્યત્વે બે રીતો છેઃ (1) વર્ણનાત્મક અને (2) આકૃતિની મદદ દ્વારા. આ બંને રીતોનું આગવું મહત્ત્વ છે. ગુજરાતના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ વર્ણનાત્મક રીતથી પરિચિત છે. પરંતુ આકૃતિની મદદથી પ્રશ્ન કે સમસ્યાને કેવી રીતે રજૂ કરવી તેના માટે આકૃતિ પૂછીને વિદ્યાર્થીને મહાવરો આપવામાં આવે તે જરૂરી છે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 12 સામાન્ય પ્રવાહના અર્થશાસ્ત્ર વિષયની વાર્ષિક પરીક્ષા તથા શાળાકીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પ્રશ્ન નં. 48 માં ગ્રાફપેપરમાં આકૃતિ અને તેના વિશ્લેષણને લગતો પ્રશ્ન ફરજિયાત રીતે પુછાય છે. વિદ્યાર્થીઓને આકૃતિ દોરવાનો મહાવરો મળે અને આકૃતિ દોરીને તેનું વિશ્લેષણ કેવી રીતે લખાય, તેમાં કેટલા મુદ્દા જરૂરી છે અને આપેલ આંકડાકીય માહિતી સિવાયની બાબતો તેની સમજૂતીમાં ન આવે તે માટે આ પ્રકરણ તૈયાર કરવામાં આવ્યું છે. સમાવિષ્ટ આકૃતિનો મહાવરો શાળાકીય પરીક્ષા અને વાર્ષિક પરીક્ષાની તૈયારીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પથદર્શક બની રહે તે ઉદ્દેશ્ય સ્વ-અધ્યયનપોથી, શાળા પાઠ્યપુસ્તક મંડળનો છે.

(1) નીચે આપેલી આંકડાકીય માહિતી પરથી સમય આધારિત રેખા-આકૃતિ દોરી તેનું વિશ્લેષણ કરોઃ

| સમયગાળો | 1951-61 | 1961-71 | 1971-81 | 1981-91 | 1991-2001 | 2001-2011 |
|---|---|---|---|---|---|---|
| ભારતમાં વસ્તીવૃદ્ધિદર (ટકામાં) | 21.64 | 24.80 | 24.66 | 23.87 | 21.54 | 17.64 |

(2) વર્ષ-2014ની નીચે આપેલી આંકડાકીય માહિતીને પાસ-પાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરોઃ

| દેશ | નોર્વે | અમેરિકા | શ્રીલંકા | ચીન | ભારત | પાકિસ્તાન |
|---|---|---|---|---|---|---|
| **રાષ્ટ્રીય આવકનો વાર્ષિક ટકાવારી વૃદ્ધિદર** | 2.2 | 2.4 | 4.5 | 7.3 | 7.3 | 4.7 |
| **માથાદીઠ આવકનો વાર્ષિક ટકાવારી વૃદ્ધિદર** | 1.1 | 1.6 | 3.5 | 6.7 | 6.0 | 2.6 |

(3) નીચે આપેલી આંકડાકીય માહિતીને સમય આધારિત રેખાઆકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરોઃ

| **વર્ષ** | 1953 | 1981 | 1991 | 2016 |
|---|---|---|---|---|
| **ભારતમાં બૅન્ક રેટ (ટકામાં)** | 3.5 | 10 | 12 | 7 |

(4) નીચે આપેલી આંકડાકીય માહિતી પરથી પાસપાસેની સ્તંભાકૃતિ દોરી તેનું વિશ્લેષણ કરોઃ

| વર્ષ | 2004-05 | 2011-12 |
|---|---|---|
| **ગ્રામ્યક્ષેત્રે ગરીબી (ટકામાં)** | 41.8 | 25.7 |
| **શહેરીક્ષેત્રે ગરીબી (ટકામાં)** | 25.7 | 13.7 |
| **સમગ્ર ભારતની વસ્તીની ગરીબી (ટકામાં)** | 37.2 | 21.9 |

(5) નીચે આપેલી આંકડાકીય માહિતીને સાદી સ્તંભાકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરો:

**ભારતમાં કુપોષિત વ્યક્તિઓનું પ્રમાણ (ટકામાં)**

| વર્ષ | 1990-92 | 2000-02 | 2005-07 | 2010-12 | 2014-16 |
|---|---|---|---|---|---|
| કુલ કુપોષિત વ્યક્તિઓનું પ્રમાણ (ટકામાં) | 23.7 | 17.5 | 20.5 | 15.6 | 15.2 |

(6) નીચે આપેલી આંકડાકીય માહિતી પરથી સાદી સ્તંભાકૃતિ દોરી તેનું વિશ્લેષણ કરોઃ

| **વર્ષ** | 1951 | 1971 | 1991 | 2011 |
|---|---|---|---|---|
| **ભારતમાં વસ્તી (કરોડમાં)** | 36.0 | 55.0 | 85.0 | 121.0 |

(7) ભારત અને ગુજરાતમાં જાતિ-પ્રમાણની આપેલી આંકડાકીય માહિતીને પાસપાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરોઃ

| વર્ષ | 1961 | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|---|
| દર હજાર પુરુષે સ્ત્રીઓનું પ્રમાણ (ભારત) | 941 | 927 | 933 | 940 |
| દર હજાર પુરુષે સ્ત્રીઓનું પ્રમાણ (ગુજરાત) | 940 | 936 | 921 | 918 |

(8) ભારતની વયજૂથ પ્રમાણે(ટકામાં) વસ્તીની આપેલી આંકડાકીય માહિતીને વિભાજિત સ્તંભાકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરોઃ

| વર્ષ / વય-જૂથ | **2005** | **2010** | **2011** | **2014 (અંદાજિત)** |
|---|---|---|---|---|
| **0-14** | 33.0 | 31.0 | 31.0 | 29.0 |
| **15-64** | 62.0 | 64.0 | 64.0 | 65.0 |
| **65 થી વધુ** | 5.0 | 5.0 | 5.0 | 6.0 |

(9) ભારતની ગ્રામીણ અને શહેરી વસ્તીની આપેલી આંકડાકીય માહિતી પરથી પાસપાસેની સ્તંભાકૃતિ દોરી તેનું વિશ્લેષણ કરો:

| વર્ષ | 1901 | 1951 | 1981 | 2011 |
|---|---|---|---|---|
| ગ્રામીણ વસ્તી (કરોડમાં) | 21.2 | 29.9 | 52.4 | 83.02 |
| શહેરી વસ્તી (કરોડમાં) | 2.6 | 6.2 | 15.9 | 38.0 |

(10) ભારતની ગ્રામીણ અને શહેરી વસ્તીની આપેલી આંકડાકીય માહિતી પરથી વિભાજિત સ્તંભાકૃતિ દોરી તેનું વિશ્લેષણ કરોઃ

| વર્ષ | 1901 | 1951 | 1981 | 2011 |
|---|---|---|---|---|
| ગ્રામીણ વસ્તી (ટકામાં) | 89.0 | 83.0 | 77.0 | 68.0 |
| શહેરી વસ્તી (ટકામાં) | 11.0 | 17.0 | 23.0 | 32.0 |

(11) ભારતની રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો ફાળો (ટકામાં) નીચે દર્શાવેલ છે તેના પરથી સાદી સ્તંભાકૃતિ દોરી તેનું વિશ્લેષણ કરોઃ

| વર્ષ | 1950-51 | 1970-71 | 1990-91 | 2011-12 |
|---|---|---|---|---|
| રાષ્ટ્રીય આવકમાં ફાળો (ટકામાં) | 53.0 | 42.0 | 30.0 | 14.0 |

(12) ભારતમાં શહેરી વસ્તીનું પ્રમાણ (ટકામાં) આપેલું છે તેના પરથી સાદી સ્તંભાકૃતિ દોરી તેનું વિશ્લેષણ કરો:

| વર્ષ | 1961 | 1971 | 1981 | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|---|---|---|
| શહેરી વસ્તીનું પ્રમાણ (ટકામાં) | 18 | 20 | 23 | 25 | 28 | 31 |

(13) નીચે આપેલી આંકડાકીય માહિતીને પાસપાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરો:

| વર્ષ | 1981 | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|---|
| **ભારતમાં સાક્ષરતા (ટકામાં)** | 44 | 52 | 65 | 74 |
| **ગુજરાતમાં સાક્ષરતા (ટકામાં)** | 45 | 61 | 69 | 79 |

**નોંધ :** શાળાકીય અને બોર્ડની પરીક્ષામાં આકૃતિ દોરવાના 2.5 ગુણ અને તેના વિશ્લેષણના 2.5 ગુણ એમ કુલ 5 ગુણ હોય છે. વિશ્લેષણમાં પાંચ મુદ્દા અપેક્ષિત છે.

# જવાબો

## પ્રકરણ 1

**1.** (A) આર્થિક
**2.** (B) અસતત
**3.** (A) સતત
**4.** (D) અભ્યાસ માટેનું એક સાધન
**5.** (C) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે
**6.** (C) આંકડાશાસ્ત્ર
**7.** (D) $360^{o}$
**8.** (A) રેખાકૃતિ
**9.** (B) સ્વતંત્ર ચલ
**10.** (B) પરતંત્ર ચલ
**11.** (A) વિભાજિત સ્તંભ-આકૃતિ
**12.** (A) પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા
**13.** (B) એક્સલ શીટ
**14.** (C) એક્સલ શીટ
**15.** (C) નાણાં મંત્રાલયની વેબસાઈટ

## પ્રકરણ 2

**1.** (A) શ્રીમતિ ઉર્સુલા હિક્સ
**2.** (B) ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતા
**3.** (C) પરિમાણાત્મક પરિવર્તન
**4.** (D) આર્થિક વૃદ્ધિ
**5.** (D) માઈકલ ટોડેરો
**6.** (C) વિકાસની
**7.** (A) સંયુક્ત રાષ્ટ્રસંઘ
**8.** (A) સાપેક્ષ
**9.** (A) વધારો
**10.** (B) 3
**11.** (B) પ્રાણી-જંગલ
**12.** (C) HDI
**13.** (C) 0.348
**14.** (D) HDI
**15.** (D) NSO

## પ્રકરણ 3

**1.** (A) માર્શલ
**2.** (B) માંગપ્રેરિત
**3.** (C) ઘટે છે.
**4.** (D) દાબેલો ફુગાવો
**5.** (A) સિક્કા
**6.** (B) સાટા પદ્ધતિ
**7.** (C) વિનિમયના માધ્યમ તરીકેનું
**8.** (C) પિગુએ
**9.** (A) કેઈન્સ
**10.** (B) નાણાકીય
**11.** (C) બે
**12.** (D) ભાવ વધે છે.
**13.** (A) 70
**14.** (D) ઉત્પાદન-ખર્ચમાં વધારો
**15.** (D) પ્લાસ્ટિક નાણું

## પ્રકરણ 4

**1.** (D) ભાંડ
**2.** (C) નાણાંના ભંડોળ
**3.** (A) ઈ.સ. 1401
**4.** (B) સ્પેઇન
**5.** (D) 5 થી 15 વર્ષ
**6.** (A) ચાલુ
**7.** (D) મુદતી
**8.** (A) વધારો થાય છે.
**9.** (B) 10,000
**10.** (A) 3 ટકાથી 15 ટકા
**11.** (D) મધ્યસ્થ બૅન્ક
**12.** (A) ભારત સરકારનું નાણાખાતું
**13.** (C) R.B.I.
**14.** (B) ભેદભાવયુક્ત વ્યાજના દર
**15.** (D) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર

## પ્રકરણ 5

**1.** (B) માનવવિકાસ
**2.** (D) પાંચમી
**3.** (D) 15.2
**4.** (A) 2100
**5.** (C) 816
**6.** (A) છત્તીસગઢ
**7.** (D) 68
**8.** (B) 39
**9.** (C) સાપેક્ષ ગરીબી
**10.** (D) તેંડુલકર સમિતિ
**11.**(C) ઔદ્યોગીક રોજગારીનો ઉંચોદર
**12.** (A) PMRY
**13.** (B) અસંગઠિત
**14.** (D) 2014
**15.** (C) 2015

## પ્રકરણ 6

**1.** (C) શ્રમ
**2.** (A) ફરજિયાત
**3.** (A) સક્રિય
**4.** (B) 15-64
**5.** (C) ચક્રિય
**6.** (D) ચાર
**7.** (B) 28
**8.** (A) સંપૂર્ણ બેરોજગારી
**9.** (A) 15 થી 25
**10.** (C) પ્રચ્છન્ન
**11.** (A) ઘર્ષણજન્ય
**12.** (B) બેરોજગારી
**13.** (A) MGNREGA
**14.** (C) 1
**15.** (A) DUGJY

## પ્રકરણ 7

**1.** (B) ઈ.સ. 1951
**2.** (C) 121.02 કરોડ
**3.** (D) કેરળ
**4.** (B) 1.64 %
**5.** (C) 940
**6.** (A) બીજા ક્રમે
**7.** (C) દર 10 વર્ષે
**8.** (B) 139.98 કરોડ
**9.** (C) ઈ.સ. 1891
**10.** (D) 36.1 કરોડ
**11.** (A) 68 %
**12.** (C) 7.1
**13.** (C) ઈ.સ. 1921
**14.** (B) 918
**15.** (A) 15-64 વર્ષ

## પ્રકરણ 8

**1.** (A) ખેતી
**2.** (D) 1956
**3.** (B) ખેતી
**4.** (C) 511 ગ્રામ
**5.** (B) 3
**6.** (C) 1975
**7.** (D) 1982
**8.** (B) 49
**9.** (B) બીજી
**10.** (A) બીજક્રાંતિ
**11.** (C) 7
**12.** (A) 15 થી 25
**13.** (C) હરિયાળીક્રાંતિ
**14.** (C) 0.5
**15.** (C) CIBRC
**16.** (D) કપાસ

## પ્રકરણ 9

**1.** (D) લાગણીઓની
**2.** (C) રાષ્ટ્રના નામમાં તફાવત
**3.** (B) ખૂબ ઊંચી
**4.** (A) વિદેશવેપારમાં
**5.** (D) વિદેશવેપાર કરવાની
**6.** (C) પસંદગીઓ તથા મૂલ્યોમાં તફાવત હોવાને કારણે
**7.** (B) 6 ગણો
**8.** (B) 140 ગણો
**9.** (A) 60 ગણો
**10.** (A) વધારે
**11.** (D) ટેક્નોલૉજી
**12.** (D) ખાદ્યવસ્તુઓ
**13.** (A) UK
**14.** (A) એશિયા
**15.** (C) ઘટ્યું

## પ્રકરણ 10

**1.** (A) 25 લાખ
**2.** (D) પાંચ
**3.** (A) ન્યૂઝીલેન્ડ
**4.** (C) સંયુક્ત મૂડીકંપનીઓ
**5.** (C) સંયુક્ત મૂડીકંપની
**6.** (D) અર્ધતૈયાર વસ્તુના ઉદ્યોગ
**7.** (C) પશ્ચિમ બંગાળ
**8.** (A) આઠ
**9.** (C) નાના ઉદ્યોગથી
**10.** (A) જાહેર ક્ષેત્ર
**11.** (B) 27 ટકા
**12.** (B) શ્રમપ્રધાન
**13.** (D) ફિલિપાઇન્સ
**14.** (A) ગૃહઉદ્યોગ
**15.** (C) દૂધની ડેરી

## પ્રકરણ 11

**1.** (B) 1991**2.** (C) $\frac{2}{3}$
**3.** (B) ઉદાર
**4.** (A) 6-14 વર્ષ
**5.** (C) 74.04 %
**6.** (D) 1853
**7.** (A) આંતરિક
**8.** (B) આંતરરાષ્ટ્રીય
**9.** (D) ચીન
**10.** (A) 32
**11.** (C) 79.31
**12.** (D) 63.5 વર્ષ
**13.** (C) સોલાર
**14.** (D) ચોથું
**15.** (A) 1959

# પ્રશ્નપત્રો

## પ્રથમ કસોટી

**કુલ ગુણ : 100** **સમય 3:00 કલાક**

**વિભાગ A**

**નીચે આપેલ પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

**1.** આલેખ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?

(a) અસતત (b) સતત (c) લાંબા (d) ટૂંકા

**2.** ઈ.સ. 2014માં માનવવિકાસ આંકન દૃષ્ટિએ ભારતનો ક્રમ કેટલામો હતો ?

(a) 130 (b) 135 (c) 127 (d) 125

**3.** ફુગાવો એ કેવી ઘટના છે ?

(a) રાજકીય (b) સામાજિક (c) નાણાકીય (d) કુદરતી

**4.** RBI વેપારી બૅન્કો પાસેથી અત્યંત ટૂંકા સમય માટે ધિરાણ લે તે દરને શું કહેવાય ?

(a) બૅન્ક રેટ (b) રેપો રેટ (c) રિવર્સ રેપોરેટ (d) મની રેટ

**5.** સરકારે કાયદા દ્વારા વધતા ભાવોને અટકાવ્યા હોય, તો તેવો ભાવવધારો કયા પ્રકારનો ફુગાવો કહેવાય ?

(a) ખુલ્લો ફુગાવો (b) દાબેલો ફુગાવો (c) દોડતો ફુગાવો (d) ચાલતો ફુગાવો

**6.** રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાની (RBI) સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(a) 1935 (b) 1950 (c) 1955 (d) 1975

**7.** ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ ગ્રામ્યક્ષેત્રે વ્યક્તિના ખોરાકમાં ન્યૂનતમ દૈનિક કેટલી કૅલરી નક્કી કરી છે ?

(a) 2100 (b) 2400 (c) 3400 (d) 3000

**8.** વર્ષ 2013 માં ભારતમાં સૌથી વધુ ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(a) ગોવા (b) કેરળ (c) બિહાર (d) છત્તીસગઢ

**9.** સક્રિય શ્રમના પુરવઠામાં સામાન્ય રીતે કયા વર્ષની વયજૂથમાં હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે ?

(a) 15 થી 25 (b) 15 થી 64 (c) 20 થી 75 (d) 30 થી 50

**10.** ભારતમાં છૂપી બેરોજગારી કયા ક્ષેત્રે વધુ જોવા મળે છે ?

(a) ઉદ્યોગ (b) ખેતી (c) સેવા (d) શિક્ષણ

## વિભાગ B

**નીચે આપેલ પ્રશ્ન ક્રમાંક 11 થી 20 પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** [10]

**11.** આકૃતિ એટલે શું ?

**12.** વૃતાંશ શોધવાનું સૂત્ર જણાવો.

**13.** માથાદીઠ આવકનો અર્થ જણાવો.

**14.** અપેક્ષિત આયુષ્ય એટલે શું ?

**15.** માર્શલના મતે નાણાંનો અર્થ જણાવો.

**16.** વેપારી બૅન્કની મુખ્ય થાપણોના પ્રકારો જણાવો.

**17.** નિરપેક્ષ ગરીબી કોને કહેવાય ?

**18.** વર્ષ 2014 માં ભારતમાં બાળમૃત્યુદર કેટલો હતો ?

**19.** બેરોજગારીનો અર્થ જણાવો.

**20.** ચક્રીય બેરોજગારી કોને કહેવાય ?

## વિભાગ C

**નીચેના 21 થી 34 સુધીના પ્રશ્નોના ટૂંકમા ઉત્તર લખો. દરેકના 2 ગુણ છે.** [28]

**21.** સ્તંભ-આકૃતિનો અર્થ આપી તેના ત્રણ પ્રકારો જણાવો.

**22.** ઈન્ટરનેટ વાપરવા સામેનાં ભયસ્થાનો જણાવો.

**23.** આર્થિક વિકાસના નિર્દેશકો જણાવો.

**24.** જીવનની ભૌતિક ગુણવત્તા આંકમાં કેટલા અને કયાં ઘટકોનો સમાવેશ થાય છે ?

**25.** નાણાંના પ્રકારો જણાવો.

**26.** માંગપ્રેરિત ફુગાવાનો અર્થ જણાવો.

**27.** ફુગાવા માટેનાં જવાબદાર અન્ય કારણો જણાવો.

**અથવા**

ફુગાવાનાં લક્ષણો જણાવો.

**28.** ખર્ચપ્રેરિત ફુગાવાનો અર્થ આપો.

**અથવા**

નાણાંનાં કાર્યો જણાવો.

**29.** રેપો રેટનો અર્થ જણાવો.

**30.** બૅન્ક રેટનો અર્થ સ્પષ્ટ કરો.

**31.** ગરીબીરેખાનો અર્થ સ્પષ્ટ કરો.

**32.** જનધન યોજનાની ટૂંકમાં માહિતી આપો.

**33.** ઘર્ષણજન્ય બેરોજગારીનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

**34.** પ્રધાનમંત્રી કૃષિસિંચાઈ યોજના ક્યારે અને કયા ઉદ્દેશથી શરૂ કરવામાં આવી ?

## વિભાગ D

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 35 થી 43 સુધીના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [27]

**35.** આકૃતિ અને આલેખ દોરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તે જણાવો.

**36.** અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પેક્ટ ડિસ્ક (CD)નો ઉપયોગ સમજાવો.

**37.** આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત સમજાવો.

**અથવા**

માનવવિકાસ આંકનો ખ્યાલ સમજાવો.

**38.** આર્થિક વિકાસનાં લક્ષણો જણાવો.

**39.** સાટાપ્રથાનો અર્થ આપી તેની કોઈપણ બે મુશ્કેલીઓ સમજાવો.

**અથવા**

વેપારી બૅન્કની શાખસર્જનની કામગીરી સમજાવો.

**40.** રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા (RBI)નાં નાણાકીય કાર્યો સમજાવો.

**41.** સાપેક્ષ ગરીબીનો ખ્યાલ સમજાવો.

**અથવા**

ગરીબી માટેનાં અન્ય કારણો સમજાવો.

**42.** શ્રી રાજકૃષ્ણ સમિતિએ બેરોજગારીના પ્રકારો માટે આપેલા માપદંડો સમજાવો.

**43.** બેરોજગારીની સમસ્યા નિવારવા માટેની 'મનરેગા' યોજના વિશે માહિતી આપો.

## વિભાગ E

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 44 થી 48 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** [25]

**44.** વેપારી બૅન્કનાં કાર્યો વિગતે સમજાવો.

**અથવા**

નાણાકીય નીતિનાં પરિમાણાત્મક સાધનોનો વિગતે પરિચય આપો.

**45.** ગરીબીના કોઈપણ પાંચ નિર્દેશકો સમજાવો.

**અથવા**

ગરીબીનાં આર્થિક અને સામાજિક કારણો વિગતે સમજાવો.

**46.** ભારતમાં ઉદ્‌ભવતી બેરોજગારીનાં કોઈ પણ પાંચ કારણો વિગતે સમજાવો.

**47.** ભારતમાં બેરોજગારીની સમસ્યા હલ કરવાના કોઈ પણ પાંચ ઉપાયો વિગતે સમજાવો.

**48.** ભારતમાં ગરીબીવિષયક નીચેની માહિતીને પાસપાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરોઃ

| ગરીબી | 2004-05 (ટકામાં) | 2011-12 (ટકામાં) |
|---|---|---|
| ગ્રામ્યક્ષેત્રે | 41.8 | 25.7 |
| શહેરીક્ષેત્રે | 25.7 | 13.7 |

●

| | | |
|---|---|---|
| કુલ ગુણ : 100 | **વાર્ષિક પરીક્ષા-પ્રશ્નપત્ર-1** | **સમય 3:00 કલાક** |

**સૂચનાઓ :**
(1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 48 પ્રશ્નો છે.
(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(3) પ્રશ્નની સામે લખેલ ગુણ અંક દર્શાવે છે.
(4) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
(5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ A

**નીચે આપેલ પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

**1.** આલેખ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?

(a) સતત (b) અસતત (c) વિસ્તાર (d) આદર્શ

**2.** 'આર્થિક વિકાસ એ બહુપરિમાણીય પ્રક્રિયા છે' - આ વ્યાખ્યા કોણે આપેલ છે ?

(a) શ્રીમતિ ઉર્સુલા હિક્સ (b) મેકલપ (c) જી.એમ. મેયર (d) માઈકલ ટોડેરો

**3.** HDR 2014 માં નાઈઝરનો HDI કેટલો હતો ?

(a) 0.538 (b) 0.188 (c) 0.348 (d) 0.609

**4.** નાણાવાદીઓ ફુગાવાને કેવી ઘટના માને છે ?

(a) સામાજિક (b) નાણાકીય (c) રાજકીય (d) માનસિક

**5.** સંસ્કૃત ભાષા પ્રમાણે બૅન્ક શબ્દનો અર્થ શું થાય ?

(a) નાણાંનો પુરવઠો (b) મૂડીનો જથ્થો (c) મૂડીરોકાણ (d) વ્યવસાય

**6.** વર્ષ 2013 માં ભારતમાં સૌથી ઓછી ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(a) ગુજરાત (b) રાજસ્થાન (c) ગોવા (d) બિહાર

**7.** અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી ઉદ્ભવે છે ?

(a) મોસમી (b) શિક્ષિત (c) ચક્રીય (d) પ્રછન્ન

**8.** બેરોજગારીનો ખ્યાલ શ્રમના કયા પુરવઠાના સંદર્ભમાં જ સમજાવામાં આવે છે ?

(a) સક્રિય (b) નિષ્ક્રિય (c) અશક્ત (d) બાળકો

**9.** નીચેનામાંથી કઈ બાબત વેપારને લાગુ પડતી નથી ?

(a) વિનિમયની (b) ધંધાની (c) નફાની (d) લાગણીઓની

**10.** ONGC ની સ્થાપના કયા વર્ષમા કરવામાં આવી હતી ?

(a) 1947 (b) 1951 (c) 1955 (d) 1959

## વિભાગ B

**નીચે આપેલ પ્રશ્ન ક્રમાંક 11 થી 20 પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

**11.** પારિભાષિક શબ્દ સમજાવો : આલેખ

**12.** આજના યુગમાં કમ્પ્યૂટરના મોટા ભાગના બધાં જ કાર્યો કોના દ્વારા પણ થઈ શકે છે ?

**13.** આર્થિક વૃદ્ધિ કેવા પ્રકારનું પરિવર્તન છે ?

**14.** શાખસર્જનનું સૂત્ર જણાવો.

**15.** CORE નું પૂરું નામ આપો.

**16.** સાપેક્ષ ગરીબીને માપવા માટે કઈ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે ?

**17.** નિરપેક્ષ ગરીબી કોને કહેવાય ?

**18.** ઘર્ષણજન્ય બેરોજગારીનો અર્થ જણાવો.

**19.** ટચુકડા ઉદ્યોગો કોને કહેવાય ?

**20.** પારિભાષિક શબ્દ સમજાવો : શહેરીકરણ

## વિભાગ C

**નીચેના 21 થી 34 સુધીના પ્રશ્નોના ટૂંકમા ઉત્તર લખો. દરેકના 2 ગુણ છે.** **[28]**

**21.** આકૃતિના ઉપયોગો જણાવો.

**22.** 2015 ના માનવવિકાસ અહેવાલનાં તારણો જણાવો.

**23.** જીવનની ભૌતિક ગુણવત્તામાં સમાવિષ્ટ ઘટકો જણાવો.

**24.** ફુગાવાનાં લક્ષણો જણાવો.

**25.** વિકાસલક્ષી સ્થળાંતર કોને કહેવાય ?

**26.** ઝડપથી વધતા જતા ભાવો ગરીબીમાં કઈ રીતે વધારો કરે છે ?

**અથવા**

ગરીબીરેખા એટલે શું ?

**27.** દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજનાનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

**28.** 'ભારતમાં વસ્તીવૃદ્ધિનો ઊંચો દર બેરોજગારી માટે જવાબદાર છે' સમજાવો.

**અથવા**

ભારતમાં કયાં કારણોસર શ્રમની ગતિશીલતામાં અવરોધ સર્જાય છે ?

**29.** કુટુંબનિયોજનનો અર્થ આપો.

**30.** ICAR નામની સંસ્થા કૃષિક્ષેત્ર માટે કઈ-કઈ પ્રવૃત્તિઓ કરે છે ?

**31.** વેપારતુલા અને લેણદેણનૂ તુલા વચ્ચેના તફાવતના બે મુદ્દાઓ જણાવો.

**32.** ભારતનો વિશ્વવેપારમાં હિસ્સો જણાવો.

**33.** ખેતીના આધુનિકરણમાં ઉદ્યોગો કઈ રીતે મદદરૂપ બને છે ?

**34.** પારિભાષિક શબ્દ સમજાવો : સમતોલ આર્થિક વિકાસ

## વિભાગ D

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 35 થી 43 સુધીના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [27]

**35.** આકૃતિ અને આલેખ દોરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**36.** માનવવિકાસ આંકનાં ઘટકો ટૂંકમાં સમજાવો.

**37.** ટૂંક નોંધ લખો : ભારતમાં વેપારી બૅન્કોનું અસ્તિત્વ

**અથવા**

વેપારી બૅન્કના ખાતા વિશે સમજાવો.

**38.** પ્રછન્ન બેરોજગારી એટલે શું ? ઉદાહરણ સાથે સમજાવો.

**39.** ભારતમાં નીચા મૃત્યુદરનાં કારણો સમજાવો.

**40.** 'ભારતમાં કૃષિક્ષેત્ર અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે'- સમજાવો.

**41.** વિદેશવેપારની પ્રવર્તમાન સ્થિતિ દર્શાવો.

**અથવા**

વિદેશવેપાર માટેના ગમે તે ત્રણ કારણ ચર્ચો.

**42.** મૂડીરોકાણના કદ આધારે ઔદ્યોગિક માળખું સમજાવો.

**43.** ટૂંક નોંધ લખો : પેટ્રોલિયમ

**અથવા**

શિક્ષણનું મહત્ત્વ જણાવો.

## વિભાગ E

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 44 થી 48 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** [25]

**44.** નાણાંનો ઉદ્ભવ અને વિકાસ જણાવી નાણાંનાં કાર્યો ચર્ચો.

**45.** ગરીબીના કોઈપણ પાંચ નિર્દેશકો ચર્ચો.

**અથવા**

ભારતમાં ગરીબીનાં આર્થિક કારણો ચર્ચો.

**46.** ભારતમાં જાતિપ્રમાણ (દર 1000 પુરુષોએ સ્ત્રીની સંખ્યા)ની ચર્ચા કરો.

**અથવા**

ભારતમાં ઊંચા જન્મદર માટેનાં કારણોની ચર્ચા કરો.

**47.** ભારતમાં કૃષિક્ષેત્રનું મહત્ત્વ સ્પષ્ટ કરતા પાંચ મુદ્દા ચર્ચો.

**48.** નીચે આપેલ આંકડાકીય માહિતીને પાસપાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરોઃ

| વર્ષ | ભારતમાં સાક્ષરતા (ટકામાં) | ગુજરાતમાં સાક્ષરતા (ટકામાં) |
|---|---|---|
| **1981** | 44 | 45 |
| 1991 | 52 | 61 |
| 2001 | 65 | 69 |
| 2011 | 74 | 79 |

●

| કુલ ગુણ : 100 | **વાર્ષિક પરીક્ષા-પ્રશ્નપત્ર-2** | સમય 3:00 કલાક |
|---|---|---|

**સૂચનાઓ :**
(1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 48 પ્રશ્નો છે.
(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(3) પ્રશ્નની સામે લખેલ ગુણ અંક દર્શાવે છે.
(4) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
(5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ A

**નીચે આપેલ પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** [10]

**1.** આર્થિક માહિતી અંગેની ડેટા CD કોણ તૈયાર કરે છે ?

(a) ખાનગી પ્રકાશકો (b) શાળાઓ

(c) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો સરકાર વગેરે. (d) સામાન્ય વ્યક્તિઓ

**2.** આર્થિક વૃદ્ધિનો પ્રશ્ન મુખ્યત્વે કેવા રાષ્ટ્રોના પ્રશ્નો સાથે સંકળાયેલો છે ?

(a) વિકસિત (b) વિકાસશીલ (c) પછાત દેશો (d) ત્રીજા વિશ્વના દેશો

**3.** 2014માં માનવવિકાસ આંકની દૃષ્ટિએ વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવનાર દેશ કયો હતો ?

(a) જાપાન (b) નોર્વે (c) અમેરિકા (d) ભારત

**4.** ફુગાવાની સાચી સ્થિતિ અર્થતંત્રમાં સાધનોની પૂર્ણ રોજગારી બાદ ભાવ વધે ત્યારે સર્જાય છે. આવું કયા અર્થશાસ્ત્રી માને છે ?

(a) માર્શલ (b) ક્રાઉથર (c) કેઈન્સ (d) પિગુ

**5.** નાણાકીય નીતિ ઘડવાનું કાર્ય કોણ કરે છે ?

(a) કેન્દ્ર સરકાર (b) વેપારી બૅન્કો (c) રાજ્ય સરકાર (d) મધ્યસ્થ બૅન્ક

**6.** શિક્ષિત બેરોજગારોને મદદ કરવાના હેતુથી કઈ યોજના શરૂ કરવામાં આવી ?

(a) PMRY (b) DWCRA (c) SITRA (d) IRDP

**7.** ભગવતી સમિતિ કઇ સમસ્યાના અભ્યાસ માટે રચાઈ હતી ?

(a) ગરીબી (b) બેરોજગારી (c) વસ્તી (d) પ્રદૂષણ

**8.** ઈ.સ. 2011 માં ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ?

(a) 940 (b) 918 (c) 932 (d) 921

**9.** NABARD ની સ્થાપના કયા વર્ષમાં થઈ ?

(a) 1970 (b) 1982 (c) 1990 (d) 1995

**10.** આજના સમયમાં વિશ્વમાં સૌથી વધુ શહેરીકરણ કયા દેશમાં થઈ રહ્યું છે ?

(a) અમેરિકા (b) કૅનેડા (c) ભારત (d) ચીન

## વિભાગ B

**નીચે આપેલ પ્રશ્ન ક્રમાંક 11 થી 20 પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** [10]

**11.** આલેખ દોરવા અને સમજવા માટે કયા શાસ્ત્રનું જ્ઞાન જરૂરી બને છે ?

**12.** પૂર્ણ નામ આપો : NSSO

**13.** આર્થિકવિકાસને કારણે શ્રમની ગતિશીલતામાં શું પરિવર્તન આવે છે ?

**14.** પારિભાષિક શબ્દ સમજાવો : કુપોષણ

**15.** ગરીબીના અર્થઘટનોને કયા બે વિભાગોમાં વહેંચી શકાય.

**16.** વસ્તીવિસ્ફોટનો અર્થ આપો.

**17.** ICAR નું પૂરું નામ આપો.

**18.** શ્રમપ્રધાન ઉત્પાદનપદ્ધતિ એટલે શું ?

**19.** લેણદેણ તુલામાં ખાદ્ય છે એમ કયારે કહેવાય ?

**20.** WHO એ આપેલી આરોગ્યની વ્યાખ્યા આપો.

## વિભાગ C

**નીચેના 21 થી 34 સુધીના પ્રશ્નોના ટૂંકમા ઉત્તર લખો. દરેકના 2 ગુણ છે.** [28]

**21.** આકૃતિના પ્રકારો જણાવો.

**22.** માનવવિકાસ આંકની મર્યાદાઓ જણાવો.

**23.** વિધાન સમજાવો - ‘‘નાણાંના પુરવઠામાં વધારો ફુગાવાનું સર્જન કરે છે.’’

**24.** રેપો રેટ અને રિવર્સ રેપો રેટ એટલે શું ?

**25.** ગ્રાહકોના એજન્ટ તરીકે વેપારી બૅન્ક કઈ સેવાઓ પૂરી પાડે છે ?

**26.** FAO નું પૂરું નામ આપી તેનું કાર્ય જણાવો.

**અથવા**

પ્રધાનમંત્રી સુરક્ષા યોજના - સમજાવો.

**27.** બેરોજગારીનું સ્વરૂપ જાણવા માટે શ્રી રાજકૃષ્ણ સમિતિએ રજૂ કરેલા માપદંડોનાં માત્ર નામ જણાવો.

**28.** ભારતમાં બેરોજગારીના અભ્યાસ માટે રચાયેલ કઈ સમિતિઓએ વધારેપડતા યાંત્રીકરણનો વિરોધ કર્યો હતો ?

**29.** પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજનાનો મુખ્ય હેતુ કયો હતો ?

**30.** આંતરિકવેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચે તફાવતના કોઈ પણ બે મુદ્દા સમજાવો.

**31.** વિશ્વના વિવિધ પ્રદેશોનો ભારતની વસ્તુઆયાતોમાં ટકાવારી હિસ્સો દર્શાવો.

**અથવા**

પારિભાષિક શબ્દ સમજાવો : 'વેપારનું કદ'

**32.** ઉત્પાદિત વસ્તુના સ્વરૂપના આધારે ઉદ્યોગોના પ્રકારો જણાવો.

**33.** ઔદ્યોગિકીકરણથી સામાજિક માળખામાં કયા અને કેવા ફેરફારો થાય છે ?

**34.** શહેરીકરણ કયા ત્રણ પ્રકારે થાય છે તે સમજાવો.

## વિભાગ D

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 35 થી 43 સુધીના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [27]

**35.** આકૃતિ અને આલેખ વચ્ચેનો તફાવત સમજાવો.

**36.** રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના બિનનાણાકીય કાર્યો સમજાવો.

**અથવા**

વેપારીબૅન્ક અને મધ્યસ્થ બૅન્ક વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**37.** ભારતમાં બચત અને મૂડીરોકાણનો નીચો દર બેરોજગારી માટે કઈ રીતે જવાબદાર છે ? સમજાવો.

**38.** ભારતમાં ઊંચા જન્મદર માટેનાં સામાજિક કારણો સમજાવો.

**અથવા**

ભારતમાં વસ્તીનિયત્રંણના કોઈ પણ ત્રણ ઉપાયો ચર્ચો.

**39.** 'કૃષિક્ષેત્રની નિષ્ફળતા ઔદ્યોગિક ક્ષેત્રને નિષ્ફળતા અપાવે છે' સમજાવો.

**40.** લેણ-દેણની તુલાના ચાલુ ખાતા અને મૂડીખાતા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**41.** ઉદ્યોગોનું મહત્ત્વ સ્પષ્ટ કરતા ત્રણ મુદ્દાઓ સમજાવો.

**અથવા**

માલિકીના આધારે ઔદ્યોગિક માળખું સમજાવો.

**42.** સ્થળાંતરના પ્રકારો સમજાવો.

**43.** શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો ટૂંકમાં સમજાવો.

## વિભાગ E

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 44 થી 48 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** [25]

**44.** આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માનવવિકાસ આંકની ચર્ચા કરો.

**45.** ફુગાવાનો અર્થ આપી તેનાં મુખ્ય કારણો ચર્ચો.

**અથવા**

સાટાપ્રથાનો અર્થ આપી સાટાપ્રથાની મર્યાદાઓ સમજાવો.

**46.** ભારતમાં ગરીબી ઘટાડવાના કોઈ પણ પાંચ ઉપાયો સમજાવો.

**47.** ભારતમાં ખેત-ઉત્પાદકતા વધારવાના ટેક્નોલોજિકલ સુધારાઓ ચર્ચો.

**અથવા**

ભારતમાં નીચી ખેત-ઉત્પાદકતા માટેના જવાબદાર સંસ્થાકીય અને ટેક્નોલોજિકલ પરિબળો સમજાવો.

**48.** ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી(કરોડમાં)ની નીચે આપેલ માહિતીને પાસપાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરોઃ

| ગરીબી | 1901 | 1951 | 1981 | 2011 |
|---|---|---|---|---|
| ગ્રામીણ વસ્તી(કરોડમાં) | 21.2 | 29.9 | 52.4 | 83.2 |
| શહેરી વસ્તી(કરોડમાં) | 2.6 | 6.2 | 15.9 | 38.0 |

●

| કુલ ગુણ : 100 | વાર્ષિક પરીક્ષા-પ્રશ્નપત્ર-3 | સમય 3:00 કલાક |
|---|---|---|

**સૂચનાઓ :**
(1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 48 પ્રશ્નો છે.
(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(3) પ્રશ્નની સામે લખેલ ગુણ અંક દર્શાવે છે.
(4) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
(5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ A

**નીચે આપેલ પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** [10]

**1.** આલેખ દોરવા અને સમજવા માટે કયા શાસ્ત્રનું જ્ઞાન હોવું જરૂરી બને છે ?

(a) ગણિતશાસ્ત્ર (b) અર્થશાસ્ત્ર (c) આંકડાશાસ્ત્ર (d) સમાજશાસ્ત્ર

**2.** માનવવિકાસના આંકનું મૂલ્ય કેટલું હોય છે ?

(a) શૂન્ય (b) શૂન્યથી એકની વચ્ચે (c) એક (d) સો

**3.** સામાન્ય રીતે કઈ પ્રક્રિયા શરૂઆતમાં ઝડપી હોય છે પણ સમય જતા ધીમી પડે છે ?

(a) ફુગાવાની (b) મૂડીરોકાણની (c) વિકાસની (d) વૃદ્ધિની

**4.** 'વસ્તુઓ અને સેવાઓના બદલામાં જે સર્વસ્વીકૃતિ છે તે નાણું છે' નાણાંની આ વ્યાખ્યા કોણે આપેલી છે ?

(a) રોબર્ટ્સન (b) માર્શલ (c) કેઈન્સ (d) પિગુ

**5.** વિશ્વની સૌપ્રથમ બૅન્ક કયા વર્ષમાં સ્થપાયેલી હતી ?

(a) ઈ.સ. 1601 (b) ઈ.સ.1201 (c) ઈ.સ.1570 (d) ઈ.સ.1401

**6.** ભારતમાં કઈ પંચવર્ષીય યોજનાથી ગરીબીનાબૂદી માટેની વ્યૂહ રચના હેઠળ ખાસ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા ?

(a) બીજી (b) ચોથી (c) ત્રીજી (d) પાંચમી

**7.** કોને માપવા માટે લોરેન્જવક્રનો ઉપયોગ થાય છે ?

(a) નિરપેક્ષ ગરીબી (b) બેરોજગારીનો દર (c) સાપેક્ષ ગરીબી (d) ફુગાવાનો દર

**8.** બેરોજગારીનું સ્વરૂપ કે પ્રકારો જાણવા શ્રી રાજકૃષ્ણ સમિતિએ કેટલા માપદંડો રજૂ કર્યા છે ?

(a) બે (b) પાંચ (c) ત્રણ (d) ચાર

**9.** ઈ.સ. 2011માં ભારતમાં મૃત્યુદરનું પ્રમાણ કેટલું હતું ?

(a) 9.1 (b) 6.1 (c) 7.1 (d) 8.1

**10.** વર્તમાન દાયકામાં કયા પ્રકારની આયાતોમાં નોંધપાત્ર ઘટાડો થવાથી ભારતે સ્વનિર્ભરતા પ્રાપ્ત કરી છે ?

(a) ખનીજ તેલ (b) મશીનો (c) સ્પેરપાર્ટ્સ (d) ખાદ્યવસ્તુઓ

## વિભાગ B

**નીચે આપેલ પ્રશ્ન ક્રમાંક 11 થી 20 પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** [10]

**11.** આલેખ કેટલા ચતુર્થાંશ પર ફેલાઈ શકે છે ?

**12.** પૂર્ણ નામ આપો : CSO

**13.** ઓછા વજનવાળાં બાળકોની ટકાવારીને કઈ બાબત માટે ધ્યાનમાં લેવાય છે ?

**14.** ભારતની મધ્યસ્થ બૅન્ક બીજા કયા નામે ઓળખાય છે ?

**15.** DEMAT ખાતું એટલે શું ?

**16.** નિરપેક્ષ ગરીબી બીજા કયા નામે ઓળખાય છે ?

**17.** અર્ધબેરોજગારીનો અર્થ જણાવો.

**18.** દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાનો મુખ્ય હેતુ જણાવો.

**19.** જન્મદરનું સૂત્ર જણાવો.

**20.** ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તાર (SEZ)નો અમલ ક્યારથી થયો ?

## વિભાગ C

**નીચેના 21 થી 34 સુધીના પ્રશ્નોના ટૂંકમા ઉત્તર લખો. દરેકના 2 ગુણ છે.** [28]

**21.** સ્તંભ-આકૃતિ કોને કહેવાય ?

**22.** જીવનની ભૌતિક ગુણવત્તા એટલે શું ?

**23.** માથાદીઠ આવક વૃદ્ધિદરના નિર્દેશકની બે મર્યાદા સમજાવો.

**24.** કરવેરાની નીતિ કઈ રીતે ફુગાવા માટે જવાબદાર બની શકે છે ?

**25.** પ્રધાનમંત્રી જનધન યોજનાનો હેતુ જણાવો.

**અથવા**

નિરપેક્ષ ગરીબી માપવાનું આંતરરાષ્ટ્રીય ધોરણ સમજાવો.

**26.** સંપૂર્ણ કે ખુલ્લી બેરોજગારીને માપવાની પ્રચલિત પદ્ધતિઓ કેટલી અને કઈ કઈ છે ?

**27.** ભારતમાં બેરોજગારીની સમસ્યા નિવારવા માટે કયા રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા ?

**28.** પરંપરાગત ખેતી અને આધુનિક ખેતીના તફાવતના બે મુદ્દા જણાવો.

**29.** હરિયાળી ક્રાંતિનો અર્થ આપો.

**અથવા**

કૃષિક્ષેત્રે કયાં યંત્રોની શોધને કારણે વર્ષમાં એકથી વધુ પાક લેવાનું શક્ય બન્યું ?

**30.** પારિભાષિક શબ્દ સમજાવો : હૂંડિયામણનો દર

**31.** આંતરરાષ્ટ્રીય વેપારમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણની ભૂમિકા સમજાવો.

**32.** ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તારોની રચના કોના દ્વારા થઈ શકે છે ?

**33.** પારિભાષિક શબ્દ સમજાવો : પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ

**34.** વીજળીક્ષેત્ર સામેના પડકારો જણાવો.

## વિભાગ D

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 35 થી 43 સુધીના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [27]

**35.** વૃતાંશ આકૃતિ વિશે ટૂંક નોંધ લખો.

**36.** આર્થિકવૃદ્ધિ અને આર્થિકવિકાસ વચ્ચેના તફાવતના ત્રણ મુદ્દા જણાવો.

**37.** 'જાહેરક્ષેત્રની બિનકાર્યક્ષમતા દેશમાં વધતી જતી બેરોજગારીનું કારણ છે'. સમજાવો.

**38.** ભારતમાં ઊંચા જન્મદર માટેનાં સામાજિક કારણો સમજાવો.

**39.** ભારતમાં કૃષિસંશોધન વિશે ચર્ચા કરો.

**40.** ભારતમાં કૃષિક્ષેત્રનું મહત્ત્વ સમજાવતા ત્રણ મુદ્દા સમજાવો.

**41.** ભારતના વિદેશવેપારનું કદ સમજાવો.

**અથવા**

લેણદેણની તુલાનો અર્થ આપી લેણદેણની તુલાને અસર કરતાં પરિબળો જણાવો.

**42.** વિશિષ્ટ આર્થિક વિસ્તારનું મહત્ત્વ સમજાવો.

**અથવા**

નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ સ્પષ્ટ કરતા કોઈ પણ ત્રણ મુદ્દા સમજાવો.

**43.** ભારતમાં રેલવેનો વિકાસનો ખ્યાલ સમજાવો.

**અથવા**

ભારતમાં આરોગ્યની સ્થિતિ વિશે માહિતી આપો.

## વિભાગ E

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 44 થી 48 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

**44.** ફુગાવાનાં કારણોની વિસ્તૃત સમજૂતિ આપો.

**45.** રિઝર્વબૅન્ક ઑફ ઇન્ડિયાની નાણાંકિયનીતિના પરિમાણાત્મક સાધનો સવિસ્તર સમજાવો.

**અથવા**

વેપારી બૅન્કના શાખસર્જનની કામગીરી ઉદાહરણ સહિત સમજાવો.

**46.** ભારતમાં વસ્તીનિયંત્રણના ઉપાયો વિગતે સમજાવો.

**47.** સ્થળાંતરનાં કારણો ચર્ચો.

**અથવા**

શહેરીકરણનો અર્થ આપી શહેરીકરણની ગમે તે બે હકારાત્મક અને ગમે તે બે નકારાત્મક અસરો સમજાવો.

**48.** નીચે આપેલ આંકડાકીય માહિતીને સમય આધારિત રેખાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરોઃ

| વર્ષ | 1990-92 | 2000-02 | 2005-07 | 2010-12 | 2014-16 |
|---|---|---|---|---|---|
| **ભારતમાં કુલ કુપોષિત વ્યક્તિઓનું પ્રમાણ (%)** | 23.7 | 17.5 | 20.5 | 15.6 | 15.2 |

• • •